અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

30 APRIL-2026 THURSDAY | Vol. : 17 | Issue : 297 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

પ્રધાનમંત્રી મોદીએ કર્યું ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન

4

વિશ્વના 100 ગરમ શહેરોમાંથી 95 ભારતના

6

પંજાબ-રાજસ્થાનની મેચમાં અકસ્માત, મોં પર બૉલ વાગતા વૃદ્ધ લોહીલુહાણ!

7

સોના-ચાંદીના ભાવમાં તેજી: ચાંદી ₹2,370 મોંઘી થઈને ₹2.39 લાખ પ્રતિ કિલો પર પહોંચી, 10 ગ્રામ સોનું ₹1.49 લાખનું થયું

### વડાપ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટી પર કર્યા આકરા પ્રહારો

# સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે: PM

## ઉત્તર પ્રદેશનાના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છે : વડાપ્રધાન મોદી

**લખનૌ, તા.29**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરવા ઉત્તર પ્રદેશના હરદોઈ પહોંચ્યા હતા, જ્યાં તેઓએ ગંગા એક્સપ્રેસ હાઈવેનું ઉદ્ઘાટન કર્યા બાદ એક સભાને સંબોધતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૭માં યોજાનારી યુપી વિધાનસભાની ચૂંટણી માટે લક્ષ્ય પણ નક્કી કરી દીધું.



પીએમ મોદીએ કહ્યું કે, આપણું ઉત્તર પ્રદેશ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણની પવિત્ર ભૂમિ છે, પરંતુ પાછલી સરકારોએ પોતાની કરતૂતોને કારણે યુપીની ઓળખ અપરાધ અને જંગલરાજની બની ગઈ હતી.

યુપીના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી. પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છે.

નારી શક્તિ વંદન સંશોધન બિલનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, 'સંસાધનોની આડેધડ વહેંચણી કરનાર સપાના હાથમાંથી સત્તા ચાલી ગઈ છે, તેથી તેમને ઉત્તર પ્રદેશની આ પ્રગતિ જરાય પસંદ નથી આવતી. તેઓ એક વાર ફરી યુપીને જૂના સમયમાં ધકેલવા માંગે છે અને રાજ્યને જાતિમાં વહેંચવા માંગે છે. સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે. તેથી જ તેણે સંસદમાં મહિલાઓના અધિકારના બિલને પાસ થવા દીધું ન હતું.'

પીએમ મોદીએ કહ્યું કે, તાજેતરમાં જ દેશના લોકોએ એક વાર ફરી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો અસલી ચહેરો જોયો છે. કેન્દ્ર સરકાર સંસદમાં નારી શક્તિ વંદન સંશોધન બિલ લાવી. જો આ બિલ પાસ થઈ ગયું હોત તો ૨૦૨૯ની ચૂંટણીઓથી મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં અનામત મળેત. મોટી સંખ્યામાં અમારી માતાઓ અને બહેનો સંસદ અને વિધાનસભામાં પહોંચી શકેત, તે પણ અન્ય કોઈ વર્ગની સીટો ઘટાડ્યા વગર. પરંતુ સપાએ આ સુધારાની વિરુદ્ધ મત આપ્યો.'

તેમણે કહ્યું કે, 'આ બિલથી રાજ્યોની સીટો પણ વધેત. અમે સ્પષ્ટ કહ્યું હતું કે તમામ રાજ્યોની સીટો એકસરખા પ્રમાણમાં વધશે. પરંતુ યુપીને ગાળો આપીને રાજકારણ કરનારી ડીએમકે જેવી પાર્ટીઓને વાંધો હતો કે યુપીની સીટો કેમ વધશે? સમાજવાદી પાર્ટી પણ સંસદમાં તેમના સાથે સૂરમાં સૂર મિલાવી રહી હતી. આ સપાવાળા તમારા વોટ લઈને સંસદમાં જાય છે અને સંસદમાં યુપીના લોકોને ગાળો આપનારાઓની સાથે ઊભા રહી જાય છે. તેથી જ યુપીના લોકો કહે છે કે સપાવાળા ક્યારેય ન સુધરે. તેઓ મહિલા વિરોધી રાજકારણ જ કરે છે. સમાજવાદી પાર્ટી કુટુંબવાદ અને જાતિવાદથી ઉપર ઊઠી શકતી નથી. યુપીએ સમાજવાદી પાર્ટી અને તેના સાથીઓથી સાવધાન રહેવું પડશે.'

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે એટલે કે ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ગંગા એક્સપ્રેસવે, દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે, રેપિડ રેલ જેવા મોટા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સામે એક મોટું લક્ષ્ય નક્કી કરી દીધું છે. બીજી તરફ, નારી શક્તિ વંદન સંશોધન બિલ પર પણ ભાજપ વિરોધીઓને સતત ઘેરી રહ્યું છે. આવી સ્થિતિમાં ભાજપે યુપી વિધાનસભા ચૂંટણી માટે એક મોટું લક્ષ્ય સેટ કરી દીધું છે, જ્યાં સુધી પહોંચવું સપા અને કોંગ્રેસ માટે ખૂબ જ મુશ્કેલ સાબિત થવાનું છે.

### બંગાળમાં બીજા તબક્કામાં 92% મતદાન: ઉત્તર 24 પરગણામાં TMC-ભાજપના કાર્યકરો વચ્ચે હિંસા

**કોલકાતા, તા.29**

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની 142 બેઠકો પર મતદાન પૂર્ણ થઈ ગયું છે. સાંજે 7 વાગ્યા સુધી 91.79% મતદાન થયું છે. આ આંકડો હજુ વધી શકે છે. મતદાન દરમિયાન ઘણી જગ્યાએ હિંસા, અથડામણ, લાઠીચાર્જ અને EVM સાથે છેડછાડની ઘટનાઓ સામે આવી છે. નોર્થ 24 પરગણાના અરવિંદ રેલીમાં TMC અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. બંને પક્ષના કાર્યકરોએ એકબીજા પર લાકડીઓ વડે હુમલા કર્યા હતા. સુરક્ષા દળોની મોટી સંખ્યામાં હાજરી હોવા છતાં સ્થિતિ બેકાબૂ જોવા મળી હતી. CM મમતાએ CRPF પર TMC સમર્થકો અને મતદારો સાથે મારપીટ કરવાનો આરોપ લગાવ્યો છે. મમતાએ કહ્યું કે CRPF એ અમારા અનેક લોકોની ધરપકડ કરી છે. તેઓ મતદારો અને સેન્ટ્રલ ઓબ્ઝર્વર લોકોને મારી રહ્યા છે. તેમણે મહિલાઓ અને બાળકોને પણ છોડ્યા નથી.



TMC એ આરોપ લગાવ્યો છે કે CRPF ના હુમલાને કારણે હાવડાના ઉદયનારાયણપુરમાં એક વૃદ્ધનું મોત નીપજ્યું છે. TMC મહાસચિવ અભિષેક બેનર્જીએ દાવો કર્યો કે વૃદ્ધ તેમના પુત્ર સાથે વોટ આપવા ગયા હતા. કેન્દ્રીય દળોએ તેમને ધક્કો માર્યો અને મારપીટ કરી હતી. વૃદ્ધને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ પણ કેન્દ્રીય દળોની તૈનાતી ચાલુ રહેશે. ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે 4 મેના રોજ પરિણામો આવ્યા બાદ પણ રાજ્યમાં કેન્દ્રીય સુરક્ષા દળોની અંદાજે 700 કંપનીઓ તૈનાત રહેશે. બંગાળમાં આ અત્યાર સુધીની સૌથી મોટી 'પોસ્ટ-ઈલેક્શન' (ચૂંટણી પછીની) તૈનાતી હોવાનું કહેવાય છે. પંચનું કહેવું છે કે આ નિર્ણયનો હેતુ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાનો તેમજ મતગણતરી અને તે પછીની પરિસ્થિતિને શાંતિપૂર્ણ રાખવાનો છે. મમતા બેનર્જીએ કહ્યું, 'CRPF મતદારો અને ચૂંટણી નિરીક્ષકોને મારી રહ્યા છે. તેમણે મહિલાઓ અને બાળકોને પણ છોડ્યા નહીં. તેમણે ગઈકાલે રાત્રે અત્યાચાર શરૂ કર્યા. તેમણે આપણા ઘણા લોકોને અટકાયતમાં લીધા. આ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ છે. મેં ક્યારેય આ રીતે લોકશાહી જોઈ નથી. અમે જીતીશું, TMC જીતી રહી છે.'

વોટિંગ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મીડિયા સાથે વાત કરી. તેમણે સેન્ટ્રલ સિક્યોરિટી ફોર્સ પર ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો. 'ભાજપ સરહદને બદલે પક્ષનું રક્ષણ કરી રહ્યો છે,' તેમણે કહ્યું. ગૃહમંત્રી સીધી ચૂંટણીમાં દખલ કરી રહ્યા છે. આ એવું કંઈક છે જે મેં પહેલાં ક્યારેય જોયું નથી. સેન્ટ્રલ ફોર્સ લોકોને ત્રાસ આપી શકે નહીં.

વોટિંગ વચ્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 10 અને 12.50 નો વધારો કરવાનો દાવો કરતો કેન્દ્ર સરકારનો આદેશ સોશિયલ મીડિયા પર ફરતો થઈ રહ્યો છે.

ટીએમસીના સોશિયલ મીડિયા વિંગના રાજ્ય સચિવ નીલાંજન દાસે તેને ટ્વિટર પર શેર કર્યો છે. જોકે, કેન્દ્ર સરકારે વાયરલ થયેલા આદેશની નકલને નકલી જાહેર કરી છે. પીઆઈબી ફેક્ટ ચેકે સ્પષ્ટતા કરી છે કે ભારત સરકારે પેટ્રોલ કે ડીઝલના ભાવમાં વધારો કરવાનો કોઈ આદેશ જારી કર્યો નથી.

પીઆઈબીએ જનતાને આવી ભ્રામક માહિતીથી સાવધ રહેવા અને ફક્ત સત્તાવાર સોર્સમાંથી મળતા સમાચારોની ચકાસણી કરવાની અપીલ કરી છે.

### હાઈકોર્ટે આસારામના જામીન 25 મે સુધી લંબાવ્યા: મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન અરજીનો સમય વધાર્યો, 6 મેના રોજ અવધિ પૂરી થઈ રહી હતી

**જયપુર, તા.29**

રાજસ્થાન હાઈકોર્ટ જોધપુરે આસારામની વચગાળાની જામીન અવધિ 25 મે સુધી લંબાવી દીધી છે. આસારામની જામીન અવધિ 6 મેના રોજ પૂરી થઈ રહી હતી.



આસારામે જામીન અવધિ વધારવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તે અરજી પર સુનાવણી કરતા કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ એસપી શર્મા અને જસ્ટિસ સંગીતા શર્માની બેન્ચે બુધવારે આસારામની જામીન અવધિને મેડિકલ ગ્રાઉન્ડ પર 25 મે સુધી લંબાવવાનો નિર્દેશ આપ્યો. આસારામ વતી દલીલ કરતા તેમના વકીલ યશપાલ રાજપુરોહિતે કોર્ટને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હાઈકોર્ટે તેમની અપીલ પર સુનાવણી પૂર્ણ કરીને ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. તેમણે કહ્યું- આસારામની સારવાર હજુ ચાલુ છે. આવી સ્થિતિમાં, સારવાર પૂરી ન થાય ત્યાં સુધી જામીનની અવધિ લંબાવવામાં આવે. રાજસ્થાન હાઈકોર્ટ (જોધપુર) એ આસારામને 29 ઓક્ટોબર 2025ના રોજ જામીન આપ્યા હતા. કાર્યકારી ચીફ જસ્ટિસ સંજીવ પ્રકાશ શર્મા અને જસ્ટિસ સંગીતા શર્માની ડિવિઝન બેન્ચે જામીન અરજી પર સુનાવણી કરતા આ નિર્ણય સંભળાવ્યો હતો.

અરજી મેડિકલ આધાર પર દાખલ કરવામાં આવી હતી. રાજસ્થાન હાઈકોર્ટમાંથી આસારામને ત્યારે પહેલીવાર જામીન મળ્યા હતા. આ પહેલા વચગાળાના જામીન પૂરા થયા બાદ તેણે 30 ઓગસ્ટ 2025ના રોજ સરેન્ડર કર્યું હતું. જોકે, નાબાલિક સાથે રેપના કેસમાં એપ્રિલ 2018થી આજીવન કેદની સજા આસારામ ભોગવે છે. લગભગ 12 વર્ષની કેદ બાદ પહેલીવાર 7 જાન્યુઆરી 2025ના રોજ તેને મેડિકલ કારણોસર વચગાળાના જામીન મળ્યા હતા. રાજસ્થાન હાઈકોર્ટમાં 29 ઓક્ટોબર 2025ના રોજ આસારામની સજા સ્થગિત કરવા અને મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન અરજી પર સુનાવણી થઈ હતી. આસારામ વતી દિલ્હીથી આવેલા સિનિયર એડવોકેટ દેવદત્ત કામતે દલીલો કરી હતી. રાજસ્થાન સરકાર વતી એડિશનલ એડવોકેટ જનરલ (AAG) દીપક ચૌધરીએ દલીલો રજૂ કરી હતી. પીડિતા વતી એડવોકેટ પીસી સોલંકીએ દલીલો કરી હતી. તમામ પક્ષોને સાંભળ્યા બાદ બેન્ચે 6 મહિનાના જામીન આપ્યા હતા. આ જામીન 6 મે 2026ના રોજ પૂરા થઈ રહ્યા હતા.

### ઈરાનને પરમાણુ અપ્રસાર સંધિના ઉપાધ્યક્ષ બનાવવા પર વિવાદ: અમેરિકી અધિકારીઓએ કહ્યું- આ સંગઠનનું અપમાન

**ન્યૂયોર્ક, તા.29**

ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ કાર્યક્રમને લઈને યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન એક રસપ્રદ સમાચાર સામે આવ્યા છે. ઈરાનને પરમાણુ અપ્રસાર સંધિ (NPT)ના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ નિર્ણય ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ચાલી રહેલી NPTની 11મી રિવ્યુ કોન્ફરન્સમાં લેવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સ 5 વર્ષમાં એકવાર યોજાય છે. સંમેલનના અધ્યક્ષ અને વિયેતનામના રાજદૂત દો હુંગ વિયેતે જણાવ્યું કે ઈરાનનું નામ 'બિનજોડાણવાદી દેશોના જૂથ' તરફથી આવ્યું હતું. આ જૂથમાં ભારત સહિત 100થી વધુ દેશો છે.

અમેરિકાના એક અધિકારી ક્રિસ્ટોફર યેઓએ તેને NPT માટે અપમાન ગણાવ્યું. તેમનું કહેવું છે કે ઈરાન લાંબા સમયથી પરમાણુ હથિયારો બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં તેને આ સંગઠનનું મહત્વનું પદ આપવું યોગ્ય નથી. બીજી તરફ, ઈરાને આ આરોપોને ફગાવી દીધા. ઈરાને કહ્યું કે અમેરિકા, જે પોતે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી ચૂક્યું છે અને સતત પોતાના હથિયારો વધારી રહ્યું છે, તેને બીજાને શીખવવાનો કોઈ અધિકાર નથી.

પરમાણુ અપ્રસાર સંધિ 1970માં લાગુ થઈ હતી. આ દુનિયામાં પરમાણુ હથિયારોને ફેલાતા રોકવા માટેની સૌથી મહત્વપૂર્ણ વ્યવસ્થા માનવામાં આવે છે. આ સંધિનો એક સીધો સોદો છે, જે દેશો પાસે પરમાણુ હથિયારો નથી, તેઓ તેને બનાવશે નહીં અને જેમની પાસે છે, તેઓ ધીમે ધીમે તેને ખતમ કરશે.



તેના બદલામાં, તમામ દેશોને શાંતિપૂર્ણ પરમાણુ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો અધિકાર મળે છે. આ સંધિ 1968 માં શરૂ થઈ અને 1970 થી લાગુ થઈ. સંયુક્ત રાષ્ટ્રના 195 માંથી 191 દેશો આ સંધિનો ભાગ છે. ભારત, પાકિસ્તાન, ઈઝરાયલ અને દક્ષિણ સુદાન તેમાં સામેલ નથી. 5 દેશોને સત્તાવાર પરમાણુ શક્તિ માનવામાં આવ્યા છે. અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સ. બાકીના તમામ દેશોને પરમાણુ હથિયારો બનાવવાની મંજૂરી નથી. સમસ્યા એ છે કે સંધિનો શાંતિપૂર્ણ ઉપયોગનો ભાગ તો બરાબર ચાલી રહ્યો છે પરંતુ હથિયારો ઘટાડવાનો ભાગ લગભગ નિષ્ફળ માનવામાં આવી રહ્યો છે. નિષ્ણાતોના મતે મોટા દેશો તેમના પરમાણુ હથિયારો ઘટાડવાને બદલે તેમને વધુ આધુનિક બનાવી રહ્યા છે, ખાસ કરીને ચીન. સાથે જ, કેટલાકનું કહેવું છે કે નિયમો બધા દેશો પર સમાન રીતે લાગુ પડતા નથી, જેના કારણે નાના દેશોમાં નારાજગી વધી રહી છે. જ્યારે ચાર દેશો (ભારત, પાકિસ્તાન, ઈઝરાયલ અને દક્ષિણ સુદાન) શરૂઆતથી જ આ સંધિનો ભાગ બન્યા નથી. ઉત્તર કોરિયા પહેલા તેમાં સામેલ હતું, પરંતુ 2003માં તે બહાર નીકળી ગયું અને પછીથી પરમાણુ પરીક્ષણો પણ કર્યા. હવે સૌથી મોટો સવાલ એ છે કે ઈઝરાયલ NPTમાં નથી, તેમ છતાં તેની પાસે પરમાણુ હથિયારો છે અને તે એક એવા દેશ (ઈરાન) પર હુમલો કરી રહ્યું છે જે NPTનો સભ્ય છે. ભારત અને પાકિસ્તાને 1998માં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. ઈઝરાયલ પાસે પણ પરમાણુ હથિયારો હોવાનું મનાય છે, પરંતુ તે ખુલ્લેઆમ સ્વીકારતું નથી અને NPTમાં પણ સામેલ નથી.

ઈરાને 1968માં જ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ 1979ની ઈસ્લામિક ક્રાંતિ પછી તેનો પરમાણુ કાર્યક્રમ વિવાદોમાં આવી ગયો.

જોકે ઈરાન હજુ પણ NPTનો ભાગ છે, પરંતુ તેના પર સતત આરોપો લાગતા રહ્યા છે કે તે તેના નિયમોની ભાવનાનું ઉલ્લંઘન કરી રહ્યું છે. ઈરાને યુરેનિયમને 60% સુધી સમૃદ્ધ કર્યું છે, જ્યારે સામાન્ય ઊર્જા માટે 3 થી 5% જ પૂરતું હોય છે. ઈરાન હંમેશા કહેતું રહ્યું છે કે તે પરમાણુ હથિયારો બનાવી રહ્યું નથી, પરંતુ અગાઉના અહેવાલોમાં અમેરિકી ગુપ્તચર એજન્સીઓએ સંકેત આપ્યા હતા કે 2003 સુધીમાં તેણે હથિયાર કાર્યક્રમ પર કામ કર્યું હતું.



# રાજ્યની સૌથી મોટી અમદાવાદ મહાનગરપાલિકાના નગરપતિ સાથે મુખ્ય પાંચ પદાધિકારીઓ

**અમદાવાદ, તા.29**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. 160 બેઠકો મેળવીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની સત્તા ફરી આવી છે ત્યારે સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદમાં નગરપતિ એવા મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક કોણ બનશે તે અંગે ચર્ચા શરૂ થઈ ચૂકી છે. પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે મેયર પદ OBC પુરુષ માટે અનામત છે. અનુભવી અને સિનિયર રહી ચૂકેલા કોર્પોરેટરને મેયર બનાવવામાં આવતા હોય છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પણ અનુભવી અને નિર્ણય લઈ શકે એવા લોકોને પદ મળે છે.



ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકામાં મુખ્ય પાંચ પદાધિકારીઓ માટે અનેક અનુભવી અને સિનિયર લોકોથી લઈને પ્રથમ વખત ચૂંટણી લડેલા લોકો પણ દાવેદાર છે. માત્ર મેયર પદ રોટેશન પ્રમાણે OBC પુરુષ માટે અનામત હોવાથી મેયર તરીકે પુરુષને સ્થાન મળશે. મેયર પદ માટે થલતેજ વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ મજબૂત દાવેદાર છે. પ્રથમ વખત ચૂંટણી લડેલા બોડકદેવના કોર્પોરેટર ધરમશી દેસાઈ પણ દાવેદાર છે જ્યારે નિકોલ વોર્ડના સૌથી વધુ મત મેળવેલા દીપક પંચાલ પણ મેયર પદ માટે રેસમાં છે. વેજલપુર વોર્ડના સિનિયર કોર્પોરેટર રાજુ ઠાકોર પણ દાવેદાર માનવામાં આવી રહ્યાં છે.

સામાન્ય રીતે જો મેયર પદ પર પુરુષ હોય તો મહિલા ડેપ્યુટી મેયર અને મેયર મહિલા હોય તો ડેપ્યુટી મેયર પુરુષ તરીકે મૂકવામાં આવતા હોય છે. મેયર પદ પર પુરુષ હોવાના પગલે ડેપ્યુટી મેયર તરીકે મહિલા મુકાઈ શકે છે. ડેપ્યુટી મેયર પદના દાવેદાર તરીકે લાંભા વોર્ડના ડો. ચાંદની પટેલ, સાબરમતી વોર્ડના અંજુબેન શાહ, રાણીપ વોર્ડના ભાવિ પંચાલ, અસારવા વોર્ડના અનસુયા પટેલ નરોડા વોર્ડના દિવ્યાબેન નિકુંજ ખાખી, સરદારનગર વોર્ડના ડિમ્પલ વરિંદાની, ઓઢવના મીના રઘુવેન્દ્ર ઠાકોર અથવા વિલાસબેન દેસાઈ છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મજબૂત દાવેદારમાં પાલડી વોર્ડના જૈનિક વકીલ છે. બોડકદેવ વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીને ફરી કમાન સોંપાઈ શકે છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે પાટીદાર ચહેરાઓ ખૂબ દાવેદાર છે. શહેરના પૂર્વ મહામંત્રી અને નિકોલ વોર્ડના પરેશ લાખાણી પણ અનુભવી હોવાના પગલે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મળી શકે છે. જોધપુર વોર્ડના કોર્પોરેટર વિનોદ પટેલ અથવા ભાગ્યેશ પટેલ અને વસ્ત્રાલ વોર્ડના કોર્પોરેટર પરેશ પટેલ ચેરમેન પદમાં દાવેદાર માનવામાં આવે છે.

શાસક પક્ષના નેતા તરીકે સ્ટેડિયમ વોર્ડના કોર્પોરેટર જીતેન્દ્રભાઈ ખચરિયા, ઘાટલોડિયા વોર્ડના પ્રવીણ અંબાલાલ પટેલ, વિરાટનગરના મુકેશ પટેલ, શાહીબાગ વોર્ડના જશુભાઈ ઠાકોર સહિતના નેતાઓ દાવેદાર માનવામાં આવી રહ્યા છે જ્યારે દંડક તરીકે ખોખરા વોર્ડના નયન બ્રહ્મભટ્ટ, ઠક્કરબાપાનગરના રણજીતસિંહ વાળા, શાહપુર વોર્ડના હિતેન્દ્ર બાબુભાઈ પરમાર સહિતના નેતાઓ દાવેદાર માનવામાં આવી રહ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ દ્વારા ફરી સત્તા મેળવવામાં આવી છે અને 159માંથી એક બેઠક વધારીને 160 બેઠકો પર વિજય મેળવ્યો છે, જેમાં મેયર સહિત મુખ્ય પાંચ પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવનાર છે, આગામી એક અઠવાડિયામાં મુખ્ય પાંચ પદાધિકારીઓની જાહેરાત સામાન્ય સભામાં કરવામાં આવશે. મેયર પદના નામ માટે શહેર ભાજપ સંગઠન તરફથી નામો પ્રદેશ પાર્લામેન્ટરી સુધી આપવામાં આવશે અને ત્યારબાદ પ્રદેશના નેતાઓ દ્વારા નામો આપવામાં આવશે મુખ્ય ત્રણ નામ મોકલવામાં આવશે, જેમાંથી એક કોઈ નામ પર મોહર વાગી શકે છે.

# અમદાવાદમાં 35 વર્ષ જૂની હત્યાનો ભેદ ઉકેલાયો: પ્રેમીએ યુવતીને મોતને ઘાટ ઉતારી

## આરોપીના પરિવારને મૃતકનો આભાસ થતા તાંત્રિક વિધિ કરાવી, પોલીસને કૂવામાંથી અવશેષ મળ્યા

**અમદાવાદ, તા.29**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ 1992માં થયેલી એક સનસનાટીભરી હત્યાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. વટવા વિસ્તારના કુતુબનગરમાં શમશુદ્દીન નામના શખ્સે તેની ગર્લફ્રેન્ડ શબનમની હત્યા કરી તેના મૃતદેહને ઘરમાં આવેલા કુવામાં દાટી દીધો હોવાની વિગતો સામે આવતા, પોલીસ દ્વારા જેસીબી (JCB) મશીનની મદદથી અવશેષો શોધવા માટે ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે.

આ કેસની વિગતો મુજબ, ફરઝાના ઉર્ફે શબનમ નામની યુવતીની અંદાજે 35 વર્ષ પહેલાં નિર્મમ હત્યા કરવામાં આવી હતી. મુખ્ય આરોપી શમસુદ્દીન (જેનું હાલ મૃત્યું થયું હોવાની શંકા છે) એ તેની ગર્લફ્રેન્ડ શબનમની હત્યા કરી હતી. પ્રેમ પ્રકરણ અને લગ્નેત્તર સંબંધોને કારણે આ ગુનો આચરવામાં આવ્યો હોવાનું મનાય છે.



આ વર્ષો જૂનો ગુનો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે આરોપીના પરિવારજનોને મૃતકનો વારંવાર આભાસ થવા લાગ્યો હતો. આ ડરમાંથી મુક્તિ મેળવવા પરિવાર તાંત્રિક વિધિઓનો સહારો લઈ રહ્યો હતો, જે દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ.પી. જેબલિયાને આ ઘટનાની ગુપ્ત બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તુરંત કાર્યવાહી હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ જેસીબી મશીન સાથે કુતુબનગર પહોંચી હતી અને શંકાસ્પદ જગ્યાએ ખોદકામ શરૂ કરાવ્યું હતું. જો ખોદકામ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને મહિલાના કેટલાક અવશેષ મળી આવ્યા છે જેને હાલ એફએસએલ (FSL) માં તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસ આ કેસ સાથે સંકળાયેલા સહ-આરોપીઓ અને સંભવિત પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ કરી રહી છે. FSL રિપોર્ટ બાદ પોલીસ સત્તાવાર રીતે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ તેજ બનાવશે.

સ્થાનિક સાજીદ શેખે જણાવ્યું કે, છેલ્લા કેટલાક દિવસથી પોલીસ તપાસ કરવા આવી રહી છે. જે મકાનમાં બનાવ બન્યો તે મકાન ઘણા સમયથી બંધ પડી રહ્યું છે. અત્યાર સુધી 3 થી 4 મકાન માલિક બદલાઈ ગયા છે. અમે પોલીસને પુરો સહકાર આપવા તૈયાર છીએ.

# 02 કરોડથી વધુની નકલી નોટનો કેસ: પ્રદીપ જોટાંગીયાની જામીન અરજી નકારતી અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ

**અમદાવાદ, તા.29**

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા 2 કરોડથી વધુની નકલી નોટો ઝડપવાને મામલે સુરતના આરોપી પ્રદીપ જોટાંગીયા સહિત કુલ 7 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપી પ્રદીપ જોટાંગીયાએ રીમાન્ડ બાદ અને ચાર્જશીટ ફાઈલ થાય તે પહેલા અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેને અમદાવાદ સીટી સેશન્સ કોર્ટે નકારી નાખી છે.




અરજદારના વકીલ વતી રજૂઆત કરવામાં આવી હતી કે તેની NGO પારડી ખાતે આવેલી છે. અરજદાર જે કારમાં હતા તેમાંથી રોકડ મળી હતી. પરંતુ કારમાં રોકડ છે તેની તેઓને ખબર નહોતી. NGO સાથે સંકળાયેલા મુકેશને કારણે તેઓની પણ ધરપકડ કરવામાં આવી છે. સામે સરકારી વકીલે દલીલ કરી હતી કે આ કેસમાં આરોપીઓ પાસેથી રૂપિયા 500ના દરની 5600 નોટ રિકવર કરવામાં આવી હતી. આરોપી નોટોની હેરફેર કરતા ઝડપાયા છે અને આ કેસમાં હજુ ચાર્જશીટ ફાઈલ થઈ નથી

સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નકારતા નોંધ્યું હતું કે મુકેશ ઠુમ્મરના સુરત સ્થિત ઘરે નકલી નોટો છાપવામાં આવી હતી. આરોપીઓ પાસેથી 2.20 કરોડની 500 ના દરની નકલી નોટ ઝડપાઈ હતી. આરોપીઓને રંગેહાથ ઝડપવામાં આવ્યા છે. આરોપીઓ આ નોટો વટાવવા જતા ઝડપાઈ ગયા છે. પ્રાથમિક દ્રષ્ટિએ તેઓની ગુન્હામાં સંડોવણી જણાઈ આવે છે.

# LIC પોલિસી મેચ્યોર થયા પછી 48 લાખની છેતરપિંડી

## ગાઝિયાબાદના ભેજાબાજે NPCIના અધિકારી બનીને 48 લાખ પડાવ્યા, પોલીસે મુખ્ય આરોપી સહિત સીમકાર્ડ વેચનારને ઝડપ્યો

**અમદાવાદ, તા.29**

વીમા પોલિસી ધારકોની અંગત વિગતો મેળવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી ગેંગના બે આરોપીને સાયબર ક્રાઈમે ઝડપી પાડ્યા છે, જેમાં મુખ્ય સૂત્રધાર સુમિત કુમારે નાણા મંત્રાલયના અધિકારી હોવાનો ડોળ કરી એક વ્યક્તિ સાથે 48 લાખની છેતરપિંડી કરી હતી. આ કેસમાં તપાસ દરમિયાન બાયોમેટ્રિક ડેટાની ચોરી કરીને ગેરકાયદેસર રીતે સિમ કાર્ડ એક્ટિવેટ કરવાના રેકેટનો પણ ખુલાસો થયો છે. બંને આરોપીની ધરપકડ કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.




શહેરના એક ફરિયાદીની LIC પોલિસી વર્ષ 2022માં પૂર્ણ થઈ હતી અને તેના નાણાં પણ તેમને મળી ગયા હતા. જોકે, ત્યારબાદ તેમને સતત ફોન આવવા લાગ્યા હતા કે તેમના રોકાણ કરેલા નાણાં શેરબજારમાં છે અને તે મેળવવા માટે પ્રક્રિયા કરવી પડશે. આરોપી સુમિત કુમારે પોતે NCPI અને નાણા મંત્રાલયનો અધિકારી હોવાની ખોટી ઓળખ આપીને ફરિયાદીને 1.48 કરોડની લાલચ આપી હતી. અગાઉ બે વાર છેતરપિંડીનો ભોગ બન્યા બાદ, ત્રીજી વખત જ્યારે આરોપીએ 48 લાખ પડાવ્યા, ત્યારે ફરિયાદીએ FIR નોંધાવી હતી. સાયબર ક્રાઈમે તપાસ કરીને ઉત્તરપ્રદેશના સુમિત યાદવ અને આશુ અગ્રવાલની ધરપકડ કરી હતી.

આરોપી સુમિત અગાઉ નોઈડાના બે વર્ષ એક કોલ સેન્ટરમાં કામ કરતો હતો, જ્યાંથી તેણે પોલિસી ધારકોનો ગુપ્ત ડેટા ચોર્યો હતો. સુમિત ડેટાના આધારે ભોગ બનનાર લોકોને શોધતો હતો જે બાદ પોલિસીની રકમ અપાવવાના બહાને સરકારી અધિકારી બની વાતચીત કરીને અલગ અલગ ટેક્સના નામે લાખો રૂપિયા પડાવતો હતો. આરોપીએ ધોરણ 12 સુધીનો અભ્યાસ કર્યો છે અને હાલમાં ઘરે બેઠા બેઠા લોકો સાથે ઠગાઈ જ કરે છે.

અન્ય આરોપી આશુ અગ્રવાલ સિમ કાર્ડ એજન્ટ છે, જે રસ્તા પર છત્રી લગાવીને સીમકાર્ડ વેચે છે. આશુ સિમકાર્ડ વેચતી વખતે ગ્રાહકોના બાયોમેટ્રિક લેતી વખતે 'ટેકનિકલ એરર'નું બહાનું કાઢીને બે-ત્રણ વાર અંગૂઠો મરાવતો હતો અને તે ડેટાનો ઉપયોગ કરીને ગ્રાહકની જાણ બહાર અન્ય સિમ કાર્ડ એક્ટિવેટ કરી લેતો હતો. આવા એક સિમ કાર્ડ તે છેતરપિંડી કરનારાઓને 5000માં વેચતો હતો.

અમદાવાદ સાયબર ક્રાઈમના ડીસીપી લવીના સિંહાએ જણાવ્યું હતું કે, કોઈપણ લાલચમાં આવ્યા વગર સીધા LIC ઓફિસનો સંપર્ક કરવો અને 'સંચાર સાથી' (Sanchar Saathi) જેવી સરકારી વેબસાઈટ પર જઈને એક કરવું કે તેમના નામે કેટલા સિમ કાર્ડ એક્ટિવ છે, જેથી બાયોમેટ્રિક ચોરીથી બચી શકાય.

# ઈશિત પટેલે 8856 મત મેળવી રેકોર્ડ બનાવ્યો

## ભાજપે મહાનગરપાલિકામાં સત્તા જાળવી રાખી, મહિલા અનામત અને જ્ઞાતિવાર સમીકરણોમાં પણ ભાજપે ચોકસાઈપૂર્વક બાજી મારી

**નડિયાદ, તા.29**

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને પોતાની સત્તા જાળવી રાખી છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ શહેરના તમામ 13 વોર્ડમાં ભાજપના ઉમેદવારોનો દબદબો જોવા મળ્યો છે. આ ચૂંટણીમાં મતદારોએ ભાજપના પક્ષમાં એકતરફી મતદાન કર્યું હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસને માત્ર ગણતરીની બેઠકો પર જ સંતોષ માનવો પડ્યો છે, જ્યારે અપક્ષ અને અન્ય નાના પક્ષોના ઉમેદવારો ક્યાંય પ્રભાવ પાડી શક્યા નથી.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવાર તરીકે વોર્ડ નંબર 13 ના ઈશિત જગદીશભાઈ પટેલ ઉભરી આવ્યા છે. તેમને કુલ 8856 મત પ્રાપ્ત થયા છે, જે તમામ વિજેતા ઉમેદવારોમાં સૌથી ઉંચો આંકડો છે. બીજી તરફ, સૌથી ઓછા મત સાથે જીતનાર ઉમેદવારમાં વોર્ડ નંબર 7 ના ધ્રુવ ભરતકુમાર બારોટનો સમાવેશ થાય છે, જેમને 3017 મત મળ્યા છે. આ આંકડાકીય તફાવત દર્શાવે છે કે કેટલાક વિસ્તારોમાં ભાજપના ઉમેદવારોએ જંગી સરસાઈ મેળવી છે, જ્યારે અમુક બેઠકો પર રસાકસી બાદ જીત હાંસલ થઈ છે.

પક્ષીય પ્રભુત્વની વાત કરવામાં આવે તો ભાજપે ક્લીન સ્વીપ જેવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. વોર્ડ નંબર 1 થી લઈને 13 સુધીના મોટાભાગના વિજેતા ઉમેદવારો ભાજપના છે. કોંગ્રેસના ફાળે માત્ર વોર્ડ નંબર 12 માં હાર્દિક અશ્વિનભાઈ ભટ્ટ એકમાત્ર બેઠક જીતવામાં સફળ રહ્યા છે, જેમને



4200 મત મળ્યા છે. આ સિવાય અન્ય કોઈપણ વોર્ડમાં કોંગ્રેસ કે અપક્ષ ઉમેદવારો ભાજપના ઉમેદવારો સામે ટકી શક્યા નથી. ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં મતોનું ધ્રુવીકરણ ભાજપની તરફેણમાં રહેતા વિપક્ષી સુપડા સાફ થઈ ગયા છે.

મહિલા અનામત અને જ્ઞાતિવાર સમીકરણોમાં પણ ભાજપે ચોકસાઈપૂર્વક બાજી મારી છે. વોર્ડ નંબર 10 માં ભૂમિકાબેન જતીનભાઈ પટેલને 6779 મત મળ્યા છે, જે મહિલા ઉમેદવારોમાં નોંધપાત્ર છે. વોર્ડ નંબર 11 માં નિલમબેન રુચિરકુમાર જોષી 6724 મત મેળવી વિજેતા થયા છે. અનુસૂચિત જાતિ અને પછાત વર્ગ માટે અનામત બેઠકો પર પણ ભાજપના ઉમેદવારોએ મજબૂત પકડ જાળવી રાખી છે. વોર્ડ નંબર 1 માં લીલાબેન પરમાર અને સુનીલભાઈ સોનારા જેવા ઉમેદવારોએ જંગી લીડ મેળવી ભાજપના વિજય રથને આગળ વધાર્યો છે. ચૂંટણીના આંકડાઓનું વિશ્લેષણ કરતા જણાય છે કે મતદારોએ વ્યક્તિગત ચહેરા કરતા પક્ષના નિશાન પર વધુ ભરોસો મૂક્યો છે. વોર્ડ નંબર 5 માં પરાગ જગદીશચંદ્રને 6966 મત મળ્યા છે, જે પણ એક મોટો આંકડો ગણાય છે. વોર્ડ નંબર 6 માં રિપુ સુશીલભાઈ પટેલને 6572 મત પ્રાપ્ત થયા છે. દરેક વોર્ડમાં ભાજપના ઉમેદવારો સરેરાશ 4000 થી 6000 મતો મેળવવામાં સફળ રહ્યા છે, જેની સામે વિપક્ષી ઉમેદવારો મુખ્ય સ્પર્ધામાં ક્યાંય દેખાયા નથી.

અપક્ષ ઉમેદવારોની સ્થિતિ આ ચૂંટણીમાં અત્યંત નબળી જોવા મળી છે. પ્રાપ્ત વિગતો મુજબ કોઈપણ અપક્ષ ઉમેદવાર નોંધપાત્ર મતો મેળવીને ભાજપ કે કોંગ્રેસના સમીકરણો બગાડી શક્યો નથી. મતદારોએ અપક્ષ ઉમેદવારોને નકારીને સીધો જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાખ્યો હતો, જેમાં ભાજપનું સંગઠન અને પકડ વધુ મજબૂત પુરવાર થઈ છે. કોંગ્રેસ માત્ર એક બેઠક પર સીમિત રહી જતાં આગામી પાંચ વર્ષ માટે પાલિકામાં ભાજપનું એકહથ્થુ શાસન રહેશે તે નિશ્ચિત બન્યું છે. નડિયાદના આ પરિણામોથી ફરી એકવાર સાબિત થયું છે કે શહેરી વિસ્તારોમાં ભાજપનો પાયો વધુ ઊંડો છે.

# ગુજરાતના આંગણે વધુ એક વૈશ્વિક બેઠકની તૈયારી: 11-12 મેના રોજ BRICS દેશોની હાઈલેવલ બેઠકની તૈયારી

**ગાંધીનગર, તા.29**

ગાંધીનગર ટૂંક સમયમાં વધુ એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બેઠકનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, BRICS દેશોની હાઈ લેવલ બેઠક આગામી 11 અને 12 મેના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ શકે છે. આ બેઠક શહેરની લીલા હોટલમાં યોજાનાર હોવાનું જાણવા મળ્યું છે.

દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી ચર્ચા બાદ હવે આ આંતરરાષ્ટ્રીય બેઠક ગાંધીનગરમાં મળવાની શક્યતા છે. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરી પણ મહત્વપૂર્ણ ગણાઈ રહી છે, જે આ કાર્યક્રમને વિશેષ મહત્વ આપશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, બેઠકમાં વૈશ્વિક પોલિસી ડાયરેકશન, આર્થિક સહકાર, નવી ટેક્નોલોજી, ઈનોવેશન અને ભવિષ્યની વિકાસ નીતિઓ જેવા



મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે. ખાસ કરીને બદલાતા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં BRICS દેશો વચ્ચે સંકલન મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ચર્ચા થઈ શકે છે.

રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા બેઠકને ધ્યાનમાં રાખીને તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા, પ્રોટોકોલ અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓના સ્વાગત માટે વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ બેઠક ગાંધીનગર માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે. દિલ્હી બાદ હવે ગુજરાતની રાજધાનીમાં આવી હાઈ-પ્રોફાઈલ આંતરરાષ્ટ્રીય બેઠક યોજાવા જઈ રહી હોવાથી રાજ્યની વૈશ્વિક રાજદ્વારી ઓળખને વધુ મજબૂતી મળશે.

# ઉદ્યોગપતિના ફોટાનો AIના ડીપફેકથી વીડીઓ બનાવ્યો: આધારકાર્ડની વેબસાઈટ પર બતાવી ઓટીપી વગરજ છેતરપીંડી કરતી ગેંગના ચાર સભ્ય ઝડપાયા

**અમદાવાદ, તા.29**

અમદાવાદના વેપારીના આધાર કાર્ડ સાથે ચેડાં કરી, આધારની વેબસાઈટ પર વેપારીના એઆઈ જનરેટેડ ડીપફેક વિડિયોની મદદથી બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરીને ઓટીપી વગર જ મોબાઈલ નંબર બદલી છેતરપિંડી કરતી ગેંગના ચાર સાગરીતોને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા છે.આ ગેંગ દ્વારા વેપારીના આધાર કાર્ડની મદદથી જુદી જુદી બેંકમાં ખાતું ખોલાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.




થલતેજમાં રહેતા વેપારી ફૂડનો ધંધો કરે છે.તેમનો માલ વિદેશ જતો હોવાથી પોર્ટ પર ચોક્કસ સર્ટિફિકેટ મેળવવા માટે અમિત પટેલનો આધાર નંબર સબમિટ કરતાં તેમને મોબાઈલ પર ઓટીપી આવ્યો નહોતો.સિવિક સેન્ટર અને આધારની વેબસાઈટ પર તપાસ કરતાં તેમના આધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર કોઈએ બદલી દીધો હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે સાયબર ક્રાઈમ બ્રાંચે તપાસ કરતાં આ કાંડ કરનાર ટુકડીના ચાર સાગરીતોને ઝડપી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદમાં 3 નવા પોલીસ સ્ટેશન સાથે DCP-ACPના પદોને મંજૂરી

## વસ્ત્રાલ, મોટેરા અને સાબરમતી ઈસ્ટમાં નવા પોલીસ સ્ટેશન શરૂ કરાશે, પોલીસ કર્મચારીઓ પરનો વર્કલોડ ઘટશે

**અમદાવાદ, તા.29**

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે રાજ્યના ગૃહ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. શહેરમાં પોલીસ સ્ટેશનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેના પરિણામે હવે કુલ પોલીસ સ્ટેશનોની સંખ્યા 49માંથી વધીને 52 થઈ ગઈ છે. વધતી જનસંખ્યા અને શહેરના વિસ્તરણને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે.

આ સાથે જ પોલીસ તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા માટે એક ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP)નું પદ અને ત્રણ આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP)ના પદોને પણ મંજૂરી આપવામાં આવી છે. નવા પદોના સર્જનથી પોલીસ વહીવટમાં વધુ સુગમતા આવશે



અને વિસ્તારોમાં ઝડપી પ્રતિસાદ આપી શકાશે.

હાલમાં અમદાવાદમાં પોલીસ પર વધતા કામના ભારને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા પોલીસ સ્ટેશનો અને અધિકારીઓની નિમણૂકથી પોલીસ કર્મચારીઓ પરનો વર્કલોડ ઘટશે તેમજ લોકોની ફરિયાદોનું ઝડપી નિરાકરણ શક્ય બનશે.

ગૃહ વિભાગના આ નિર્ણયને કારણે શહેરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને વધતા શહેરી વિસ્તાર અને ટ્રાફિક, ગુનાખોરી જેવા મુદ્દાઓને પહોંચી વળવા માટે આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનોના ડિવિઝનમાં મહત્વપૂર્ણ ફેરફારોને લઈને ગૃહ વિભાગે નોટિફિકેશન જાહેર કર્યું છે, જેમાં ત્રણ નવા ડિવિઝન P, R અને S અસ્તિત્વમાં આવ્યા છે. શહેરમાં વસ્ત્રાલ, મોટેરા અને સાબરમતી ઈસ્ટ એમ કુલ ત્રણ નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવશે. નવા માળખા મુજબ ચાંદખેડા, મોટેરા અને સાબરમતી ઈસ્ટ પોલીસ સ્ટેશનને P ડિવિઝનમાં સામેલ કરવામાં આવ્યા છે.

ઓઢવ, નિકોલ અને નવા વસ્ત્રાલ પોલીસ સ્ટેશનને R ડિવિઝનમાં રાખવામાં આવ્યા છે. ઝોન-8માં R અને S બંને ડિવિઝનનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં વટવા, વટવા GIDC અને રામોલ પોલીસ સ્ટેશનને S ડિવિઝનમાં મૂકવામાં આવ્યા છે. આ પુનર્ગઠનથી પોલીસ કામગીરી વધુ સુગમ બનશે અને શહેરમાં કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે. અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનોના ડિવિઝનમાં મહત્વપૂર્ણ ફેરફારોને લઈને ગૃહ વિભાગે નોટિફિકેશન જાહેર કર્યું છે, જેમાં ત્રણ નવા ડિવિઝન P, R અને S અસ્તિત્વમાં આવ્યા છે. શહેરમાં વસ્ત્રાલ, મોટેરા અને સાબરમતી ઈસ્ટ એમ કુલ ત્રણ નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવશે. નવા માળખા મુજબ ચાંદખેડા, મોટેરા અને સાબરમતી ઈસ્ટ પોલીસ સ્ટેશનને P ડિવિઝનમાં સામેલ કરવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ઈમરજન્સીમાં ઉતરી શકશે સેનાના એરક્રાફ્ટ

# પ્રધાનમંત્રી મોદીએ કર્યું ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન

### આ એક્સપ્રેસવે રાજ્યની કનેક્ટિવિટી તેમજ ઔદ્યોગિક રોકાણ, કૃષિ માર્કેટિંગ, લોજિસ્ટિક્સ અને પ્રાદેશિક સંતુલનમાં ગેમ-ચેન્જર સાબિત થશે







**લખનૌ, તા.29**

ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાના નવા અધ્યાયનો પ્રારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એશિયાના સૌથી મોટા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સમાંના એક - 'ગંગા એક્સપ્રેસવે'નું ગૌરવપૂર્ણ લોકાર્પણ કર્યું છે. માત્ર 3.5 વર્ષના રેકોર્ડ સમયમાં તૈયાર થયેલો આ 'સુપર હાઈવે' માત્ર રસ્તો નથી, પરંતુ પૂર્વી ઉત્તર પ્રદેશના ભાગ્ય બદલનારી એક આર્થિક જીવનરેખા છે.

ગતિશક્તિનો નવો પર્યાય ગંગા એક્સપ્રેસવે આધુનિક ભારતનું એન્જિનિયરિંગ માર્વેલ છે. આ એક્સપ્રેસવે મેરઠથી પ્રયાગરાજ વચ્ચેનું 11 કલાકનું મુસાફરીનું અંતર ઘટાડીને માત્ર 6 કલાક કરી નાખશે. પરિણામે હવે પશ્ચિમની સમૃદ્ધિ અને પૂર્વની ક્ષમતા વચ્ચેનું અંતર પલક ઝપકતા જ કપાઈ જશે.

અદાણી એન્ટરપ્રાઈઝિસ (ARTL) એ આ પ્રોજેક્ટમાં 80% (464 કિમી) હિસ્સાનું નિર્માણ કરીને ખાનગી ક્ષેત્રની મજબૂત ક્ષમતાનો પરિચય આપ્યો છે. 12,000 થી વધુ કર્મયોગીઓની મહેનતનું પરિણામ આજે વિકાસના આ મજબૂત માર્ગ પર દેખાઈ રહ્યું છે.

દેશનો આ એવો પ્રથમ કોરિડોર છે જ્યાં AI-સક્ષમ કેમેરા સિસ્ટમ ચોવીસ કલાક તૈનાત રહેશે, જે અકસ્માત જેવી ઘટનાઓની અગાઉથી જાણ કરી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરશે. એટલે કે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'નો સુરક્ષાકવચ તરીકે ઉપયોગમાં કરવામાં આવ્યો છે.

આ એક્સપ્રેસ વેની વધુ એક ખાસિયત એ છે કે, શાહજહાંપુર ખાતે નિર્મિત 3.5 કિમીની એરસ્ટ્રીપ ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સ માટે 'ઈમરજન્સી લેન્ડિંગ'ની સુવિધા પૂરી પાડશે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

ગંગા એક્સપ્રેસવે માત્ર વાહનો દોડાવવા માટે નથી, પણ રોજગારી અને રોકાણના નવા દ્વાર ખોલવા માટે છે. યુપી સરકારના અંદાજ મુજબ: આગામી 10 વર્ષમાંતેનાથી 3 લાખ નવી નોકરીઓનું સર્જન થશે અને રાજ્યના જીડીપીમાંરૂ. 1 લાખ કરોડનો ધરખમ ઉમેરો થશે. એટલું જ નહીં, લોજિસ્ટિક્સ ખર્ચમાં વાર્ષિકરૂ. 25,000-30,000 કરોડની જંગી બચત થશે.

આ એક્સપ્રેસવે ઔદ્યોગિક અને આધ્યાત્મિક વિકાસના રાજમાર્ગ સમાન છે. તે 12 જિલ્લાઓના 519 ગામડાઓને સાંકળે જેનાથી 11 અત્યાધુનિક ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર હેઠળના ઉદ્યોગોને વેગ મળશે, તો બીજી તરફ પ્રયાગરાજ અને વારાણસી જેવા પવિત્ર ધામો સુધી પહોંચવું સરળ બનતા 'સ્પિરિચ્યુઅલ ટુરિઝમ'ના નવા દ્વાર પણ ખુલશે.

ગંગા એક્સપ્રેસવે એ 'નવા ભારત'ની ગતિ અને શક્તિનું જીવંત ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ સાબિત કરે છે કે જ્યારે દ્રઢ ઈચ્છાશક્તિ અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય થાય, ત્યારે વિકાસની ગંગા માત્ર વહેતી નથી, પણ પૂરપાટ ઝડપે દોડે છે.

## સબરીમાલા કેસ, સુપ્રીમ કોર્ટમાં 10મા દિવસે સુનાવણી: જસ્ટિસ નાગરત્નાએ કહ્યું હતું - ધાર્મિક પ્રથાઓના નામે રસ્તાઓ બ્લોક કરી શકાય નહીં.......

**નવી દિલ્હી, તા.29**

કેરળના સબરીમાલા મંદિર સહિત અન્ય સંપ્રદાયોના ધાર્મિક સ્થળોમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ સંબંધિત અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં બુધવારે 10મા દિવસે સુનાવણી ચાલી રહી છે. મંગળવારે સુનાવણી દરમિયાન જસ્ટિસ બી વી નાગરત્નાએ કહ્યું કે ધાર્મિક કાર્યોના નામે રસ્તાઓ બ્લોક કરી શકાય નહીં. હિંદુ ધર્મ આચાર્ય સભા વતી હાજર રહેલા વકીલ અક્ષય નાગરાજને દલીલ કરી કે સરકાર આર્ટિકલ 25(2)(a)નો આધાર આપીને કોઈપણ ધાર્મિક સંપ્રદાયના અધિકારોમાં દખલ કરી શકે નહીં. રાજ્યને ધાર્મિક રીતિ-રિવાજો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય, રાજકીય કે અન્ય બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનો કે રોકવાનો અધિકાર છે.



આર્ટિકલ 25 હેઠળ સુરક્ષા માત્ર ધાર્મિક વિશ્વાસ સુધી મર્યાદિત નથી, પરંતુ આસ્થાના બાહ્ય સ્વરૂપો, જેમ કે કોઈ ખાસ દેવતાની પૂજા સાથે સંકળાયેલા રીતિ-રિવાજો, સમારોહો અને પ્રથાઓ સુધી પણ વિસ્તરેલી છે.

સબરીમાલા મંદિર કેસ પર 7 એપ્રિલથી સુનાવણી શરૂ થઈ હતી. આ દરમિયાન કેન્દ્ર સરકારે મહિલાઓની એન્ટ્રીના વિરોધમાં દલીલો રજૂ કરી હતી. સરકારે કહ્યું હતું કે દેશના ઘણા દેવી મંદિરોમાં પુરુષોની એન્ટ્રી પણ પ્રતિબંધિત છે, તેથી ધાર્મિક પરંપરાઓનું સન્માન કરવું જોઈએ. આ પહેલા કોર્ટે પૂછ્યું, 'મૂર્તિને સ્પર્શ કરવો એ ભગવાનનું અપમાન કેવી રીતે હોઈ શકે અને તેઓ અપવિત્ર કેવી રીતે થઈ જાય છે.' સુપ્રીમ કોર્ટે પૂછ્યું, 'શું બંધારણ તે ભક્તની મદદ માટે આગળ નહીં આવે, જેને ફક્ત તેના વંશ અને જન્મના કારણે દેવતાને સ્પર્શ કરવાથી રોકવામાં આવે છે.'

આ અંગે સબરીમાલાના વકીલ એડવોકેટ વી. ગિરીએ જણાવ્યું હતું કે, કોઈપણ મંદિરમાં થતા રીતિ-રિવાજો તે ધર્મનો અભિન્ન અંગ હોય છે. પૂજા દેવતાની લાક્ષણિકતાઓથી વિપરીત હોઈ શકે નહીં. ભગવાન અયપ્પા 'નૈષ્ઠિક બ્રહ્મચારી' છે, તેથી ત્યાંની પરંપરાઓ તે મુજબ નક્કી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં 9 જજોની બંધારણીય બેન્ચ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ સંબંધિત કેસની સુનાવણી કરી રહી છે.

# રાજસ્થાનમાં ગરમીના કારણે ટ્રેનની બ્રેકમાં આગ

### 17 રાજ્યોમાં 60kmphની ઝડપે વાવાઝોડાની ચેતવણી, યુપી-એમપી, બિહાર, રાજસ્થાનમાં બદલાશે હવામાન

**જયપુર, તા.29**

દેશના ઘણા શહેરો હીટવેવની ઝપેટમાં છે. મોટાભાગના વિસ્તારોમાં તાપમાન 40-46C ની વચ્ચે ચાલી રહ્યું છે. મંગળવારે પણ યુપીનું બાંદા દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. અહીં પારો 45.6C નોંધાયો હતો. આ ઉપરાંત, ઓડિશાના ઝારસુગુડામાં 45.3C, મહારાષ્ટ્રના અકોલા, વર્ધા અને અમરાવતીમાં 45 થી વધુ તાપમાન રહ્યું.

ભીષણ ગરમી અને લૂથી બચાવવા માટે પ્રયાગરાજમાં ઠેર ઠેર વોટર ATM લગાવવામાં આવ્યા છે. ઓડિશામાં લૂ સેન્ટર બનાવવામાં આવી રહ્યા છે. આ સેન્ટરો પર મુસાફરોને ઠંડુ પાણી અને ગ્લુકોઝ આપવામાં આવશે.

આ તરફ, રાજસ્થાનના ધૌલપુર રેલવે સ્ટેશન પર ટ્રેનના એક જનરલ કોચના નીચેના ભાગમાં આગ લાગી હતી. રેલવેના સૂત્રો અનુસાર, ગરમીના કારણે બ્રેક પેડલવાળા ભાગમાં આગ લાગી હતી.

IMD અનુસાર, આજે 17 રાજ્યોમાં પણ વાવાઝોડા સાથે વરસાદ થઈ શકે છે. યુપી, રાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ, દિલ્હી, પંજાબ અને હરિયાણામાં 60kmphની ઝડપે વાવાઝોડું પણ ફૂંકાઈ શકે છે.

ઓડિશાના કેટલાક વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન; છત્તી સ ગઢ અને ઝારખંડમાં વાવાઝોડું, કરા પડવાની શક્યતા.

મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને દિલ્હીમાં વીજળી અને વાવાઝોડાની શક્યતા.

બિહાર, રાજસ્થાન, યુપી, તેલંગાણા અને હિમાચલ પ્રદેશમાં 30-40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ શક્ય.



આંધ્ર પ્રદેશ, ઓડિશા, તમિલનાડુ અને પુડુચેરીમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે.

બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં વીજળી અને વાવાઝોડાની શક્યતા છે.

અરુણાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં તેજ પવનો સાથે ગાજવીજ થઈ શકે છે.

IMD અનુસાર, આજે 10 રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. તેમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, સિક્કિમ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમનો સમાવેશ થાય છે. જ્યારે, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં કરા પડી શકે છે.

દિલ્હી-એનસીઆરમાં બુધવારે સવારે હવામાન બદલાયું. મંગળવારે મોડી રાતથી જ 30-40 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ રહ્યા છે. દિલ્હી હવામાન વિભાગ અનુસાર, આજે દિવસભર આકાશમાં વાદળો છવાયેલા રહેશે અને કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પણ પડશે.

મિઝોરમના આઈઝોલ, સેર્છિપ અને લુંગલેઈ જિલ્લાઓમાં ભારે વરસાદ અને તેજ પવનો ચાલુ રહેવાને કારણે બુધવારે સતત બીજા દિવસે પણ તમામ શાળાઓ બંધ રહી. શાળા શિક્ષણ નિયામક એન્જેલા ઝોથનપુઈએ જણાવ્યું કે દક્ષિણી જિલ્લાઓ હનહથિયાલ અને લોંગ્ટલાઈની શાળાઓ, જે મંગળવારે ખુલ્લી રહી હતી, તેમણે પણ બુધવારે બંધ રહેવાનો આદેશ આપ્યો છે.

રાજસ્થાન હવામાન વિભાગ અનુસાર, આજે 15 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. જયપુર, દૌસા, અલવરમાં સવારે હળવો વરસાદ થયો.

ઉત્તર પ્રદેશના નોઈડા, સંભલ અને મથુરામાં બુધવારે સવારે વાવાઝોડું આવ્યું અને વરસાદ થયો.

બિહાર હવામાન વિભાગનું કહેવું છે કે પટના સહિત આસપાસના જિલ્લાઓમાં આગામી 24 કલાક દરમિયાન હળવો વરસાદ અને તેજ પવન ફૂંકાવાની સંભાવના છે.

# ભગવંત માનની પંજાબ સરકારે ઘઉંનાં ખેતરો ફરી લહેરાવ્યા

### પંજાબ સહિતનાં ઉત્તરીય ભારતનાં રાજ્યો હવે ગુનાખોરીની લપેટમાં એવા આવી ગયાં છે કે એના નેતૃત્વમાં અને રાજ્ય વ્યવસ્થાપનમાં પાવરફુલ વિજિલન્સ જોઈએ

રૂપિયા ૨૫૦૦ કરોડના કેફી દ્રવ્યો ઝડપાય એ એક જમાનામાં મોટી ઘટના ગણાતી હતી. હવે ગુજરાત અને પંજાબ બન્ને સરહદી રાજ્યોમાં ડ્રગ્સ ઝડપાય એ ઘટના સામાન્ય છે. ફેર એટલો છે કે આજકાલ વિવિધ રાજકીય મોરચે પછડાટ ખાઈ રહેલી આમ આદમી પાર્ટીની પંજાબ સરકાર ડ્રગ્સ વિરોધી પગલાં લેવામાં બહુ જ એકાગ્ર છે. એને કારણે ઉડતા પંજાબ હવે ધરતી પર આવવાની શરૂઆત થઈ ગઈ છે. વળી, મુખ્યમંત્રી ભગવંત માનનું પ્રચાર તંત્ર પણ બહુ તકલાદી છે, એટલે એના કામથી ઈતર ભારત વાકેફ નથી. હવે તો એની સરકારનું આયુષ્ય દસ મહિનાનું છે. એમણે સત્તામાં ટકી રહેવું હોય તો લોકો વચ્ચે જઈને ફરી જીતવું પડશે. ભાજપની કાતિલ નજર પંજાબ પર છે અને એ તો સ્વાભાવિક છે, પરંતુ અત્યારે તો ભગવંત માન સરકાર લોકપ્રિય અને માનવંત સરકાર છે.

પાકિસ્તાન હસ્તકના કાશ્મીરમાં ચાલતા આતંકવાદીઓના કેમ્પના કમાન્ડરોએ તેમની મોડેસ ઓપરેન્ડી બદલી હોવાના સંકેત મળવા લાગ્યા છે. પંજાબ તો ડ્રગ્સના સપાટામાં બહુ અગાઉથી ફસાઈ ગયેલું રાજ્ય છે. એના છેડા છેક અફઘાનિસ્તાનના અન્ડરવર્લ્ડ સાથે જોડાયેલા છે. જોકે તાલિબાનો સત્તામાં આવી ગયા પછી અસામાજિક તત્ત્વોને છુટ્ટો દોર મળી ગયો છે. કેપ્ટન અમરિન્દરસિંહનો સત્તાકાળ પંજાબમાંથી ડ્રગ્સ માફિયાઓને પકડવાથી શરૂ થયો હતો અને એમાં જ એમની મુદત પૂરી થઈ હતી. પછી આવી ભગવંત સરકાર, એમણે પણ શરૂઆત તો ડ્રગ્સ સામેની આક્રમકતાથી જ કરવી પડી. તેમણે યુદ્ધ નશા વિરુદ્ધ - એવા નામે ઝુંબેશ ચલાવી છે. છેલ્લાં ચાર વરસમાં માન સરકારે ડ્રગ્સના કારોબાર સાથે સંકળાયેલા કુલ ૯૫,૦૦૦ અપરાધીઓની ધરપકડ કરી છે. પંજાબની જેલોમાં જગ્યા ન હોય ત્યારે આ અપરાધીઓને હરિયાણાની જેલોમાં મોકલી દેવામાં આવે છે. ભગવંત સરકારે સુકાન સંભાળ્યા પછીથી અદ્યાપિ ૬૦૦૦ કિલો હેરોઈન સરકારે કબજે કર્યું છે. જેની કિંમત અબજો રૂપિયાની થાય છે.

ઘઉંના લહેરાતાં ખેતરોની વચ્ચે પંજાબની જે પ્રજા દાયકાઓથી મહેનત કરતી તે પ્રજાને પાકિસ્તાનના ડ્રગ માફિયાઓએ વિવિધ પ્રકારના કેફી દ્રવ્યોના રવાડે ચડાવી દીધી ત્યારથી એક તો પંજાબમાં ઘઉંનું ઉત્પાદન ઓછું થવા લાગ્યું અને બીજું, પંજાબના યુવાનો જે સૌથી વધુ ભારતીય સૈન્યમાં ભરતી થતાં હતા તેમાં પણ ઓટ આવી. ભગવંતે મુખ્યમંત્રી પદની ધૂરા સંભાળી ત્યારથી આજ સુધીમાં એમણે ડ્રગ્સના વ્યસની બની ગયેલા પંજાબના લાખો યુવાનોને સામાન્ય અને નિર્વ્યસની જીવન તરફ વાળ્યા છે. કેપ્ટન અમરિંદરની સરકાર વખતે દેશી શરાબ પીવાને કારણે એકસોથી વધુ નાગરિકોના મોત થયા હતા. હવે એવી ઘટનાઓ બનતી નથી.



પણ ભગવંત પાસે કોઈ જાદુઈ લાકડી નથી. લઠ્ઠો હજુ પીવાય તો છે જ. ઘણીવાર દેશી દારૂ તરીકે ઓળખાવવામાં આવે છે. જાણતા હોવા છતાં પંજાબના ગામડાંઓમાં બેફામ લઠ્ઠો પીવાય છે. કેપ્ટન અમરિન્દરે એમના જમાનામાં એકવાર તો લઠ્ઠાકાંડમાં મૃત્યુ પામનારાઓના પરિવારોને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. આપણા દેશની આ હાલત છે કે કોઈ લઠ્ઠો પીવે, પછી એમાં મોતને ઘાટ ઉતરે ને પછી વફાદાર કરદાતાઓએ રાજતિજોરીમાં જમા કરાવેલી મહેનતમાંથી એ લઠ્ઠો પીનારાના પરિવારોને આશ્વાસન રકમના કુલ લાખો રૂપિયા આપવામાં આવે.

કોઈ સજ્જન કરદાતા આખી જિંદગી ટેક્સ ભરશે અને છેવટે ગંગાજળનો ઘૂંટડો પીને નિંરાતેથી દિવંગત થશે તો સરકાર એના ઘરે એક પોસ્ટકાર્ડ પણ નહિ લખે અને શુકનનો સવા રૂપિયો પણ આશ્વાસનમાં નહિ મોકલે. ભારતમાં ગંગાજળિયો કાંઠો અને શરાબી નદીઓનો કાંઠો અલગ અને સામસામો છે. ભારતની જિંદગી એ બેયની વચ્ચેથી પુરપાટ વહે છે. પંજાબના મુખ્યમંત્રી અખંડ મહેનત કરીને પંજાબમાં પોતાના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકાર સ્થાપી ને સારી રીતે ચલાવી છે. સામા પાણીએ તરીને જીત્યા હોવાથી એમનું અભિમાન પણ કંઈ છાનું રહે એમ નથી. ઈ. સ. ૨૦૨૭માં એમને ફરી સત્તા પર આવવાની આશા છે. અત્યારે તો પંજાબ આપમાં પણ ચક્કા છાપ જુદા જુદા ઘોર આંતરકલહ ચાલે છે. પંજાબ સહિતનાં ઉત્તરીય ભારતનાં રાજ્યો હવે ગુનાખોરીની લપેટમાં એવા આવી ગયાં છે કે એના નેતૃત્વમાં અને રાજ્ય વ્યવસ્થાપનમાં પાવરફુલ વિજિલન્સ જોઈએ.

કોઈ સીધા-સાદા મુખ્યમંત્રી ન તો પૂર્વોત્તર રાજ્યોમાં ચાલે કે ન તો ઉત્તર ભારતમાં ચાલે. ભગવંત માને ગૃહખાતા પાસેથી ખૂબ કામ લીધું છે. રાજકીય વહીવટીય અને વિચક્ષણ બુદ્ધિમત્તાની રીતે તેઓ એકદમ ફિટ છે. પ્રજા તેમને ખરા દિલથી ચાહે છે, પરંતુ પંજાબમાં કલેક્ટરોનું કામ હોતા હૈ ચલતા હૈ જેવું છે. જેટલું કામ પોલીસતંત્ર કરે છે એટલું કામ મહેસુલ, પુરવઠા, નશાબંધી કે આબકારી અધિકારીઓ કરતા નથી. ભગવંતે એક સાથે દસ-બાર ઉચ્ચાધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે, પણ એનાથી બહુ ફેર પડયો નથી.

પરંતુ જિલ્લાતંત્રોની સુષુપ્તિને કારણે કોઈ પગલા લેવાયાં નહિ. લઠ્ઠાકાંડ અગાઉ અમૃતસર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના બે ખોબા જેવાં ગામડાઓમાંથી લઠ્ઠો પીવાથી મોત તરફ ધકેલાતા પાંચ કેસ સપાટી પર આવ્યા હતા. ત્યારે જ જો આ લઠ્ઠો ક્યાંથી આવ્યો છે એ જાણીને દરોડા પાડવામાં આવ્યા હોત તો બીજા અનેક લોકોની જાનહાનિ નિવારી શકાઈ હોત. લઠ્ઠાથી મૃત્યુ પામનારા પાંચ ગ્રામવાસીઓના સમાચાર સ્થાનિક ચેનલોમાં પણ વહેતા થયા હતા. તો પણ સરકારી તંત્ર જાગ્યું ન હતું. એ ઘટનાના પાંચ દિવસ પછી એ જ લઠ્ઠો અમૃતસર, ગુરદાસપુર અને તરણતારણ જિલ્લાઓના ગામડાંઓમાં ડિલિવર થઈ જતાં એક સાથે સોથી વધુ મોતનો હાહાકાર મચી ગયો અને છેક ત્યારે સરકાર જાગી.

આપણે ગુજરાતમાં પોલીસ આંખો મીંચીને દરોડા પાડે તોય ૨૦૦ પેટી દારૂની એક કલાકમાં ઝડપાઈ જાય એમ પંજાબમાં ડ્રગ્સ ન પકડાય એવા કોઈ જિલ્લા કે તાલુકા નથી. આપના પ્રધાનો ગમે તેટલા તૈયાર હોય પરંતુ દરેક જિલ્લાના વહીવટીતંત્ર હજુ એવા ને એવા જ છે, જેવા અકાલીદળ અને ભાજપની યુતિએ એમને બનાવી મૂક્યા હતા. પંજાબ સરકારે અદાલતી તપાસના આદેશો આપ્યા છે પરંતુ એથી કંઈ આવા દેશી દારૂની ભૂગર્ભ ધારાઓ વહેતી બંધ થઈ જવાની નથી. દેશમાં અનેક બાબતોમાં એવું જોવા મળે છે કે જ્યાં સુધી મોટી જાનહાનિ ન થાય ત્યાં સુધી સરકાર ધ્યાન આપતી જ નથી. પંજાબમાં દારૂબંધી નથી પરંતુ શરાબ બનાવવાના તથા ખરીદ-વેચાણના ચુસ્ત નિયમો છે.

જ્યાં શરાબનું ઉત્પાદન થાય છે ત્યાં સરકાર તરફથી ગુણવત્તા નિયમન શિથિલ હોય છે. અને એમાંથી જ આખરે લઠ્ઠો બહાર આવે છે. હકીકત એ પણ છે કે વાંધાજનક શરાબના ઉત્પાદકો પાસે કોઈ લાયસન્સ હોતા નથી. એથી તેઓ હલકી ગુણવત્તા દ્વારા ચિક્કાર નફાની યોજનાઓ ઘડે છે. તેમાં અંધારી આલમનાં અસામાજિક તત્ત્વો જોડાયેલાં હોય છે. પંજાબી પ્રજા લઠ્ઠાને ઝેરી શરાબ કહે છે. ખરેખર એ શરાબમાં કંઈ ઝેર ઉમેરવામાં આવ્યું હોતું નથી, પરંતુ ઘાતક રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં માત્રાભેદને કારણે તથા લાંબો સમય પડયા રહેવાને કારણે રાસાયણિક પ્રક્રિયાઓ વિપરીત થવા લાગે છે.

ઉપરાંત ઉત્પાદનના દરેક તબક્કે હલકી ચીજો અને છેલ્લે બનાવટી લેબલ લગાવીને માલ વેચવામાં આવે છે. ગુજરાતમાં આવો લઠ્ઠાકાંડ અગાઉ અનેકવાર બહાર આવેલો છે. સાબરમતીના કોતરોમાં દેશી શરાબની ભઠ્ઠીઓ ધમધમતી હોય છે. અમદાવાદથી ઉપરવાસમાં ભેદી કોતરોમાં લઠ્ઠો બને છે અને વેચાય છે. આજે પણ વડોદરા, સુરત અને મુંબઈના પછાત વિસ્તારોમાં જે શરાબ મળે છે જે સંબંધિત સત્તાતંત્રો પણ જાણે છે તે પંજાબની ઝેરી શરાબ જેવી જ ગુણવત્તા ધરાવે છે. એના પર કોઈનું નિયમન નથી. દેશમાં અનેક રાજ્યોમાં પંજાબ જેવા લઠ્ઠાકાંડ આકાર લે તો એમાં કોઈ જ નવાઈની વાત નથી, કારણ કે દરરોજ ક્યાંક ને ક્યાંક ઝેરી શરાબ જનિત અલ્પસંખ્યામાં મોત તો નોંધાતા જ રહે છે. જો કોઈ ખરો કુટિર ઉદ્યોગ ભારતમાં ધમધમતો હોય તો તે દેશી દારૂના નિર્માણનો જ છે. સાંભળવી ન ગમે તો પણ આ હકીકત છે.

## તંત્રી લેખ

# દિલ્હીમાંથી રોજ 211 મિલીયન લિટર અશુધ્ધ પાણી યમુનાની ગંદકી વધારે છે

હરિયાણા રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે રાજ્યના મુખ્યપ્રધાન નાયબસિંહ સૈનીને જાણ કરી હતી કે દિલ્હીથી આવતા યમુનાના પાણીમાં રોજ ૨૧૧ મિલીયન લીટર અનટ્રીટેડ(શુધ્ધ કર્યા વિનાનું) પાણી છોડાય છે. આ અહેવાલ ચોંકાવનારો છે. હરિયાણાની સરકારે યમુનાના પાણીને શુદ્ધ કરવા ખાસ બજેટ ફાળવ્યું છે. મુખ્યપ્રધાન સૈની ૨૧૧ મિલીયન લીટર પાણીના કારણે ઉભી થતી સમસ્યા નિવારવા દિલ્હીના મુખ્ય પ્રધાનને મળવાના છે.

જ્યારે બીજી તરફ દિલ્હીના મુખ્યપ્રધાન રેખા ગુપ્તાએ બે દિવસ અગાઉ યમુનામાં ઠલવાતી ગંદકી બાબતે સફાઇનું કામ સંભાળતા અધિકારીઓને જાહેરમાં ખખડાવ્યા હતા.

દિલ્હીની સરકારે ૨૨,૨૩૬ કરોડનું ગ્રીન બજેટ આપીને દેશનું ધ્યાન ખેંચ્યું છે. દિલ્હીમાં અગાઉની આમ આદમી પાર્ટીની સરકારે પણ બહુ મોટા પાયે યમુના શુધ્ધિકરણની વાતો કરી હતી પરંતુ છેલ્લે જ્યારે ૨૦૨૪ના નવેમ્બરમાં છઠની પૂજા યોજાઇ ત્યારે મહિલાઓ ફીણવાળા પાણીમાં ઊભા રહીને પૂજા કરી હતી.

યમુનામાં સતત ઠલવાતા ગંદા પાણી અને કારખાનાઓના પાણીના કારણે પ્રદૂષણ વધે છે અને પાણીમાં ફીણના ગોટા તરતા દેખાય છે. કિનારે આવેલા કારખાનાઓએ ભૂગર્ભમાં ખાળ કૂવા કરીને તેના કનેક્શન યમુના નદીમાં આપ્યા છે.

યમુનામાં સ્નાન કરવાનું લોકો માંડીવાળે એટલું ગંદુ પાણી આજે પણ કીનારા વિસ્તારમાં જોવા મળે છે. લોકોની ધાર્મિક ભાવના દુભાય છે પરંતુ યમુના ગંદી જ રહી છે.

દિલ્હીની રાજ્ય સરકારે ગ્રીન બજેટ બહાર પાડીને દેશના પર્યાવરણવાદીઓનું ધ્યાન ખેંચ્યું છે. દિલ્હી પ્રદૂષણથી ત્રસ્ત છે. યમુના નદીમાં તરતા ફીણના ગોટે ગોટા છેલ્લા ૧૦ વર્ષથી જોવા મળે છે. દરેક સરકારોએ યમુનાને સ્વચ્છ કરવા ઝુંબેશ આદરી હતી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કેજરીવાલે પણ યમુના શુધ્ધિકરણ માટે અનેક વચનો આપ્યા હતા પરંતુ યમુના મેલીને મેલી જ રહી હતી. જ્યારે છઠ પૂજન આવતું હતું ત્યારે શ્રધ્ધાળુ લોકો કિનારાની ગંદકીમાં ઉભા રહીને સૂર્યને અર્ધ્ય આપતા હતા. કેટલાક કિનારા ચોખ્ખા કરીને ત્યાં ટેમ્પરરી ઓવારા ઊભા કરી દેવાતા હતા.

છેલ્લા ૩૨ વર્ષમાં યમુના સફાઇ પાછળ ૮૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા છે જે પાણીમાં ગયા છે અથવા તો કૌભાંડોનો એક ભાગ બની ગયા છે એમ કહી શકાય. યમુના નદીના ૨૨ કિલોમીટરનો પટ્ટો ગંદકીથી છલકાતો હોય છે. છેલ્લા ત્રણ વર્ષમાં તેની સફાઇ પાછળ ૫૫૦૦ કરોડ ખર્ચાયા છે.

યમુના નદીમાં છોડાતા ગટરના પાણી અને કિનારા નજીક આવેલા કારખાનાના કેમિકલ યુક્ત પાણી યમુનાને ગટરના નાળા જેવી બનાવી દે છે. યમુનાની સફાઇ વારંવાર ચૂંટણી મુદ્દો બનેલો છે. પરંતુ કોઇ રાજકારણી યમુનાની સફાઇ પાછળ ખઇ ખપૂચીને પડયો નથી. યમુના સફાઇ પાછળ ૮૦૦૦ કરોડ ખર્ચાયા છે તો પછી સફાઇ કેમ ના થઇ તેવું પૂછનાર કોઇ નથી. પર્યાવરણના સમર્થકો વારંવાર સફાઇ કરવા પહોંચે છે પરંતુ નદીના કિનારા પર સતત કચરો ઠલવાતો રહે છે.

રેખા ગુપ્તાની સરકારે બહાર પાડેલા ગ્રીન બજેટમાં અનેક પગલાં લેવાયા છે. દિલ્હી જેમ યમુનાની ગંદકી તેમજ તેમાં આચરાયેલા ભષ્ટાચારથી ત્રસ્ત છે એમ હવાના પ્રદૂષણથી પણ ત્રસ્ત છે. દિલ્હીની રાજ્ય સરકારે ગ્રીન બજેટ બહાર પાડીને દેશના પર્યાવરણવાદીઓનું ધ્યાન ખેંચ્યું છે. દિલ્હી પ્રદૂષણથી ત્રસ્ત છે. યમુના નદીમાં તરતા ફીણના ગોટે ગોટા છેલ્લા ૧૦ વર્ષથી જોવા મળે છે. દરેક સરકારોએ યમુનાને સ્વચ્છ કરવા ઝુંબેશ આદરી હતી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કેજરીવાલે પણ યમુના શુધ્ધિકરણ માટે અનેક વચનો આપ્યા હતા પરંતુ યમુના મેલીને મેલી જ રહી હતી. જ્યારે છઠ પૂજન આવતું હતું ત્યારે શ્રધ્ધાળુ લોકો કિનારાની ગંદકીમાં ઉભા રહીને સૂર્યને અર્ધ્ય આપતા હતા. કેટલાક કિનારા ચોખ્ખા કરીને ત્યાં ટેમ્પરરી ઓવારા ઊભા કરી દેવાતા હતા.

**આ વખતે અલ નીનો વિકરાળ સ્વરૂપ ધારણે કરે તેવું દેખાઈ રહ્યું છે. 2026માં જે મેગા અલ નીનો કે સુપર અલ નીનો આકાર લેશે તેની અસર 2027 સુધી જોવા મળે તેમ છે. તેનાથી ગરમી વધે છે, ચોમાસું નબળું પડે છે અને દુનિયાભરમાં વરસાદી સિસ્ટમ ખોરવાય છે. ખાસ કરીને ભારત, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને એમેઝોન બેસિનમાં ભયાનક ગરમી અને દુકાળની શક્યતાઓ વધી જાય છે : તાજેતરમાં જ મહારાષ્ટ્રના અકોલાનું તાપમાન 46.9 ડિગ્રી પહોંચી ગયું હતું. તેવી જ રીતે અમરાવતીમાં 46.8 ડિગ્રી અને વર્ધામાં પણ 46 ડિગ્રી તાપમાન નોંધાયું હતું**

# વિશ્વના 100 ગરમ શહેરોમાંથી 95 ભારતના

## ગ્લોબલ વોર્મિંગ અને બેફામ બાંધકામને પગલે જંગલો ઘટતા ભારતનો ૫૫ ટકા ભાગ હાઈ હીટ રિસ્ક ઝોનમાં આવી ગયો



ઉત્તર પ્રદેશના બાંદામાં પણ 46.6 ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતના રાજ્યો કાળઝાળ આગમાં શેકાઈ રહ્યા છે : મહારાષ્ટ્ર, તેલંગણા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઓડિશા જેવા રાજ્યો સૌથી વધારે ગરમીનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત દિલ્હી, હરિયાણા, ચંડીગઢ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને વિદર્ભમાં ગરમી વધી છે. સતત લૂ વરસી રહી છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને પશ્ચિમી મધ્ય પ્રદેશમાં આગ ઝરતી ગરમી પડી રહી છે

દેશભરમાં ગરમીએ હાહાકાર મચાવ્યો છે. એપ્રિલ મહિનાના અંતિમ દિવસો ચાલી રહ્યા છે ત્યાં ઉનાળો આકરો થઈ રહ્યો છે. આગ ઝરતી ગરમી અને ચામડી દઝાડતી ગરમીથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. આકાશમાંથી જાણે કે આગ વરસતી હોય તેવી સ્થિતિ છે. તાજેતરમાં વૈશ્વિક હવામાન જાણકારોએ ગ્લોબલ મેપ જારી કર્યો હતો જેમાં ભારત લાલ રંગે રંગાયેલું બતાવાયું હતું. હવામાન ખાતાના અહેવાલ પ્રમાણે હાલમાં દુનિયાભરમાં જે ગરમી પડી રહી છે તેમાં ભારતમાં સૌથી વધારે ગરમી છે. વિશ્વના ટોચના ૧૦૦ ગરમ શહેરોમાંથી ૯૫ શહેરો ભારતના છે. તેમાંય ટોચના ૨૦ શહેરોમાંથી ૧૯ શહેરો ભારતના છે. હાલમાં ગરમી અને શુષ્ક હવામાન મુદ્દે ભારતે આફ્રિકા અને મિડલ ઈસ્ટના દેશોને પણ પાછળ છોડી દેવામાં આવ્યું છે.

જાણકારોના મતે ભારતમાં માત્ર શહેરો જ નહીં નાના શહેરો અને કેટલાક ગ્રામ્ય અને પછાત વિસ્તારો અને જિલ્લાઓ પણ ગરમીની ઝપેટમાં આવી ગયા છે. અહીંયા સરેરાશ ૪૦ ડિગ્રીથી ૪૭ ડિગ્રી સુધી તાપમાન જઈ રહ્યું છે. તાજેતરમાં જ મહારાષ્ટ્રના અકોલાનું તાપમાન ૪૬.૯ ડિગ્રી પહોંચી ગયું હતું. તેવી જ રીતે અમરાવતીમાં ૪૬.૮ ડિગ્રી અને વર્ધામાં પણ ૪૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તર પ્રદેશના બાંદામાં પણ ૪૬.૬ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતના રાજ્યો કાળઝાળ આગમાં શેકાઈ રહ્યા છે. છેલ્લાં એક અઠવાડિયાથી સરેરાશ તાપમાન ૪૩ ડિગ્રીથી ૪૭ ડિગ્રીની વચ્ચે આવી રહ્યું છે. તે સિવાય જમ્મુ-કાશ્મીર જેવા પર્વતીય રાજ્યોમાં પણ ગરમીએ કેર વર્તાવ્યો છે. સાંબામાં ૪૨ ડિગ્રી જ્યારે જમ્મુમાં ૪૦ ડિગ્રી તાપમાન પહોંચી ગયું છે.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર, તેલંગણા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઓડિશા જેવા રાજ્યો સૌથી વધારે ગરમીનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત દિલ્હી, હરિયાણા, ચંડીગઢ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને વિદર્ભમાં ગરમી વધી છે. સતત લૂ વરસી રહી છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને પશ્ચિમી મધ્ય પ્રદેશમાં આગ ઝરતી ગરમીની વચ્ચે પણ ગાજવીજ સાથે વાતાવરણના પલટાની ચેતવણી આપવામાં આવી છે. આંધ્ર પ્રદેશ, કેરલ અને તમિલનાડુમાં પણ ગરમ અને સુકા હવામાનની સ્થિતિ છે. સરેરાશ જોવા જઈએ તો દેશના અડધાથી વધારે રાજ્યોમાં ગરમીએ હાહાકાર મચાવ્યો છે.

જાણકારો માને છે કે વાતાવરણ સતત ગરમ અને શુષ્ક રહે છે અને પવનનું પ્રમાણ સાવ ઓછું થઈ રહ્યું છે. તે ઉપરાંત વાદળો પણ આકાશમાં હોતા નથી તેના કારણે દિવસભર ગરમીમાં સતત વધારો થઈ રહ્યો છે. પ્રી મોનસૂન ક્લાઈમેટમાં પણ આ વખતે મોડું થવાના એંધાણ છે અને તેની અસરના ભાગરૂપે જ ગરમીમાં વધારો થયો છે. હવામાન ખાતાના જાણકારો માને છે કે, ભારતનો ૫૫ ટકા ભાગ હાલમાં હાઈ હીટ રિસ્ક ઝોનમાં આવેલો છે. સામાન્ય રીતે સેનેગલ, માલી, બુર્કિના ફાસો, ઈરાક, કુવૈત, કતાર જેવા આફ્રિકા અને મિડલ ઈસ્ટના દેશો આ સમયગાળામાં ગરમ રહેતા હોય છે પણ આ વખતે ભારતે તમામને પાછળ છોડી દીધા છે. તેમાંય ક્લાઈમેટ ચેન્જ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ભારતમાં અનેક રાજ્યોમાં હીટ ડોમ વધી રહ્યા છે અને સ્થિતિ ખરાબ થઈ રહી છે.

હવામાન ખાતાના મતે આ વખતે ગરમી વધવાનું સૌથી મોટું કારણ મેગા અલ નીનો ઈફેક્ટ છે. ૧૫૦ વર્ષ બાદ અલ નીનો વ્યાપક સ્વરૂપ લઈ રહ્યું છે તેના કારણે જ ભારત અને અન્ય કેટલાક દેશોમાં વાતાવરણમાં વ્યાપક પલટો આવ્યો છે. એક અંદાજ પ્રમાણે ૧૮૭૭-૭૮માં ભયાનક ગરમી પડી હતી. તે સમયે અલ નીનો ઈફેક્ટના કારણે પેસિફિક રિજનમાં હાહાકાર મચી ગયો હતો. હાલમાં પેસેફિક મહાસાગરનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. તેની ઉપરની સપાટી સતત ગરમ થઈ રહી છે. તેના કારણે આ વખતે અલ નીનો વિકરાળ સ્વરૂપ ધારણે કરે તેવું દેખાઈ રહ્યું છે. ૨૦૨૬માં જે મેગા અલ નીનો કે સુપર અલ નીનો આકાર લેશે તેની અસર ૨૦૨૭ સુધી જોવા મળે તેમ છે.

જાણકારોના મતે હાલમાં જે ગ્લોબલ સ્થિતિ છે અને તેમાં ક્લાઈમેટ ચેન્જ, પ્રદુષણ અને સતત જંગલો કાપવાની કામગીરીની જે અસર થઈ રહી છે તેના કારણે આગામી વરસે વૈશ્વિક તાપમાનમાં રેકોર્ડ સ્તરે વધારો નોંધાવાની શક્યતા છે. આજથી દોઢસો વર્ષ પહેલાં જે અલ નીનો સર્જાયું હતું તેણે દુનિયાના એક મોટા હિસ્સામાં આકાશમાંથી આગ વરસાવી હતી. લૂ, સુકા વાતાવરણ અને દુકાળને પગલે વૈશ્વિક વસતીની ૪ ટકા વસતીનું તે સમયે મોત થયું હતું. જાણકારોને ચિંતા છે કે, હાલમાં આવી જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

સામાન્ય રીતે મધ્ય અને પૂર્વ પેસેફિક મહાસાગરનું પાણી જ્યારે વધુ પડતું ગરમ થાય છે ત્યારે તેની જે અસર પડે છે અને હવાનો પ્રવાહ અને ગરમીનું સ્તર બદલાય છે તેને અલ નીનો ઈફેક્ટ કહેવાય છે. તેનાથી ગરમી વધે છે, ચોમાસું નબળું પડે છે અને દુનિયાભરમાં વરસાદી સિસ્ટમ ખોરવાય છે. ખાસ કરીને ભારત, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને એમેઝોન બેસિનમાં ભયાનક ગરમી અને દુકાળની શક્યતાઓ વધી જાય છે. તેનાથી તદ્દન વિપરિત અમેરિકાના કેટલાક ભાગમાં ભયાનક વરસાદ અને પૂરની શક્યતાઓ વધી જાય છે.

ચિંતાજનક બાબત એ છે કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વાર્મિંગની પરિસ્થિતિની આકરી અસર શહેરો ઉપર થઈ રહી છે. તેના કારણે શહેરી વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. જાણકારોના મતે ભારતના શહેરો હવે અર્બન હીટ આઈલેન્ડ બની રહ્યા છે. મુંબઈ, દિલ્હી, ગુરુગ્રામ, લખનઉ, કાનપુર, બેંગ્લુરૂ, કટક, જયપુર, ભોપાલ, અમદાવાદ જેવા શહેરોમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આ શહેરોમાં આવેલા ઉંચી ઉંચી ઈમારતો, સિમેન્ટ અને કોંક્રિટના મકાનો, ડામરના અતિશય લેયર ધરાવતા રોડરસ્તા, મોટા મોટા કાચ ધરાવતા સ્કાય સ્ક્રેપર્સ અને વૃક્ષો, બગીચા અને જંગલોના અભાવને પગલે અહીંયા ગરમીનો વિસ્ફોટ થઈ રહ્યો છે. કોંક્રિટ, ડામર અને કાચ આખો દિવસ ગરમી ખેંચ્યા કરે છે અને રાત પડતા ધીમે ધીમે તેને રીલીઝ કરે છે. તેના કારણે દિવસે આકરી ગરમી અનુભવાય છે અને રાત્રે પણ રાહત મળતી નથી. છેલ્લાં એક દાયકામાં ભારતમાં વાર્મ નાઈટ્સમાં ૩૨ ટકાનો વધારો થયો છે. ગત વર્ષ સુધીમાં તો તાપમાન પણ ઘણું વધી ગયું છે. રાત્રીનું સરેરાશ તાપમાન ૩ થી ૫ ડિગ્રી સુધી વધી ગયું છે.

હાલમાં દેશના ૨૬૬ જિલ્લાઓમાં ભયાનક ગરમી છે જ્યારે ૧૫૧ જિલ્લામાં સ્થિતિ ગંભીર છે અને ૨૦૧ જિલ્લામાં મધ્યમ સ્થિતિ હોવાનું અનુમાન છે. તેમાંય આ વખતે અલ નીનો ઈફેક્ટ ભારત માટે ગંભીર બની રહ્યું છે. જાણકારો માને છે કે, તેની અસરને પગલે અરબ સાગર અને બંગાળની ખાડીથી આવતા ભેજવાળા પવનો પણ અટકી જાય તેવું લાગે છે. તે ઉપરાંત તે આગળ વધશે તો પણ તેનું જોર ઘટી જશે. તેના પગલે ઘણા વિસ્તારોમાં ઔતિહાસિક રીતે ૫૦ ટકાથી ઓછો વરસાદ પડવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

આ શક્તિશાળી અલ નીનોની અસરને કારણે ઘણા વિસ્તારોમાં ગરમી વધશે અને દુકાળની સ્થિતિ આવવાની શક્યતાઓ ૬૦ ટકા સુધી વધી જશે.

અલ નીનો ઈફેક્ટ આ વખતે ભારત માટે વધારે આકરી સાબિત થવાની છે તે અત્યારથી જ દેખાઈ રહ્યું છે. એપ્રિલ મહિનામાં જ ગરમીનો પારો ૪૭ ડિગ્રી સુધી પહોંચી રહ્યો છે. બીજી તરફ જેમ જેમ આ ઈફેક્ટ વધતી જશે તેમ તેમ ચોમાસું ખરાબ થવાની શક્યતાઓ છે. ભારતમાં ચોમાસું ખરાબ જવું તે અર્થતંત્ર માટે પણ મોટું જોખમ છે. દેશની ખેતી, જળ સંસાધન અને સમગ્ર અર્થવ્યવસ્થા ચોમાસા ઉપર ટકેલા હોય છે. હાલમાં જ ઉત્તર, મધ્ય, પૂર્વ અને દક્ષિણ પશ્ચિમના કેટલાક વિસ્તારોમાં ભયાનક ગરમી પડી રહી છે. વ્યાપક હીટવેવ જોવા મળી રહ્યો છે. આ તમામ વિસ્તારોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની શક્યતાઓ પણ જોવાઈ રહી છે. આ સંજોગોમાં ખેતીને નુકસાન થવાની અને ઉત્પાદન ઘટવાની ભીતી સેવાઈ રહી છે. તેની અસર ખાદ્ય પદાર્થોના ભાવ ઉપર થવાની જ છે. ઉપજ ઓછી આવશે તો ભાવ વધશે અને તેના પગલે મોંઘવારીમાં વધારો થવાનો છે. તે ઉપરાંત ચોમાસું ખરાબ જશે અને ગરમી વધશે તો પાણીની સમસ્યા પણ ઊભી થશે. જળાશયો ભરાશે નહીં અને ભૂગર્ભજળના સ્તરમાં વધારો થશે નહીં તો પાણીની સમસ્યા અકબંધ રહેશે. ક્લાઈમેટ ચેન્જના કારણે ગરમી વધેલી જ છે તેમાંય અલ નીનો આગમાં ઘી રેડવાનું કામ કરશે તેમ દેખાઈ રહ્યું છે. જાણકારો માને છે કે, આ વખતે સરેરાશ વરસાદ ૯૦ ટકાથી ઓછો અથવા તો વધારેમાં વધારે ૯૨ ટકા સુધી પહોંચે તેમ દેખાય છે. પેસિફિક મહાસાગરમાં ખારાશ વધી રહી છે. તેમાં જો ઘટાડો નહીં થાય તો અલ નીનોની અસર વધુ ૨૦ ટકા આકરી થશે તેવું દેખાય છે. જાણકારો માને છે કે, મેગા અલ નીનો નામ આપવું થોડું આકરું છે પણ સ્થિતિ તેવી જ નિર્માણ પામી રહી છે. અત્યારથી એક્શન પ્લાન રેડી કરવામાં નહીં આવે, જળ સંચય ઉપર કામ કરવામાં નહીં આવે, હીટ એક્શન પ્લાન બનાવવામાં નહીં આવે અને ખેડૂતો માટે સહાયતાની વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આ વર્ષ અત્યંત કપરું સાબિત થાય તેમ છે.

# રૂ. 289 કરોડમાં 25 એકરનું કેમ્પસ, વિદ્યાર્થીઓ ફક્ત પંદર



ગ્રેટર નોઇડા ખાતે આવેલી 'પંડિત દિન દયાળ ઉપાધ્યાય પુરાતત્ત્વ સંસ્થાન'ને એ કારણે બનાવવામાં આવી હતી કે, પુરાતત્ત્વ ક્ષેત્રે ભારતનું સૌથી અગત્યનું રિસર્ચ અને ટ્રેનિંગ સેન્ટર બની રહે. ૨૫ એકરમાં ફેલાયેલા અને રૂ.૨૮૯ કરોડના ખર્ચે બનેલા આ ભવ્ય કેમ્પસનું ઉદઘાટન ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. જો કે, આજે હકીકત કંઇક જુદી જ છે. કેમ્પસમાં દૂર દૂર સુધી માણસ તો ઠીક જનાવર પણ નજર આવતા નથી. ગ્રીનરી જોઇને એવુ લાગતું નથી કે, કેમ્પસ જીવંત છે. વડા પ્રધાન મોદીએ જ્યારે આ સંસ્થાનું ઉદઘાટન કર્યું હતું ત્યારે મોટી અપેક્ષા હતી. ૨૦૧૬ની ૨૮મી ઓક્ટોબરે તત્કાલિન ગૃહમંત્રી રાજનાથ સિંહે ભૂમિ પૂજન કર્યું હતું. કેમ્પસની બહાર લાગેલા બોર્ડમાંથી કેટલાક અક્ષરો ખરી પડયા છે. કેમ્પસમાં પ્રવેશ મેળવવો પણ લગભગ અશક્ય છે, બાંધવામાં આવેલુ મકાન ખુબ વિશાળ છે અને પાંચ માળનું છે. પરંતુ અહીં કોઇ કામ કરતું દેખાતું નથી. લગભગ બધા ઓરડાઓ બંધ હાલતમાં છે. સુંદર ઇમારત હોવા છતાં તેનો કોઇ ઉપયોગ થતો નથી.

આમ આદમી પાર્ટીના સાત ધારાસભ્યો ભાજપ સાથે જોડાઇ ગયા પછી એક સાંસદ એવા છે કે જેમણે આમ આદમી પાર્ટી સાથે હંમેશા વફાદાર રહેવાના સોગંધ લીધા છે. હવે પંજાબમાંથી બચેલા રાજ્ય સભાના એક માત્ર સાંસદ બાબા બલબીરસિંહ સિચેવાલે કહ્યું છે કે, પક્ષ છોડીને ગયેલા કેટલાલ સાંસદોએ ભૂતકાળમાં તેમની સાથે વાતચીત કરતી વખતે પક્ષ બદલવા માટે કોઇ વાત કરી ન હતી. સિચેવાલે કહ્યું હતું કે, 'એમનામાં હિંમત ન હતી કે, મને બીજા પક્ષમાં જોડાવાની ઓફર આપી શકે. મને પક્ષની અંદર કે બહાર સત્તા ગુમાવવાનો કોઇ ડર નથી. મેં કોઇ પણ પદ માટે માંગણી કરી ન હતી. પક્ષ પલ્ટો કરનારા મોટા ભાગના સાંસદોની નિમણૂક દિલ્હીથી થઇ હતી જ્યારે મને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પસંદ કર્યો છે. પર્યાવરણ સબંધી મારી નિષ્ઠાને કારણે મેં રાજ્ય સભાના સાંસદ બનવાનો પ્રસ્તાવ નકાર્યો હતો. જો કે, છેવટે મેં, પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો.'

આમ આદમી પાર્ટીએ રાઘવ ચઢ્ઢા સહિત તમામ બળવાખોર સાંસદોને અયોગ્ય જાહેર કરવા માટે રાજ્યસભા અધ્યક્ષને પત્ર લખ્યો હતો. જો કે, રાજ્યસભા સચિવાલયે તેમની માંગણી ફગાવી દીધી છે. આ બાબતે કેન્દ્ર સરકારે પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય સંસદીય મંત્રી કિરેન રિજ્જુએ સોશિયલ મિડીયા એક્સ પર એક પોસ્ટ મુકી છે પોસ્ટમાં એમણે લખ્યુ છે કે, 'રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને આમ આદમી પાર્ટીના તમામ સાંસદો ભાજપમાં જોડાયા તેનો સ્વિકાર કર્યો છે. રિજ્જુએ બળવાખોર સાંસદોના વખાણ કર્યા હતા, તેમણે કહ્યું કે, આ સાત સાંસદો પર અમારૂ ધ્યાન પહેલેથી હતું. આ સાંસદોએ કહી અપશબ્દોનો ઉપયોગ કર્યો ન હતો કે, ગેરશિસ્ત આચર્યું ન હતું.' રિજ્જુના આ નિવેદન પરથી લાગે છે કે, આપના બળવાખોર સાંસદો સાથે ભાજપના નેતાઓ પહેલેથી જ સંપર્કમાં હોવા જોઇએ. ભાજપ સાથેની સાંઠગાંઠ હોવાને કારણે આ સાંસદોનું વલણ રાજ્યસભામાં ભાજપ પ્રત્યે હંમેશા કૂણું રહ્યું હોઇ શકે છે.

મહારાષ્ટ્ર સરકારે થોડા દિવસો પહેલા રાજ્યમાં રિક્ષા, ટેક્સી અને બીજા પબ્લીક ટ્રાન્સપોર્ટના ડ્રાયવરોને પરમીટ અને લાઈસન્સ મેળવવા માટે મરાઠી ભાષા બોલતા ફરજીયાત આવડવુ જોઇએ એવો પ્રસ્તાવ મુક્યો હતો. આ બાબતે સરકારમાં જ બે જૂથ પડી ગયા છે એક જૂથ આ જોગવાઇનું સમર્થન કરે છે જ્યારે બીજુ જૂથ વિરોધ કરે છે. શિવસેના (એકનાથ શિંદે)ના નેતા સંજય નિરૂપમે આ બાબતે બિન મરાઠીઓને વધુ સમય આપવા માંગણી કરી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના હંમેશની જેમ આ બાબતે આક્રમક છે તેમની દાદાગીરી છે કે, મહારાષ્ટ્રમાં જો કામ કરવું હશે તો, ડ્રાયવરોને મરાઠી ભાષા આવડવી જોઇએ. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ બાબતે નરો વા કુંજરો વાનું વલણ રાખ્યુ છે. એમનું કહેવુ છે કે, મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો આગ્રહ રાખવામાં કંઇ ખોટુ નથી જો કે, એ બાબતે વિવાદ થવો જોઇએ નહીં. રિક્ષા કે ટેક્ષી ડ્રાયવરોને મરાઠી આવડતું ન હોય તો અમે તેમને મરાઠી શીખવીશું આ બાબતે હિંસા થવી જોઇએ નહીં.

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપુર્વ બોલર અને રાજ્યસભાના સાંસદ હરભજન સિંહની ઝેડ પ્લસની સુરક્ષા પંજાબ સરકારે પાછી ખેંચી લીધી છે. હરભજન સિંહના પી.એ.એ આ માહિતી આપી હતી. હરભજન સિંહને આમ આદમી પાર્ટીએ પંજાબથી રાજ્યસભામાં મોકલ્યા હતા. અગાઉ રાઘવ ચઢ્ઢાએ પણ જ્યારે આપ વિરૂધ્ધ નિવેદનો આપ્યા હતા ત્યારે તેમની ઝેડ પ્લસ સુરક્ષા પણ પાછી ખેંચવામાં આવી હતી. ત્યાર બાદ ભાજપે ચઢ્ઢાને ઝેડ પ્લસ સુરક્ષા આપી હતી. નવાઇની વાત એ છે કે, હરભજન સિંહ અને રાઘવ ચઢ્ઢાને માથે કોઇ જોખમ ન હોવા છતાં પહેલા પંજાબ સરકારે અને ત્યાર પછી ચઢ્ઢાને કેન્દ્ર સરકારે ઝેડ પ્લસ સુરક્ષા આપી હતી. ચઢ્ઢા કે હરભજન કોઇ પણ પક્ષમાં હોય તેમને ઝેડ પ્લસ સુરક્ષા આપવી એ કરદાતાના પૈસાનો બગાડ છે.

આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહીમના નજીકના ગણાતા સલીમ ડોલાની ધરપકડ તુર્કીના ઈસ્તંબુલ શહેરમાં થઇ છે. આ ધરપકડને કારણે અન્ડરવર્લ્ડ નેટવર્ક પર જબરદસ્ત ફટકો પડયો છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડીકેટ હલી ગઇ છે. આ નેટવર્ક મારફતે રૂ.પાંચ હજાર કરોડના ડ્રગની હેરાફેરી થતી હતી. આ સિન્ડીકેટ આતંકવાદીઓને પણ ફંડીગ કરતી હતી. સલીમની ધરપકડને કારણે આઇએસઆઇને પણ મોટો ફટકો પડયો છે. તુર્કીમાં એક સંયુક્ત ઓપરેશન દ્વારા સલીમને પકડવામાં આવ્યો હતો. હવે ભારત સરકાર તેને પરત ભારત લાવવા પ્રયત્ન કરી રહી છે. ભારતની એજન્સી પહેલા સલીમને યુએઇ મારફતે ભારત લાવવાનો પ્રયત્ન કરશે. કારણ કે, સલીમ પાસે યુએઇનો પાસપોર્ટ છે ભારતનો તુર્કી સાથે પ્રત્યાર્પણ કરાર નથી.

# જેની પાસે ધ્યેયનું અજવાળું છે,એને સૂરજ ઊગે કે ના ઊગે એનાથી ફરક નથી પડતોએનો આત્મવિશ્વાસ જ એની માર્ગ નો પ્રકાશ બનીને ઉભો રહેછે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**"જે હાથ દેખાતા નથી: પિતાની પ્રાર્થના અને આપણી સફળતા"**

આપણે જીવનમાં જે ઊંચાઈઓ સર કરીએ છીએ,જે માન- સન્માન,આરામ કે સમૃદ્ધિ પામી એ છીએ, તેના મૂળમાં ફક્ત આપણી મહેનત જ છે એવું આપણે માની લઈએ છીએ. પણ સત્ય ઘણીવાર દેખાતી વાસ્તવિકતાથી ઊંડું હોય છે. દરેક સફળ સંતાનની છાયામાં એક અદૃશ્ય હાથ હોય છે, જે રાત-દિવસ તેના માટે પ્રાર્થના કરતો હોય છે. એ હાથ પિતાનો હોય છે. જ્યારે આ સત્યની અનુભૂતિ થાય છે, ત્યારે ઘણીવાર પસ્તાવા સિવાય કંઈ બચતું નથી. પિતા અને પુત્રની આ કથા એ જ અદૃશ્ય પ્રેમ, બલિદાન અને નિ:સ્વાર્થ પ્રાર્થના નું દર્પણ છે. એકવાર પિતા અને પુત્ર હોડીમાં બેસીને દરિયાની સફરે નીકળ્યા. રસ્તો ભૂલ્યા, વાવાઝોડું આવ્યું અને હોડી તૂટી ગઈ. નસીબજોગે તેઓ બે નજીક- નજીક આવેલા નિર્જન ટાપુઓ પર પહોંચ્યા. ચારે બાજુ અથાહ જળરાશિ, દૂર-દૂર સુધી મદદનો કોઈ સંકેત નહીં. જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર એક શ્વાસનું અંતર હતું. પિતાએ નિરાશ થઈને કહ્યું, 'દીકરા, લાગે છે આપણો અંતિમ સમય આવી ગયો.' પણ બીજી જ ક્ષણે પિતાના મનમાં આશાનું એક કિરણ જાગ્યું. 'છેલ્લી ઘડીએ આપણે ઈશ્વરને કેમ ન યાદ કરીએ?' બંનેએ બે ટાપુ વહેંચી લીધા. પિતા એક ટાપુ પર અને પુત્ર બીજા ટાપુ પર પ્રાર્થના કરવા બેસી ગયા. સંકટમાં પણ પુત્રનું મન પોતાના 'સ્વ'ની આસપાસ જ ફરતું રહ્યું. તેણે પ્રાર્થના કરી: 'હે પ્રભુ, આ નિર્જન ટાપુ પર ફળ-ફૂલથી લચી પડતા વૃક્ષો ઉગાડો, જેથી હું મારી ભૂખ મિટાવી શકું.' તત્ક્ષણ ચમત્કાર થયો. આખો ટાપુ હરિયાળો થઈ ગયો, રસદાર ફળોથી લચી પડ્યો. પુત્ર આશ્ચર્યચકિત થઈ ગયો. તેને વિશ્વાસ બેઠો કે તેની પ્રાર્થના સીધી ઈશ્વર સુધી પહોંચે છે. હવે તેની બીજી માંગ હતી: 'હે પ્રભુ, અહીં એક સુંદર સ્ત્રી મોકલો જેથી હું એકલતા કાપી શકું અને મારું કુટુંબ વસાવી શકું.' પળવારમાં એક રૂપવતી સ્ત્રી તેની સામે પ્રગટ થઈ. બે પ્રાર્થના સફળ થતાં પુત્રનો આત્મવિશ્વાસ વધી ગયો.તેણે ત્રીજી અને અંતિમ પ્રાર્થના કરી: 'હે ઈશ્વર,હવે મને અહીંથી બહાર નીકળવા માટે એક મજબૂત હોડી આપો.' જોતજોતામાં કિનારે એક સુંદર હોડી આવીને ઊભી રહી.પુત્ર એક ક્ષણ પણ વિચાર્યા વગર હોડીમાં બેસી ગયો અને પિતાને ટાપુ પર એકલા છોડીને નીકળી પડ્યો.જેવો પુત્ર દરિયામાં થોડે દૂર ગયો કે આકાશમાંથી ગંભીર આકાશવાણી થઈ: 'હે દીકરા, ઊભો રહે!તું એકલો ક્યાં જાય છે? શું તું તારા પિતાને સાથે નહીં લઈ જાય?' પુત્રએ ઘમંડથી જવાબ આપ્યો: 'તેની એક પણ પ્રાર્થના તમે સાંભળી નથી. કદાચ તેનું હૃદય શુદ્ધ નથી. જેનું કર્મ તેવું ફળ. તેને અહીં જ રહેવા દો.' આકાશવાણી વધુ ગહેરી બની: 'મૂર્ખ દીકરા, શું તને ખબર છે કે તારા પિતાએ શું પ્રાર્થના કરી હતી?' 'ના, મને ખબર નથી અને જાણવામાં રસ પણ નથી.' આકાશવાણી થઈ: 'તો સાંભળ. તારા પિતાએ પોતાના માટે કશું જ માંગ્યું નહીં. તેણે ફક્ત એક જ પ્રાર્થના કરી: 'હે ભગવાન! મારો દીકરો તમારી પાસે જે કંઈ માંગે તે તેને આપી દેજો, કારણ કે હું તેને કોઈપણ સંજોગોમાં દુ:ખી જોઈ શકતો નથી. અને જો આજે મૃત્યુ નિશ્ચિત જ હોય, તો મારા દીકરા પહેલાં મને ઉપાડી લેજો.' દીકરા, આજે તને જે ફળ, જે સ્ત્રી અને જે હોડી મળી છે, તે તારી પ્રાર્થનાનું નહીં, તારા પિતાની નિ:સ્વાર્થ પ્રાર્થનાનું પરિણામ છે.'પુત્ર સ્તબ્ધ થઈ ગયો શરમથી તેની નજર ઝૂકી ગઈ.તેને સમજાયું કે તે જેને પોતાની સિદ્ધિ માનતો હતો,તે તો પિતાના બલિદાનનો પડછાયો હતો. આ કથાનો મર્મ સમજવા માટે ગોપીગીતનો ભાવ સમજવો અનિવાર્ય છે.ભગવાન શ્રીકૃષ્ણ એ જ્યારે ગોપીઓ સાથે રાસ રમાડ્યો,ત્યારે ગોપીઓના મનમાં સૂક્ષ્મ અહંભાવ જાગ્યો કે 'આ જગતમાં અમારાથી વધુ ભાગ્ય શાળી કોણ?' આ 'હું'નો ભાવ ભગવાનથી વિમુખ કરે છે. દસમ સ્કંધએ શ્રીમદ્ ભાગવતનું હૃદય છે,રાસલીલાએ દસમસ્કંધ નું હૃદય છે, અને ગોપીગીત એ રાસલીલાનું હૃદય છે.એટલેગોપી ગીત એ હૃદયનું પણ હૃદય છે. ગોપી એટલે કોણ?ગોપી કોઈ દેહ નથી.ગોપી એટલે દિવ્ય પ્રેમ મય, આનંદમય પ્રભુનું સ્વરૂપ. જ્યારે સ્ત્રી-પુરુષના દેહભાવથી પર થવાય, ત્યારે ગોપીભાવ પ્રગટે. રાસ એટલે શું?આ કોઈ લૌકિક નૃત્ય નથી. રસરૂપ પરમાત્મા સાથે આત્માનું એકરૂપ થઈ જવું એનું નામ રાસ છે.આત્મા અને પરમાત્માના મિલનનો મહોત્સવ એટલે રાસ. વિયોગ શા માટે? ગોપીઓને અભિમાન થતાં જ તેમની દૃષ્ટિ 'પ્રભુ' પરથી હટીને 'સ્વ' પર ગઈ. દૃષ્ટિ જ્યારે પોતાનામાં પડે ત્યારે પ્રભુ અલોપ થાય.પ્રભુએ જાણી જોઈને તેમનામાં અહંકાર જગાડ્યો,જેથી વિયોગની ભયંકર અગ્નિ પ્રગટે. વિયોગની પરાકાષ્ઠાએ જ્યારે 'હું' ઓગળી ને સંપૂર્ણ દૈન્ય પ્રગટે છે, ત્યારે જ સંયોગનો પરમ આનંદ મળે છે, ગોપનશીલા:ગોપી એટલે જે પોતાની ભક્તિને ગુપ્ત રાખે, તેનો દેખાડો ન કરે. જે પ્રેમનો ઢંઢેરો પીટે તે ગોપી નહીં. પિતા-પુત્રની કથા અને ગોપી ગીત, બંનેનો સાર એક જ છે અહંકારનું વિસર્જન.પિતા એટલે નિ:સ્વાર્થ પ્રેમનું શિખર:આ જગતમાં પિતા એકમાત્ર એવી વ્યક્તિ છે જે પોતાના સંતાનને પોતાનાથી પણ હજાર ગણું આગળ વધેલું જોવા માંગે છે, અને તેના બદલામાં કોઈ અપેક્ષા રાખતો નથી. તેનું સુખ જ પુત્રના સુખમાં સમાયેલું હોય છે.ઘમંડ એ સૌથી મોટો શત્રુ:* પુત્રની જેમ આપણે પણ સફળતાનો સંપૂર્ણ શ્રેય જાતે લઈ લઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએકે આપણા માથા પર માતા પિતાના આશીર્વાદનું છત્ર છે.આ ઘમંડ જ આપણા પતનનું કારણ બને છે.ઋણ જે ચૂકવી ન શકાય માતા- પિતાએ આપણા માટે જે કર્યું છે તેનું ઋણ આપણે ગમે તેટલી સંપત્તિ કે સેવા આપીને ચૂકવી શકતા નથી. તેમનું ઋણ ફક્ત કૃતજ્ઞતાથી જ અદા થઈ શકે.દૈન્ય એટલે પ્રભુના પ્રાગટ્ય ની પૂર્વશરત: જ્યાં સુધી 'હું કર્તા છું' નો ભાવ છે ત્યાં સુધી ઈશ્વર દૂર છે. જ્યારે 'હું' મટીને 'તું જ તું' નો ભાવ જાગે છે, ત્યારે પ્રભુ દોડતા આવીને ભેટી પડે છે. વાચક મિત્રો, આજે આપણે જે પણ છીએ,જે પણ પામ્યા છીએ તેની પાછળ અનેક અદૃશ્ય પ્રાર્થનાઓ,અસંખ્ય બલિદાનો અને નિ:સ્વાર્થ પ્રેમ કામ કરી રહ્યો છે. સૌથી પહેલું સ્થાન આપણા માતા-પિતાનું છે. તેમને ક્યારેય બોજ ન સમજો. તેમની સેવા એ જ સાચી ઈશ્વર ભક્તિ છે.અને જ્યારે આ વાત હૃદયમાં ઊતરે,ત્યારે આપણી ફરજ બને છે કે આપણે પણ કોઈના માટે અદૃશ્ય હાથબનીએ જરૂરિયાત મંદોને મદદ કરીએ, કારણ કે આપણને મળેલું દરેક સુખ કોઈકની નિ:સ્વાર્થ પ્રાર્થનાનું વ્યાજ છે. મૂડી તો તેની જ છે. તેને વહેંચતા રહીએ એ જ સાચી કૃતજ્ઞતા છે.

# ગુજરાતમાંથી 73 લાખથી વધુ મુસાફરોએ વંદે ભારત ટ્રેનોમાં કરી મુસાફરી

## મહિલાઓની રહી પહેલી પસંદ, ₹722 કરોડથી વધુ આવક પ્રાપ્ત કરી

**અમદાવાદ, તા.29**

ભારતીય રેલવેની પ્રીમિયમ સેમી-હાઈસ્પીડ સેવા વંદે ભારત એક્સપ્રેસે દેશમાં આધુનિક રેલવે યાત્રાની નવી ઓળખ સ્થાપિત કરી છે. ફેબ્રુઆરી 2019 માં એક સેવાથી શરૂ થઈને આજે આ નેટવર્ક દેશભરમાં 162 થી વધુ ટ્રેનો સુધી વિસ્તરી ચુક્યું છે, જે મુખ્ય શહેરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક યાત્રાથી જોડી રહ્યું છે.

ગુજરાતથી સંચાલિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોએ યાત્રીઓ વચ્ચે વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. 1 ઓક્ટોબર 2022 થી 31 માર્ચ 2026 સુધીના સમયગાળામાં રાજ્યથી સંચાલિત 6 જોડી વંદે ભારત ટ્રેનોમાં લગભગ 73 લાખ યાત્રીઓએ યાત્રા કરી, જ્યારે એનાથી કુલ રૂ. 722 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.



ગુજરાતથી સંચાલિત 6 વંદે ભારત ટ્રેનોની વિગતો (આરંભની તારીખ સહિત)

મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 01 ઓક્ટોબર 2022

સાબરમતી - જોધપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 09 જુલાઈ 2023

અમદાવાદ - ઓખા વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 25 સપ્ટેમ્બર 2023

મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 13 માર્ચ 2024

સાબરમતી - વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 27 મે 2025

અસારવા - ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 18 ફેબ્રુઆરી 2026

અમદાવાદ-મુંબઈ માર્ગ પર બંને વંદે ભારત યાત્રીઓની પહેલી પસંદ બની ગઈ છે. ધંધાદારીઓ, વ્યવસાયિકો તથા નિયમિત યાત્રી આ સેવાનો વ્યાપકરૂપે ઉપયોગ કરી રહ્યા છે. આ સેવાઓમાં ફક્ત યાત્રીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ જ નોંધવામાં નથી આવી, પરંતુ કેટલાક માર્ગો પર માંગ ક્ષમતાથી કેટલીય વધારે, 140% સુધીની ઓક્યુપેન્સી નોંધવામાં આવી છે, આ લોકપ્રિયતાને દર્શાવે છે. કેટલાક માર્ગો પર ઓક્યુપેન્સી 100% થી વધુ રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોની ઓક્યુપેન્સી 90% થી વધુ રહી છે.

આધુનિક સુવિધાઓથી સુસજ્જિત ટ્રેનો

'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ નિર્મિત વંદે ભારત ટ્રેનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેમાં સામેલ છે :

ઓટોમેટિક દરવાજાઓ અને જીપીએસ આધારિત યાત્રી સૂચના સિસ્ટમ

આરામદાયક રિક્લાઈનીંગ સીટો અને પૂરતો લેગરૂમ

મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ

સંપૂર્ણ સીસીટીવી કવરેજ અને બાયો-વેક્યુમ ટોઈલેટ

દિવ્યાંગો માટે અલગથી શૌચાલય

ટ્રેનમાં અગ્નિશામક યંત્ર અને ફાયર એલાર્મની વ્યવસ્થા

ઉત્કૃષ્ટ ખાણી-પીણી અને સેવાઓ

યાત્રીઓને ઉચ્ચ ગુણવત્તાની ઓનબોર્ડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેમાં : સ્વચ્છ અને તાજું ભોજન, ક્ષેત્રીય સ્વાદ પર આધારિત વિવિધ મેનૂ, પ્રી-પેક્ડ હાઈજિનિક સેવા, પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સમયબદ્ધ સેવા, ઉચ્ચ સમયપાલન, ઉત્તમ સુરક્ષા માનક અને ઉત્કૃષ્ટ સ્વચ્છતાને કારણે યાત્રીઓને વિશ્વાસ સતત મજબૂત થયો છે. ઝડપી ગતિ અને ઓછા યાત્રા સમયને કારણે આ ટ્રેનો વ્યવસાયિક અને નિયમિત યાત્રીઓ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થઈ રહી છે.

ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસની આ નોંધપાત્ર સફળતા ભારતીય રેલવેના યાત્રી-કેન્દ્રીત દ્રષ્ટીકોણનું સશક્ત પ્રમાણ છે. ભારતીય રેલવે ભવિષ્યમાં પણ યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને વિશ્વ સ્તરનો યાત્રા અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

# અદાણી પાવરના નાણા વર્ષ-26ના પરિણામો જાહેર

**અમદાવાદ, તા.29**

ભારતના ખાનગી ક્ષેત્રના સૌથી મોટા થર્મલ પાવર જનરેટર અને અદાણી પોર્ટફોલિયો કંપનીઓનો એક ભાગ અદાણી પાવર લિ. (APL) એ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષના છેલ્લા ત્રીમાસી અને સમગ્ર વર્ષના નાણાકીય પરિણામો આજે જાહેર કર્યા છે.

તદનુસાર વીજ ખરીદી કરાર હેઠળ હવે ૯૫% ઓપરેટિંગ ક્ષમતા આવરી લેવામાં આવી છે. નાણા વર્ષના આખરી ત્રિમાસીમાં વાર્ષિક ધોરણે કર પછીનો નફો ૬૪%ની મજબૂતાઈ થી વધીને રુ.૪,૨૭૧ કરોડ થયો છે. સમાન ગાળામાં એબિડટા વાર્ષિક ધોરણે ૨૭%ની સંગીન વૃધ્ધિ સાથે રુ. 6,498 કરોડ નોંધાયો છે. આ ગાળામાં વાર્ષિક ધોરણે ૧૦%ની મજબૂત વૃદ્ધિ સાથે આવક રૂ. ૧૫,૯૮૯ કરોડ થઇ છે.

અદાણી પાવર લિ.ના સીઈઓ શ્રી એસ બી ખયાલિયાએ પરિણામો વિષે જણાવ્યું હતું કે વિશ્વ ઊર્જાના ભાવમાં બીજા આંચકામાંથી જેમ જેમ પસાર થઈ રહ્યું છે, તે સ્થિતિમાં ભારતના ઊર્જા પુરવઠાની સુરક્ષા અને સાર્વભૌમત્વ ખૂબ જ મહત્વનું બની જાય છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે કોલસા સહિતના આપણા વિપુલ કુદરતી સંસાધનો લાંબા સમય સુધી વિકાસ અને વિકાસને શક્તિ આપશે. ખયાલિયાએ કહ્યું હતું કે ભારત તેના નવીનીકરણીય ઊર્જા લક્ષ્યોને પ્રાપ્ત કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, તેની સાથોસાથ થર્મલ પાવર ગ્રીડને સ્થિર કરવા અને ટોચની માંગને પહોંચી વળવાના પડકારનો સામનો કરી રહ્યું છે, અદાણી પાવર તેના ચાલુ ૨૩.૭ ગીગાવોટ ક્ષમતા વિસ્તરણમાં સતત નોંધપાત્ર સીમાચિહ્નો પાર કરી રહ્યું છે તે સાથે વધતી માંગના વાતાવરણમાં મજબૂત નફાકારકતા અને સ્વસ્થ રોકડ પ્રવાહ પેદા કરીને લાંબા ગાળાના વીજ ખરીદી કરારો કરી રહ્યું છે.

નાણા વર્ષ-૨૬ ના આખરી ત્રિમાસીમાં ભારતભરમાં વીજળીની માંગમાં સુધારાની શરૂઆત થઇ છે જેમાં ઉનાળાના આગમન સાથે ગત વર્ષના સરખા ગાળાના ૪૧૫ અબજ યુનિટની તુલનામાં નાણા વર્ષ-૨૬ના આ ગાળામાં માંગ ૧.૬% વધીને ૪૨૨ અબજ યુનિટે પહોંચી હતી. પૂરા વર્ષમાં માંગમાં ૦.૮% નો વધારો થયો, જે ગત વર્ષમાં ૧,૬૯૫ અબજ યુનિટ હતો. હવામાન-પ્રેરિત માંગમાં ફેરફારને કારણે IEX ડે અહેડ માર્કેટમાં સરેરાશ માર્કેટ ક્લિયરિંગ ભાવ નાણાકીય વર્ષ ૨૬ના અંતિમ ત્રિમાસીમાં ૧૨.૪% ઘટીને પ્રતિ kWh રૂ. ૩.૮૮ અને સમગ્ર વર્ષ દરમિયાન ૧૩.૭% ઘટીને પ્રતિ kWh રૂ. ૩.૮૫ થયો હતો.

આખરી ત્રિમાસીના ગાળામાં મહારાષ્ટ્ર ડિસ્કોમ દ્વારા ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, માલિકી અને સંચાલન ["DBFOO"] મોડ હેઠળ ૧,૬૦૦ મેગાવોટનો લાંબા ગાળાનો નવો વીજ ખરીદી કરાર કરવામાં આવ્યો છે. નબળી વેપારી માંગ વચ્ચે પણ આ ગાળામાં ૨૭.૨ અબજ યુનિટનું એકીકૃત પાવર વેચાણ વોલ્યુમ નોંધાયું છે. જે ગત વર્ષના સમાન ગાળામાં ૨૬.૪ અબજ યુનિટ હતું

નાણા વર્ષ-૨૬ના છેલ્લા ત્રિમાસીમાં એકીકૃત સતત કુલ આવક રૂ. ૧૫,૦૫૯ કરોડ થઇ હતી. ગત વર્ષના સરખા ગાળામાં તે રૂ. ૧૪,૫૨૨ કરોડ હતી. નાણા વર્ષ-૨૬ના છેલ્લા ત્રિમાસીમાં એકીકૃત મજબૂત સતત એબિડટા રૂ. ૫,૫૭૩ કરોડ નોંધાયો હતો., જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૫,૦૯૮ કરોડની તુલનાએ ૯% વધુ છે. આ વધારો માંગ વૃદ્ધિના માહોલમાં મુખ્ય કમાણીની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.

ઓછા કર ખર્ચની જોગવાઈને પગલે સમાન ગાળામાં કર બાદના એકીકૃત નફામાં ૬૪%નો આકર્ષક વધારો થતાં રુ. ૪,૨૭૧ કરોડ થયો છે.જે ગત નાણા વર્ષના સમાન સમયમાં રૂ. ૨,૫૯૯ કરોડ હતો.

સમગ્ર નાણાકીય વર્ષ ૨૬માં વાર્ષિક વીજ ઉત્પાદન ૧૦૫ અબજ યુનિટ સુધી પહોંચ્યું છે. આ સાથે માંગમાં સુધારો થતાં અને ઉચ્ચ અસરકારક સંચાલન ક્ષમતાને કારણે વર્ષ દરમિયાન એકીકૃત વીજ વેચાણનું વોલ્યુમ ૩.૪% વધીને ૯૯.૧૫ અબજ યુનિટ થયું છે. જે ગત નાણાકીય વર્ષમાં ૯૫.૮૮ અબજ યુનિટ હતું.

પૂરા નાણાકીય વર્ષમાં નીચા વેપારી દરોને કારણે એકીકૃત સતત કુલ આવક રૂ. ૫૫,૫૮૩ કરોડ થઈ હતી. જે ગત નાણાકીય વર્ષમાં રૂ. ૫૬,૪૭૩ કરોડ હતી. વર્ષાંતે મજબૂત એકીકૃત સતત એબિડટા રૂ. ૨૧,૨૮૫ કરોડ નોંધાયો હતો. જે ગત નાણાકીય વર્ષ-૨૫માં રૂ. ૨૧,૫૭૫ કરોડ હતો. આ તફાવત કાર્યક્ષમ સંચાલન અને સુધારેલા ટેરિફ મિશ્રણને કારણે ઓછી વેપારી પ્રાપ્તિને સરભર કરે છે.

નાણાકીય વર્ષ-૨૫માં કર બાદના રૂ.૧૨,૭૫૦ કરોડ નફાની તુલનામાં નાણા વર્ષ-૨૬માં કર બાદનો સંગીન એકીકૃત નફો રૂ. ૧૨,૯૭૧ કરોડથી વધુ નોંધાયો છે.

## અંગદાનમાં અનોખી 'એકતા': મિઝોરમના બ્રેઈન ડેડ યુવાને ગુજરાતમાં ફેલાવી માનવતાની મહેક

# માતૃત્વની પરાકાષ્ઠા: બ્રેઈન ડેડ પુત્રના અંગો દાન કરી માતાએ ચાર જરૂરિયાતમંદોને આપ્યું નવજીવન

- સિવિલ હોસ્પિટલનું ૨૩૮મું અંગદાન: ૨૪ વર્ષીય મોઈંગસુહાનું હૃદય અને કિડની હવે અન્યમાં ધબકશે
- મિઝોરમના આ પરિવારનો નિર્ણય સાબિત કરે છે કે હવે દેશના ખૂણેખૂણે અંગદાન અંગે જાગૃતિ ફેલાઈ રહી છે :- ડૉ. રાકેશ જોષી, સુપરીન્ટેન્ડન્ટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

અમદાવાદ, તા.29

માનવતાની કોઈ સીમા હોતી નથી અને પરોપકારની ભાવના ભાષા કે પ્રાંતના બંધનોથી પર હોય છે. આ વાતને સાર્થક કરી બતાવી છે મિઝોરમના ૨૪ વર્ષીય યુવાન મોઈંગસુહાના પરિવારે. મિઝોરમના મામીત જિલ્લાના તુઇપુઈબારી ગામનો રહેવાસી મોઈંગસુહા અમદાવાદમાં કામ કરતી પોતાની બહેનને મળવા માટે આવ્યો હતો. કોને ખબર હતી કે ખુશીઓની આ મુલાકાત કરુણાંતિકામાં ફેરવાઈ જશે. મેમ્કો બ્રિજ નજીક થયેલા એક ગંભીર અકસ્માતે મોઈંગસુહાના જીવનની ગતિ રોકી દીધી. માથામાં ગંભીર ઈજાઓ સાથે તેને ૨૫ એપ્રિલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, પરંતુ નિયતિને કંઈક બીજું જ મંજૂર હતું. ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ તબીબોએ તેને બ્રેઈન ડેડ જાહેર કર્યો.

પોતાના જુવાનજોધ પુત્રને ગુમાવવાનું અસહ્ય દુઃખ એક તરફ હતું, અને બીજી તરફ કોઈના જીવનમાં અંધકાર દૂર કરવાની તક હતી. મોઈંગસુહાની માતાએ અત્યંત હિંમત અને ઉદારતા દાખવી પોતાના વ્હાલસોયા પુત્રના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો. આ એક એવો નિર્ણય હતો જેણે મિઝોરમ અને ગુજરાત વચ્ચે માનવતાનો અતૂટ સેતુ બાંધ્યો. આ અંગદાન થકી મોઈંગસુહાનું હૃદય, એક લીવર અને બે કિડની પ્રાપ્ત થઈ. યુ.એન. મહેતા હોસ્પિટલમાં હૃદયનું અને સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં લીવર તેમજ કિડનીનું પ્રત્યારોપણ કરીને ચાર દર્દીઓને નવું જીવન બક્ષવામાં આવશે.




અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરીન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી આ ઘટનાને અંગદાનના ક્ષેત્રમાં એક સીમાચિહ્નરૂપ માને છે. તેમના મતે, મિઝોરમના આ પરિવારનો નિર્ણય સાબિત કરે છે કે હવે દેશના ખૂણેખૂણે અંગદાન અંગે જાગૃતિ ફેલાઈ રહી છે. દુઃખદ ક્ષણોમાં પણ મિઝોરમના યુવાનના પરિવારજનો દ્વારા લેવાયેલો અંગદાનનો નિર્ણય ખરેખર પ્રશંસનીય છે. આવા દાતા પરિવારો પ્રત્યે આપણે સૌ ઋણી છીએ એમ તેમણે જણાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલ માટે આ ૨૩૮મું અંગદાન હતું. આ આંકડાઓ માત્ર સંખ્યા નથી, પરંતુ તે સેંકડો પરિવારોની આશાઓ છે જે અંગદાનને કારણે ફરી જીવંત થઈ છે. અત્યાર સુધીમાં અહીં થયેલા ૨૩૮ અંગદાન દ્વારા કુલ ૭૮૮ અંગો અને ૨૩૮ પેશીઓ મળીને કુલ ૧૦૨૬ અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે. જેમાં ૨૧૨ લીવર, ૪૩૯ કિડની, ૭૬ હૃદય, ૩૪ ફેફસાં, ૬ હાથ, ૨ નાના આંતરડા, ૧૯૪ આંખો અને ૪૪ સ્કીનનો સમાવેશ થાય છે. આ મહાન કાર્ય દ્વારા આશરે ૭૬૬ જેટલા દર્દીઓને જીવનદાન આપવામાં સહાય મળી છે.

# જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

**અમદાવાદ, તા.29**

ઉત્તર રેલવેના જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામના કારણે અમદાવાદ મંડળથી ચાલનારી/પસાર થનારી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

શૉર્ટ ઓરિજિનેટ/શૉર્ટ ટર્મિનેટ ટ્રેનો

ટ્રેન નંબર 19415 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ 31 મે 2026 સુધી અમૃતસર સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે.

ટ્રેન નંબર 19416 શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-સાબરમતી એક્સપ્રેસ 02 જૂન 2026 સુધી અમૃતસર સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે.

ટ્રેન નંબર 19223 સાબરમતી-જમ્મૂ તવી એક્સપ્રેસ 14 જૂન 2026 સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે.

ટ્રેન નંબર 19224 જમ્મૂ તવી-સાબરમતી એક્સપ્રેસ 15 જૂન 2026 સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે.

પૂર્ણપણે રદ ટ્રેનો

ટ્રેન નંબર 19107 ભાવનગર ટર્મિનસ-એમસીટીએમ ઉધમપુર જન્મભૂમિ એક્સપ્રેસ 31 મે 2026 સુધી પૂર્ણપણે રદ રહેશે.

ટ્રેન નંબર 19108 એમસીટીએમ ઉધમપુર-ભાવનગર ટર્મિનસ જન્મભૂમિ એક્સપ્રેસ 01 જૂન 2026 સુધી પૂર્ણપણે રદ રહેશે.

ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# એટ્રોસિટીના ગુનામાં વોન્ટેડ શખસ ઝડપાયો: LCBએ ભંડારીયા ગામના બસ સ્ટેશન પાસેથી શખ્સને દબોચ્યો, વરતેજ પોલીસ સ્ટેશનમાં સોંપાયો

**ભાવનગર, તા.29**

ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશનમાં ભંડારીયાના શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી અને મારામારીની ફરિયાદ દાખલ થઈ હતી. જે બાદ આરોપી પોલીસ ચોપડે વોન્ટેડ હતો. જેને લોકલ ક્રાઈમ બ્રાંચે ભંડારીયા ગામથી ઝડપી વરતેજ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે મારામારી તથા એટ્રોસીટી એકટના ગુનાનો આરોપી સંજય રાઠોડ ભંડારીયા ગામમાં બસ સ્ટેશન પાસે ઉભો છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં શખ્સને ઝડપી લીધો હતો. જેની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી વરતેજ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવ્યો હતો.

# નરસિંહ જનમ જયંતી! અધ્યાત્મની ઉંચાઈએ લઈ જતાં શબ્દ બ્રહ્મનાં સર્જકને કોટી કોટી વંદન



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે વૈશાખ સુદ ચૌદસે નૃસિંહ જયંતિ છે, પણ વૈશાખ સુદ પૂનમે બુદ્ધ અને નરસિંહ મહેતા બંનેની જયંતિ છે, પૂનમે બુદ્ધ વિશે વાત કરીશું પણ આજે નરસિંહ વિશે લખીશું. આખું વર્ષ પ્રાર્થનાંમાં લખ્યું, પણ મને અત્યંત પ્રિય એવાં નરસિંહનાં ઉજળા ચરિત્ર વિશે લખવાનું કેમ છોડી શકું! આમ તો આપડે ટૂંકા પડીએ! જેની સ્વયં શ્રીકૃષ્ણે શેઠ શામળશા બની સેવકાઈ સ્વીકારી હોય, એને વિશે આપણે શું કહી શકીએ? પણ થોડાં શબ્દ પુષ્પ એની માટે વાપરીને શબ્દ શુદ્ધિ અને ભાવ શુદ્ધિ કરી શકીએ તોય ઘણું. આમ તો નરસિંહે પોતાની ભક્તિની પરાકાષ્ઠાએ જે શબ્દ બ્રહ્મની રચના કરી, માત્ર એ શબ્દને પકડીએ તો પણ હરિ સુધી પહોંચી જવાય, એટલી સરળ અને સચોટને સહજ શબ્દ વાણી. મારાં મતે નરસિંહ એટલે, નર રુપે આવેલો એક એવો સિંહ કે જેણે સમય રુપી કાળને કોળિયો બનાવ્યો! અને કળિયુગમાં જન્મ થયો છતાં દ્વાપરમાં જેની આવનજાવન રહી! શબ્દ એ આકાશનું સંતાન છે, અને રીતે એમનાં શબ્દ બ્રહ્મ વિષ્ણુનો અવતાર!

નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો પરંતુ તેની કર્મ ભૂમિ જુનાગઢ છે.આમ તો ઈતિહાસમાં નરસિંહના પરિવારનો બહુ ટૂંકો ઉલ્લેખ જોવાં મળે છે. કૃષ્ણ પ્રસાદ અને દયા કુંવરનાં પુત્ર તરીકે નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો. તેઓ પાંચ વર્ષની ઉંમરનાં હતાં, ત્યારે જ તેનાં પિતા વીરગતિને પામ્યાં, અને ત્યારબાદ તેમની માતાનું પણ અવસાન થયું. એટલે તેના દાદી જયાગૌરી એ તેને ઉછેર્યા હતાં, અને છ વર્ષ સુધી તેઓ કંઈ બોલ્યા પણ નહોતાં. એક સિદ્ધ સંત તેના કાનમાં રાધે ગોવિંદ બોલ્યાં અને એમને કૃષ્ણ ભક્તિ આપી, ત્યાર પછી એ બોલવાં લાગ્યા. એમને એક મોટા ભાઈ ભાભી હતાં જે જૂનાગઢમાં રહેતા, જેમનું નામ વંશીધર હતું, અને એને ત્યાં એ રહેતા હતા. માણેકબાઈ નામની સંસ્કારી અને સુશીલ કન્યા સાથે તેમનાં લગ્ન થયાં અને ત્યારબાદ શામળશા અને કુંવરબાઈ નામે બે સંતાનો થયાં. પરંતુ આપણે સૌ જાણીએ છીએ તેમ નરસિંહ મહેતાએ આર્થિક ઉપાર્જન માટે કોઈ કાર્ય સ્વીકાર્યુ નહોતું, એટલે તેનાં મોટાં ભાઈએ તેમને બહુજ સતાવ્યા, છતાં તેમણે તેની સાથે ઝઘડો કર્યો નથી. માણેકબાઈ એ ક્યારેય કંઈ કહ્યું હોય તો પણ, મોટા છે તેને કહેવાનો અધિકાર છે, એવી વાત કરી વાતને વાળી લીધી હતી. એટલે કે પરિવારજનોમાં તે પરમાત્માના દર્શન કરતાં હતાં, અને એ રીતે તે જીંદગીભર જીવ્યા. જે મોટાભાઈએ તેનું અપમાન કરી કાઢી મુક્યાં હતાં, ઈશ્વરે દર્શન દીધા ત્યારે ભગવાન કૃષ્ણને તેણે થોભી જવા કહ્યું હતું, અને કહ્યું હતું કે હું મારા ભાઈને બોલાવી લાઉં, આવી વાતનો ઉલ્લેખ પણ ઈતિહાસમાં મળે છે. આ ઉપરાંત કુંવરબાઈના મામેરા અને શામળશાના વિવાહના પ્રસંગો પરથી પણ જાણી શકાય, કે તેમણે પરિવારમાં કે કુટુંબમાં પરસ્પર દેવો ભવની પ્રીત નિભાવી છે. રીતરિવાજ અને પરંપરાની એ સમયે પરાકાષ્ઠા હતી, અને પહેરામણીનો એક કુરિવાજ પણ હતો, જેને કારણે જે પહોંચી શકે નહીં તેને સતાવવામા આવતા. નાગરોમાં નરસિંહના જીવન પરથી શીખ લઈને આજે તો હવે કંકુ વેરે કન્યા પરણે છે. એટલે કે લેતીદેતીનાં કોઈ સંબંધોને નાગર જ્ઞાતિમાં મહત્વ આપવામાં આવતું નથી, પણ હવે સુધરેલા સમાજમાં પાછાં હોંશ ને નામે વ્યવહાર શરૂ થયાં છે, જે દેખાદેખી કરાવે એવું દૂષણ છે.

નરસિંહનું મન તો રાધે ગોવિંદ એટલે કે કૃષ્ણ ચરિત્રમાં લાગી ગયું હતું, અને આ સંસાર તો તે આમજ નિભાવતા હતાં, અને તે ઈચ્છતા હતાં કે સમાજનો એક એક વ્યક્તિ સંસારમાં રહીને પણ પરમ તત્વને પામે, અને એનાં માટે થઈને તેણે વેદ વેદાંતને પોતાના પદમા ઉતાર્યા, એક એકથી ચડિયાતી રચનાઓ, શબ્દ બ્રહ્મની ઉપાસનાથી કે કૃષ્ણની ઉપાસના દ્વારા પ્રાપ્ત થઈ. આમ ખૂબ જ ઉત્તમ કહી શકાય એવી રચનાઓ તેમના નામે છે. સમાજ પણ બહુ વિચિત્ર માનસિકતા ધરાવતો હોય છે, જે તે વ્યક્તિ જીવીત હોય ત્યારે તેની નિંદા કરે, અને આજે નરસિંહ પર પીએચડી કરનારાં પણ કેટલાય છે, અને કરી ચૂકેલા પણ છે. તેણે ક્યારેય નાત-જાતનાં ભેદને મહત્વ આપ્યું નથી, અને એ સમયમાં પણ તે જ્ઞાતિજનો અને ઉચ્ચ વર્ણનાં લોકોનો વિરોધ હોવાં છતાં હરિજનવાસમાં જતાં, અને ત્યાં ભજન સંભળાવતાં. આ ઉપરાંત સમાજનું હિત જેમાં સમાયેલું હતું, એવું કાર્ય એટલે કે વર્ણભેદ નીતિનું ઉલંઘન તેણે કર્યું. આટલી સદીઓ પહેલાં કે જ્યારે વર્ણભેદને ખૂબ જ મહત્વ આપવામાં આવતું, ત્યારે તેણે સૌને સરખા સમજી એનામાં ઈશ્વરનાં દર્શન કર્યા.

સચરાચર સૃષ્ટિમાં પરમ ચૈતન્ય ચિદ વિલાસ કરી રહ્યું છે, તેનો સાક્ષાત્કાર તેમને થયેલો હશે, અને એટલે જ એ શબ્દાનુભૂતિની પ્રતીતિ રૂપે, એમણે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિની રચના કરી, અને સ્પષ્ટપણે લખ્યું પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષમાં ફાલી રહ્યો એ આકાશે. આ ઉપરાંત બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ખેલ ભાસે, પ્રેમરસ પાને મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, એવા અદભૂત પ્રાકૃતિક રીતે પરસ્પર દેવો ભવને સિદ્ધ કરનારી રચનાઓ લખી, અને આવું લખવું એ નરસિંહના જીવનમાં માત્ર કોઈ કલ્પના નહોતી! એણે એ રીતે પરમાત્માને અનુભવ્યો હતો. જે તે સમયના વર્તમાન સમયમાં પણ જો એ ભૂતકાળમાં જઈને કૃષ્ણ ચરિત્ર સાથે રાસલીલા કરતા હોય, અને એના શ્રૃંગાર રસના પદ રચી કૃષ્ણ સાથે રસ ક્રિડા કરી શકતા હોય, તો એ સમયનાં વર્તમાનમાં તે સૌમાં પરમાત્મ તત્વનાં દર્શન કરે, એ કોઈ ચમત્કારની વાત નથી લાગતી.

નરસિંહનાં જીવનનાં એક મહત્વનો પ્રસંગ જે આજે પણ ખૂબ પ્રસિદ્ધ છે, એ છે એમનાં પિતાનાં શ્રાદ્ધનો પ્રસંગ. ભગવાન શ્રી કૃષ્ણએ અદભૂત એશ્વર્ય બતાવી ભક્તનું એ કાર્ય સંપન્ન કર્યું. ઈશ્વરે ભક્તના પદ ને આટલી મોટાઈ આપી, છતાં સમાજે એને સતાવવાનુ છોડ્યું નહીં! ત્યારે નરસિંહનાં જ એક પદ નાગ દમનની એક પંક્તિનો આશ્રય કરી આપણે એની માફી માંગીએ તો કદાચ ભૂતકાળની એ ભૂલનો પશ્ચાતાપ થઈ શકે! અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને! આમ અસ્તિત્વની એક વ્યવસ્થા રુપે આવેલાં અને યુગોયુગો સુધી સમાજને જગાડવા માટે પર્યાપ્ત એવાં પદ આપનાર નરસિંહ એટલે નરસિંહ! બસ..

નાગરોનું નામ જગવિખ્યાત કરનારા નરસિંહ મહેતા પોતાના જીવનકાળ દરમિયાન સૌમાં પરમાત્મા વસે છે,અને સમાજમાં વસતાં સૌને જીવન જીવવાનો સમાન અધિકાર મળવો જોઈએ એવું માનનારા હતાં. એટલે એમ કહી શકાય કે ગાંધીજી પહેલા નરસિંહ મહેતા એ રામરાજ્ય સ્થાપાય એનું સ્વપ્ન જોયું હતું, અને સાથે સાથે પહેલ પણ કરી હતી. ગુજરાતી ભાષાનાં પ્રથમ કવિ હતાં, એટલે જ તેને આદિકવિની ઉપલબ્ધિ પણ મળી છે. તેમનું વૈષ્ણવજન નામનું પદ ગાંધીજીને ખૂબ પ્રિય હતું, અને તેમણે તેનો નિત્ય પ્રાર્થનામાં સમાવેશ કર્યો હતો, એ કારણે જ વૈશ્નવ જન તો તેને રે કહીએ,એ વિશ્વ વિખ્યાત બન્યું હતું. નાગરોની પહેલા અન્ય કોઈ મૂર્તિ પૂજા હતી નહીં, તેઓની વૈદિક પૂજા જ હતી, એટલે કે શાસ્ત્રાર્થ કરવો,અને એ ગહન શાસ્ત્રને સરળ બનાવીને એ શાસ્ત્રને લોકોપયોગી બનાવવા આ કામ નરસિંહ એ કર્યું. તો આજે આપણે નરસિંહ જયંતિ નિમિત્તે ભગવાન હાટકેશ્વર દાદા પાસે સંકલ્પ કરીએ કે, આપણે આપણા વૈદિક સંસ્કારો મુજબ જીવીશું, અને સમાજને ઉપયોગી થાય એવા કર્મ કરીશું. આ ઉપરાંત નરસિંહ મહેતા જેમ સૌમાં પરમાત્મા તત્વ રહેલું છે, એ સત્ય સ્વીકારી સૌ સાથે સૌમ્ય ને મિતભાષી વ્યવહાર કરીને, એને અપનાવીએ.જય હાટકેશ.

# 'પપ્પા ખૂબ એન્જોય કર્યું..', IPL મેચમાં ક્રિકેટર્સ સાથે લીધેલી છેલ્લી સેલ્ફી વાઈરલ, અકસ્માતમાં બંને યુવકોના મોત

નવી દિલ્હી, તા.29



દિલ્હીના અશોક રોડ પર સોમવારની રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માતમાં 14 વર્ષના અભવ ભાટિયા અને તેના 20 વર્ષના પિતરાઈ ભાઈ યજ્ઞ ભાટિયાનું કરુણ મોત નીપજ્યું છે. આ બંને ભાઈઓ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેની મેચ જોઈને બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે એક અજ્ઞાત ટ્રકે તેમને કચડી નાખ્યા હતા. આ ઘટના બાદ મૃતક યુવકના પિતાએ પોતાનું દર્દ ઠાલવતા કહ્યું કે, મેચ જોયા પછી દીકરો ખૂબ જ ખુશ હતો અને ફોન પર કહી રહ્યો હતો કે તેણે ખૂબ એન્જોય કર્યું છે. આ વાત વચ્ચે અચાનક અકસ્માત થાય છે અને બધા જ સપના અને ખુશીઓ શૂન્યમાં સમાઈ જાય છે!

અભવના પિતા સુમિત ભાટિયાએ જણાવ્યું કે, સુરક્ષાના કારણોસર તેમણે પોતાના દીકરાને ફોન કાપીને ખિસ્સામાં રાખવાને બદલે કોલ ચાલુ રાખવા કહ્યું હતું. અભવ ખૂબ જ ઉત્સાહમાં હતો અને મેદાન પર પોતાના મનપસંદ ક્રિકેટ સ્ટાર્સને જોવાનો અનુભવ શેર કરી રહ્યો હતો. વાતચીત દરમિયાન અભવે કહ્યું, 'પાપા, બહુ એન્જોય કર્યું, અમે અડધા કલાકમાં ઘરે પહોંચી જઈશું.' સુમિત હજુ તો દીકરાની વાતો સાંભળી જ રહ્યા હતા કે ત્યાં જ અચાનક એક જોરદાર અવાજ આવ્યો અને સન્નાટો છવાઈ ગયો. સુમિત વારંવાર દીકરાનું નામ પોકારી રહ્યા હતા, પણ સામેથી કોઈ જવાબ આવ્યો નહીં. થોડી મિનિટો પછી એક અજાણી વ્યક્તિએ ફોન ઉપાડ્યો અને પિતા સુમિતને અકસ્માતની જાણ કરી.

ધોરણ 9 માં ભણતા અભવનો ત્રણ દિવસ પછી જન્મદિવસ હતો અને પરિવારમાં ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. પરંતુ આ અકસ્માતે ખુશીઓને માતમમાં ફેરવી દીધી. રામ મનોહર લોહિયા હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમની બહાર સુમિત અને તેમના પરિવારજનો આઘાત સાથે આક્રંદમાં હતા, જે જોઈ સૌ કોઈનું હૈયું પીગળી ગયું હતું.

અકસ્માતનો ભોગ બનેલો અન્ય એક 20 વર્ષીય યુવક યજ્ઞ, જે BSC નો વિદ્યાર્થી હતો, તે એક ઉભરતો ક્રિકેટર બનવા માંગતો હતો. તે તેની કોલેજ ટીમનો હિસ્સો હતો અને નેટ્સમાં વ્યાવસાયિક ખેલાડીઓને બોલિંગ પણ કરતો હતો. તેની ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ 'ક્રિકેટ પ્રેમી' તરીકેની વિગતોથી ભરેલી હતી. તેણે અકસ્માતના થોડા કલાકો પહેલા જ ઈન્સ્ટાગ્રામ પર પોતાની છેલ્લી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટમાં તે અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની મેચ દરમિયાન ક્રિકેટરો સાથે સેલ્ફી લેતો અને મજા કરતો જોવા મળે છે.

અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને વિસ્તારના CCTV કેમેરાની મદદથી આરોપી ટ્રકની ઓળખ કરવાના પ્રયાસો કરી રહી છે. એક રાહદારીએ પોલીસને આ અંગે જાણ કરી હતી, ત્યારબાદ બંનેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં બંને આશાસ્પદ યુવકોના ખોળિયામાંથી જીવ જતો રહ્યો હતો.

# પંજાબ-રાજસ્થાનની મેચમાં અકસ્માત, મોં પર બૉલ વાગતા વૃદ્ધ લોહીલુહાણ!

નવી દિલ્હી, તા.29



IPLમાં મંગળવારે રમાયેલી રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સ (RR) એ પંજાબ કિંગ્સ (PBKS) ને 6 વિકેટથી હરાવી આ સિઝનની તેની પ્રથમ જીત નોંધાવી છે. પંજાબના મુલ્લાંપુરમાં રમાયેલા આ હાઈ-સ્કોરિંગ મુકાબલામાં ચોગ્ગા-છગ્ગાની રમઝટ જોવા મળી હતી, જેમાં બંને ઈનિંગ્સ મળીને કુલ 26 છગ્ગા લાગ્યા હતા.

જોકે, આ મેચ દરમિયાન એક દર્દનાક અકસ્માત પણ સર્જાયો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક વીડિયો અનુસાર, સ્ટેડિયમમાં મેચ જોઈ રહેલા એક શખ્સને બેટરનો જોરદાર શોટ વાગતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. વીડિયોમાં વ્યક્તિની આંખ પાસેના ભાગમાંથી પુષ્કળ લોહી નીકળતું જોવા મળી રહ્યું છે, જોકે આ બોલ કયા બેટરના શોટથી વાગ્યો હતો તે હજુ સ્પષ્ટ થયું નથી.

મુલ્લાંપુરમાં રમાયેલી આ મેચના સ્કોરની વાત કરીએ તો, પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ પસંદ કરીને 222 રનનો તોતિંગ સ્કોર બનાવ્યો હતો. પંજાબ માટે પ્રભસિમરન સિંહે 59 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે માર્કસ સ્ટોઈનિસે તોફાની બેટિંગ કરતા માત્ર 22 બોલમાં 62 રન ફટકાર્યા હતા.

223 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સની ટીમે શાનદાર શરૂઆત કરી હતી, જેમાં વૈભવ સૂર્યવંશીએ 43 રન અને યશસ્વી જયસ્વાલે 51 રન બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી દીધી હતી. મેચના અંતિમ તબક્કામાં ડૉનોવન ફેરીરાએ 26 બોલમાં અણનમ 52 રન અને ઈમ્પેક્ટ પ્લેયર શુભમ દુબેએ માત્ર 12 બોલમાં 31 રનની આક્રમક ઈનિંગ રમીને રાજસ્થાનને વિજય અપાવ્યો હતો. આ પરાજયને કારણે પંજાબ કિંગ્સની આ સિઝનમાં સતત જીતવાની લય ખોરવાઈ ગઈ છે.

# 167 બોલમાં 400 રન, રસેલ-અભિષેક શર્માના રેકોર્ડ ભૂંસી નાખ્યા! ગેલનો મહારેકોર્ડ હવે ખતરામાં

નવી દિલ્હી, તા.29



IPL 2026 માં 15 વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ બેટિંગમાં એવું તોફાન મચાવ્યું છે કે ક્રિકેટ જગતના દિગ્ગજો સ્તબ્ધ થઈ ગયા છે. સીઝનની 40મી મેચમાં પંજાબ કિંગ્સ સામે રમીને વૈભવે આ સીઝનમાં પોતાના 400 રન પૂરા કર્યા છે. આ સાથે જ તે IPL ના ઈતિહાસમાં સૌથી ઓછા બોલ રમીને 400 રન બનાવનાર વિશ્વનો નંબર 1 બેટર બની ગયો છે.

વૈભવે માત્ર 167 બોલમાં 400 રનનો આંકડો પાર કર્યો છે. આ મામલામાં તેણે આન્દ્રે રસેલ (188 બોલ), અભિષેક શર્મા (195 બોલ) અને નિકોલસ પૂરન (197 બોલ) જેવા વિસ્ફોટક બેટ્સમેનોને ઘણા પાછળ છોડી દીધા છે. એટલું જ નહીં, વૈભવે 230+ ના સ્ટ્રાઈક રેટથી 400 રન બનાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, જે IPLના 2008 થી 2025 સુધીના ઈતિહાસમાં કોઈ કરી શક્યું નથી.

પંજાબ કિંગ્સ સામેની મેચમાં વૈભવે માત્ર 16 બોલમાં 5 સિક્સરની મદદથી 43 રન ફટકાર્યા હતા. અત્યાર સુધી 9 મેચમાં જ તેના નામે 37 સિક્સર નોંધાઈ ગઈ છે. ક્રિસ ગેલના નામે એક સીઝનમાં સૌથી વધુ 59 સિક્સર (વર્ષ 2012) ફટકારવાનો રેકોર્ડ છે. વૈભવ પાસે હજુ 5 લીગ મેચો બાકી છે અને જો રાજસ્થાન પ્લેઓફમાં પહોંચશે તો તેની પાસે વધુ તક હશે. ગેલનો રેકોર્ડ તોડવા માટે તેને માત્ર 22 સિક્સરની જરૂર છે.

વૈભવે આ મેચમાં પંજાબના સ્ટાર બોલરો અર્શદીપ સિંહ, લોકી ફર્ગ્યુસન અને માર્કો યાન્સેનની બરાબરની ક્લાસ લીધી હતી. હેલીકોપ્ટર શૉટ ફટકારીને તેણે મેદાન ગજવી મૂક્યું હતું અને ફરી એકવાર 'ઓરેન્જ કેપ' પોતાના નામે કરી લીધી છે.

# લાઈવ મેચમાં ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીતાં ઝડપાયો સ્ટાર ખેલાડી! BCCI લેશે એક્શન?

નવી દિલ્હી, તા.29



મહારાજા યાદવિન્દ્ર સિંહ સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સ સામે રાજસ્થાન રોયલ્સની રોમાંચક જીત બાદ એક નવો વિવાદ સર્જાયો છે. ટીમના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમમાં વેપિંગ (ઈ-સિગારેટ) કરતા કેમેરામાં કેદ થઈ ગયા છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે.

રાજસ્થાનની ટીમે ૨૨૩ રનનો વિશાળ લક્ષ્યાંક સફળતાપૂર્વક પાર પાડ્યો હતો, પરંતુ આ ભવ્ય જીત પર રિયાન પરાગની આ હરકતે પાણી ફેરવી દીધું છે. વાયરલ વીડિયોમાં પરાગ ડ્રેસિંગ રૂમમાં યશસ્વી જાયસ્વાલ અને ધ્રુવ જુરેલની હાજરીમાં ઈલેક્ટ્રોનિક વેપ ડિવાઈસનો ઉપયોગ કરતા દેખાઈ રહ્યા છે. પરાગે આ વાત છુપાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેમેરાની નજરથી બચી શક્યા નહીં.

IPL ના શિસ્તભંગના નિયમો મુજબ ડ્રેસિંગ રૂમ કે ડગઆઉટમાં કોઈપણ પ્રકારનું સ્મોકિંગ કે વેપિંગ સખત રીતે પ્રતિબંધિત છે. આ મામલે હવે BCCI અને IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા તપાસ થઈ શકે છે. પરાગને ભારે દંડ, ચેતવણી અથવા મેચ બેનનો સામનો કરવો પડી શકે છે.

ભારતમાં PECA (Prohibition of Electronic Cigarettes Act) 2019 હેઠળ ઈ-સિગારેટ અને વેપિંગ ડિવાઈસ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આ કાયદા હેઠળ દંડ અને જેલની સજાની જોગવાઈ પણ છે.

રાજસ્થાન રોયલ્સ માટે આ પહેલો વિવાદ નથી. અગાઉ ટીમના મેનેજર રોમી ભિંડરને ડગઆઉટમાં ફોન વાપરવા બદલ ૧ લાખનો દંડ થયો હતો. હવે કેપ્ટનની આ હરકતે ટીમના અનુશાસન પર સવાલો ઉભા કર્યા છે. સોશિયલ મીડિયા પર ચાહકો પણ ટીમના કેપ્ટનના આવા વર્તન સામે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

# કપૂર ખાનદાનમાં દાયકાઓ જૂની પરંપરા તૂટી? 45ની ઉંમરે રણબીરની બહેનનું ડેબ્યૂ, પપ્પા ઋષિ કપૂરનો હતો ડર

મુંબઈ, તા.29



હિન્દી સિનેમાના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત કપૂર પરિવારમાં પૃથ્વીરાજ કપૂરના સમયથી એક કડક પરંપરા ચાલી આવતી હતી. આ પરિવારમાં ઘરના પુરુષો ફિલ્મોમાં કામ કરતા, પરંતુ મહિલાઓને તેનાથી દૂર રાખવામાં આવતી હતી. દીકરીઓને હંમેશા લગ્ન અને ઘર સંભાળવા પર ધ્યાન આપવાનું કહેવામાં આવતું. આ નિયમને વર્ષો સુધી કોઈપણ સવાલ વગર પાળવામાં આવ્યો હતો, જેના કારણે કપૂર પરિવાર એક શિસ્તબદ્ધ અને પરંપરાવાદી પરિવાર ગણાતો હતો.

ઋષિ કપૂર ભલે આધુનિક વિચારધારાવાળા ગણાતા, પરંતુ પારિવારિક પરંપરાના મામલે તેઓ ખૂબ સખત હતા. તેમનું માનવું હતું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રી મહિલાઓ માટે સરળ જગ્યા નથી. ઋષિ કપૂરની ઓટોબાયોગ્રાફી 'ખુલ્લમ ખુલ્લા'માં નીતુ કપૂરે ખુલાસો કર્યો હતો કે, રિદ્ધિમા એ ડરમાં મોટી થઈ હતી કે જો તે તેના પિતાને એક્ટ્રેસ બનવાની ઈચ્છા કહેશે, તો તેઓ પોતે જ પોતાને નુકસાન પહોંચાડી દેશે. આ જ ડરને કારણે રિદ્ધિમાએ ક્યારેય પોતાની ઈચ્છા જાહેર કરી નહીં અને ગ્લેમરની દુનિયાથી દૂર રહીને પોતાનો અલગ રસ્તો પસંદ કર્યો.

વર્ષ 2020માં ઋષિ કપૂરના નિધન બાદ કપૂર પરિવારમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. હવે પરિવારમાં કડક નિયમોને બદલે ખુલ્લો માહોલ જોવા મળી રહ્યો છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ જેવી નવી પેઢી માને છે કે દરેક વ્યક્તિને પોતાની પસંદગી મુજબ જીવન જીવવાનો પૂરો હક છે. આ પરિવર્તન સમય સાથે આવેલી સમજદારીનું પરિણામ છે, જેમાં હવે પરિવારની મહિલાઓ પણ પોતાના નિર્ણયો લેવા માટે સ્વતંત્ર છે.

બદલાતા સમયનો સૌથી મોટો પુરાવો એ છે કે રિદ્ધિમા કપૂર સાહની 45 વર્ષની ઉંમરે બોલિવૂડમાં પદાર્પણ કરી રહી છે. તે ટૂંક સમયમાં જ 'દાદી કી શાદી' નામની ફિલ્મથી ડેબ્યૂ કરશે, જેમાં તેની સાથે માતા નીતુ કપૂર અને કપિલ શર્મા પણ જોવા મળશે. આ ફિલ્મ સંબંધો અને જીવનમાં બીજી તક મળવાના મહત્ત્વને હળવી શૈલીમાં રજૂ કરે છે. કરિશ્મા અને કરીના કપૂરે અગાઉ જ એક્ટિંગમાં નામ બનાવ્યું હતું, પરંતુ હવે રિદ્ધિમાનું આ પગલું સાબિત કરે છે કે સપના પૂરા કરવા માટે ઉંમર કે લગ્ન કોઈ અવરોધ નથી.

કપૂર ખાનદાનની પરંપરાઓ પૂરી થઈ નથી, પરંતુ સમયના હિસાબે તેમાં સુધારો આવ્યો છે. પહેલા નિર્ણયો સમાજના ડરથી લેવાતા હતા, જ્યારે હવે પરિવાર પોતાની ખુશી અને પસંદગીને વધુ મહત્ત્વ આપે છે. ફિલ્મોમાં કામ કરવું હવે પરિવારની પ્રતિષ્ઠા વિરુદ્ધ માનવામાં આવતું નથી. કપૂર પરિવાર પોતાની ભવ્ય વિરાસતને જાળવી રાખીને આધુનિકતા સાથે જે રીતે તાલ મિલાવી રહ્યો છે, તે સમગ્ર સમાજ માટે એક સકારાત્મક સંદેશ છે.

# ઈન્ટિમેટ સીનમાં ભાન ભૂલી ગયો હતો સુપરસ્ટાર, 'કટ' પછી પણ ન અટક્યો! અન્નુ કપૂરનો સનસનીખેજ દાવો

મુંબઈ, તા.29

ફિલ્મી પડદા પર ઈન્ટિમેટ સીન્સ જોવામાં જેટલા રોમેન્ટિક લાગે છે, હકીકતમાં તેનું શૂટિંગ કરવું કલાકારો માટે એટલું જ મુશ્કેલ અને ક્યારેક અસહજ હોય છે. તાજેતરમાં દિગ્ગજ અભિનેતા અન્નુ કપૂરે એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડના સેટ પર બનેલી એક એવી ઘટનાનો ખુલાસો કર્યો છે, જેને સાંભળીને સૌ કોઈ ચોંકી ગયા છે.



સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં અન્નુ કપૂરે એક જૂનો કિસ્સો શેર કરતા જણાવ્યું કે, એક ફિલ્મમાં ઈન્ટિમેટ સીન શૂટ કરતી વખતે હીરો બેકાબૂ થઈ ગયો હતો. અન્નુ કપૂરે કહ્યું કે, ડિરેક્ટરે 'કટ' બોલ્યા પછી પણ તે હીરોએ હીરોઈનને છોડી નહોતી. અંતે અભિનેત્રીએ તેનાથી પીછો છોડાવીને સેટ પરથી ભાગવું પડ્યું હતું. આ ઘટનાથી અભિનેત્રી એટલી હદે ડરી ગઈ અને માનસિક રીતે ભાંગી પડી હતી કે તે સતત બે દિવસ સુધી પોતાના રૂમમાંથી બહાર નીકળી નહોતી. જોકે, અન્નુ કપૂરે આ બંને કલાકારોના નામ જાહેર કરવાનું ટાળ્યું હતું.

અન્નુ કપૂરે ઈન્ડસ્ટ્રીની આ કડવી વાસ્તવિકતા પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, ઘણીવાર કલાકારો આવા સીન્સ દરમિયાન બેકાબૂ થઈ જાય છે અને પરિસ્થિતિનો ગેરફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરે છે. જો તે અભિનેત્રી આ ઈન્ટરવ્યૂ જોશે તો તે ચોક્કસપણે મારી વાત સાથે સહમત થશે. અન્નુ કપૂરે એમ પણ કહ્યું કે , મેં પોતે મારા લાંબા કરિયરમાં ક્યારેય આવી રીતે મર્યાદા ઓળંગી નથી અને હંમેશા પ્રોફેશનલ અભિગમ રાખ્યો છે.

આ ઉપરાંત અન્નુ કપૂરે ફિલ્મ 'સાત ખૂન માફ' દરમિયાન પ્રિયંકા ચોપરા સાથેના કામનો અનુભવ પણ શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે સ્ક્રિપ્ટ મુજબ પ્રિયંકા અને મારી વચ્ચે એક કિસિંગ સીન શૂટ કરવાનો હતો. પરંતુ પ્રિયંકા આ સીન કરવા માટે કમ્ફર્ટેબલ નહોતી અને તેણે ઈનકાર કરી દીધો હતો. જોકે ડિરેક્ટર વિશાલ ભારદ્વાજ આ સીન હટાવવા માંગતા નહોતા, પરંતુ જ્યારે તમને ખબર પડી કે પ્રિયંકા અસહજ છે, ત્યારે મેં કોઈ વિવાદ ઊભો કર્યો નહોતો. પરંતુ આ વાત પાછળથી મીડિયામાં ખૂબ ચર્ચાઈ હતી.

# સંજય દત્તે સરકે ચુનર તેરી ગીતના વિવાદમાં માફી માંગી

## 50 આદિવાસી બાળકોનાં શિક્ષણનો ખર્ચ ઉપાડવાની બાંહેધરી પણ આપી

મુંબઈ, તા.29



સંજય દત્ત અને નોરા ફતેહીનાં ગીત 'સરકે ચુનર'ના અશ્લીલ શબ્દો અંગે થયેલા વિવાદમાં સંજય દત્તે રાષ્ટ્રીય મહિલા પંચ સમક્ષ હાજર થઈ માફી માગી છે. સંજય દત્તે એક સુધારાત્મક પગલાં તરીકે ૫૦ આદિવાસી બાળકોનાં શિક્ષણનો ખર્ચ ઉપાડવાની બાંહેધરી પણ આપી હતી.

સાથેસાથે તેણે ખાતરી આપી હતી કે ભવિષ્યમાં કદી તે મહિલાઓ અને બાળકોના સમ્માનજનક ચિત્રણ માટે ધ્યાન રાખશે. તેણે મહિલા પંચને લેખિતમાં માફી આપતાં કહ્યું હતું કે જો મારાં પરફોર્મન્સથી સમાજના કોઈ વર્ગની લાગણી દૂભાઈ હોય તો પોતે તેના માટે દિલગીર છે. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે કોઈપણ રચનાત્મક સર્જનમાં મહિલાઓનું અપમાન કરી શકાય નહીં.

પંચે સંજય દત્તને ઠપકો આપતાં કહ્યું હતું કે તેણે પોતાનાં કામદરમિયાન સંવેદનશીલતા અને સામાજિક મર્યાદાઓનું ધ્યાન રાખવું જોઈએ.

# 'ધુરંધર'ની સફળતા બાદ ફરી હાથ મિલાવશે રણવીર સિંહ અને આદિત્ય ધર!

મુંબઈ, તા.29



બોલિવૂડમાં અત્યારે એક મોટા સમાચાર ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. અભિનેતા રણવીર સિંહ અને ડિરેક્ટર આદિત્ય ધર ફરી એકવાર સાથે કામ કરવા જઈ રહ્યા છે. 'ઉરી' જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપનાર આદિત્ય ધર અને પોતાની એનર્જી માટે જાણીતા રણવીર સિંહની જોડીએ પોતાના આગામી પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દીધું છે. અહેવાલો અનુસાર, તેમની ફિલ્મ 'ધુરંધર' ફ્રેન્ચાઈઝીની મોટી સફળતા અને પાછલી ફિલ્મમાં મળેલા શાનદાર રિસ્પોન્સ બાદ આ જોડીએ ફરી સાથે આવવાનો નિર્ણય લીધો છે. આદિત્ય ધરનું માનવું છે કે રણવીર સિંહ તેના પાત્રોને પડદા પર ખૂબ જ સુંદર રીતે જીવંત કરે છે, તેથી જ તેણે પોતાની આગામી મોટી ફિલ્મ માટે રણવીરને જ પહેલી પસંદ બનાવ્યો છે.

આ નવા પ્રોજેક્ટના શૂટિંગને લઈને ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ, આ ફિલ્મનું શૂટિંગ માર્ચ 2027માં શરૂ થવાની સંભાવના છે. હાલમાં આદિત્ય ધર ફિલ્મની સ્ક્રિપ્ટ અને પ્રી-પ્રોડક્શનના કામમાં વ્યસ્ત છે. માર્ચ મહિનાનો સમય એટલે નક્કી કરવામાં આવ્યો છે જેથી ત્યાં સુધીમાં રણવીર સિંહ પણ પોતાના અન્ય પ્રોજેક્ટ્સ અને કમિટમેન્ટ્સ પૂરા કરી શકે અને આ ફિલ્મને પૂરો સમય આપી શકે.

આદિત્ય ધરની આ ફિલ્મ મોટા પાયે બનતી એક્શન-થ્રિલર હોવાનું કહેવાય છે. પોતાની ફિલ્મોમાં રિયાલિઝમ અને ગ્રાન્ડ વિઝ્યુઅલ્સ માટે જાણીતા આદિત્ય આ વખતે કંઈક એવું પ્લાન કરી રહ્યા છે જે પહેલા ક્યારેય જોયું ન હોય. આ રોલ માટે રણવીર સિંહે પોતાના લુક્સ અને બોડી પર અત્યારથી જ કામ કરવાનું શરૂ કરી દીધું છે, કારણ કે ફિલ્મમાં ઘણા જોખમી સ્ટન્ટ્સ જોવા મળી શકે છે. રણવીર સિંહ હાલમાં 'સિંઘમ અગેન' જેવી ફિલ્મો બાદ પોતાની ઈમેજ વધુ મજબૂત બનાવી રહ્યા છે, તેમના માટે આ ફિલ્મ કરિયરનો મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે.

ફિલ્મની સ્ટારકાસ્ટ અંગે હજુ સસ્પેન્સ છે, પરંતુ ચર્ચા છે કે આ પ્રોજેક્ટમાં અન્ય કેટલાક એ-લિસ્ટ એક્ટર્સ પણ જોવા મળી શકે છે. આદિત્ય ધર આ ફિલ્મને માત્ર રણવીર પૂરતી સીમિત રાખવા માંગતા નથી, પરંતુ અન્ય પાત્રોને પણ એટલું જ મહત્ત્વ આપવાની તૈયારીમાં છે. મેકર્સનું માનવું છે કે મજબૂત ટીમ જ ફિલ્મને હિટ બનાવી શકે છે, તેથી સપોર્ટિંગ કાસ્ટમાં પણ મોટા ચહેરાઓ જોવા મળી શકે છે.

સોશિયલ મીડિયા પર આ સમાચાર આવતાની સાથે જ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અગાઉ બોક્સ ઓફિસ પર ઝંડા ગાડી ચૂકેલી આ જોડી ફરી એકવાર નવો રેકોર્ડ બનાવશે તેવી આશા છે. હવે સૌની નજર 2027 પર છે, જ્યારે આ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# સોના-ચાંદીના ભાવમાં તેજી: ચાંદી ₹2,370 મોંઘી થઈને ₹2.39 લાખ પ્રતિ કિલો પર પહોંચી, 10 ગ્રામ સોનું ₹1.49 લાખનું થયું

**નવી દિલ્હી, તા.29**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 29 એપ્રિલે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 39 રૂપિયા મોંઘું થઈને 1,48,821 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1,48,782 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

જ્યારે એક કિલો ચાંદી 2,370 રૂપિયા મોંઘી થઈને 2,38,911 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 28 એપ્રિલે તેની કિંમત 2,36,541 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.

2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.49 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 10 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.39 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે



ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

જ્યારે ઓટો સેક્ટરની અગ્રણી કંપની મારુતિ સુઝુકીના શેરમાં ૩૩૨ પોઈન્ટ એટલે કે ૨.૫૧ ટકાનું ગાબડું પડ્યું હતું. ટેકનોલોજી ક્ષેત્રની કંપની એચસીએલ ટેકમાં પણ ૨.૩૧ ટકાનો ઘટાડો જોતા આઈટી ઈન્ડેક્સ પર પણ દબાણ સર્જાયું હતું. જોકે, આ વ્યાપક નકારાત્મકતા અને મોટા શેરોમાં વેચવાલીની વચ્ચે પણ બજારના મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં રોકાણકારોનો વિશ્વાસ જળવાયેલો રહ્યો હતો. નિફ્ટી મિડકેપ ૫૦ માં ૪૪ પોઈન્ટનો વધારો અને સ્મોલકેપ ૫૦ માં ૩૯ પોઈન્ટનો ઉછાળો એ વાતનો પુરાવો છે કે ભલે બ્લુ-ચિપ શેરોમાં પ્રોફિટ બુકિંગ ચાલી રહ્યું હોય, પરંતુ મધ્યમ અને નાના કદના શેરોમાં હજુ પણ ખરીદીની તકો રોકાણકારો શોધી રહ્યા છે. એનર્જી સેક્ટરમાં ઓએનજીસી જેવી કંપનીઓએ ૫.૬૩ ટકા જેટલો શાનદાર ઉછાળો નોંધાવીને બજારને વધુ પડતું તૂટતા અટકાવવાનો સરાહનીય પ્રયાસ કર્યો હતો, તેમજ અદાણી એન્ટરપ્રાઈઝ ૪ ટકા અને કોલ ઈન્ડિયા ૩ ટકાથી વધુ વધીને બંધ રહીને બજારને ટેકો પૂરો પાડ્યો હતો.

વૈશ્વિક બજારોની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો ત્યાંથી પણ આજે કોઈ ખાસ પ્રોત્સાહક સંકેતો મળ્યા નથી, જેની સીધી અને પ્રતિકૂળ અસર ભારતીય બજારના સેન્ટિમેન્ટ પર પડી છે. એશિયન બજારોમાં જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ ૨૯૯ પોઈન્ટ ઘટ્યો હતો અને હોંગકોંગનો હેંગસેંગ પણ ૧૭૨ પોઈન્ટની નબળાઈ સાથે બંધ થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં સામાન્ય સુધારો જોવા મળ્યો હતો. બીજી તરફ, અમેરિકન બજારમાં પણ અગાઉના દિવસે એટલે કે ૨૭ એપ્રિલે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો, જેમાં ડાઉ જોન્સ ૬૩ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો, જ્યારે ટેકનોલોજી આધારિત નાસ્ડેક અને એસએન્ડપી ૫૦૦ માં સામાન્ય વધારો નોંધાયો હતો. આ વૈશ્વિક અસ્થિરતાની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના સતત વધી રહેલા ભાવે પણ વૈશ્વિક રોકાણકારો અને ભારતીય બજારના નિષ્ણાતોની ચિંતામાં મોટો વધારો કર્યો છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલની કિંમત ૧૦૯ ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગઈ છે, જે છેલ્લા ઘણા સમયની ઉંચી સપાટી માનવામાં આવે છે. બજારમાં તેલની મજબૂત માંગ અને ખાસ કરીને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને લઈને ઊભી થયેલી ભૌગોલિક અને રાજકીય ચિંતાઓ આ તેજી માટે મુખ્ય કારણભૂત છે. ઉલ્લેખનીય છે કે હોર્મુઝ એ વિશ્વના તેલ પુરવઠા માટેનો સૌથી સંવેદનશીલ અને મહત્વનો દરિયાઈ માર્ગ ગણાય છે, અને ત્યાં કોઈપણ પ્રકારની અડચણ કે તણાવ સમગ્ર વિશ્વના અર્થતંત્રના ચક્રને પ્રભાવિત કરી શકે છે. ભારત જેવા દેશો જે પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આયાતી તેલ પર નિર્ભર છે, તેમના માટે તેલના ભાવમાં થતો આ ઉછાળો ચિંતાનો વિષય છે કારણ કે તે સીધી રીતે મોંઘવારીમાં વધારો કરી શકે છે અને દેશની રાજકોષીય ખાધ પર પણ નકારાત્મક દબાણ લાવી શકે છે. આમ, આર્થિક ડેટા, કંપનીઓના પરિણામોની અપેક્ષા અને ભૌગોલિક રાજકીય તણાવના સંગમ વચ્ચે આજના દિવસે શેરબજારમાં નરમાશ જોવા મળી હતી અને રોકાણકારો હવે આગામી દિવસોમાં આવનારા વૈશ્વિક આર્થિક આંકડાઓ પર પોતાની નજર ટકાવીને બેઠા છે.

# વોટ્સએપે 9,400થી વધુ એકાઉન્ટ્સ બેન કર્યા: કંબોડિયાથી ભારતમાં ડિજિટલ અરેસ્ટની જાળ પાથરવામાં આવી રહી હતી

**નવી દિલ્હી, તા.29**

'ડિજિટલ અરેસ્ટ' સ્કેમને રોકવા માટે વોટ્સએપે 9,400થી વધુ શંકાસ્પદ એકાઉન્ટ્સને બેન કર્યા છે. આ કાર્યવાહી જાન્યુઆરી 2026થી શરૂ થયેલા 12 અઠવાડિયા દરમિયાન સરકારી એજન્સીઓ પાસેથી મળેલા ઈનપુટ અને કંપનીના આંતરિક તપાસના આધારે કરવામાં આવી છે. આ માહિતી એટર્ની જનરલ આર વેંકટરમણી દ્વારા સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવી છે. કોર્ટ હાલમાં દેશમાં વધી રહેલા ડિજિટલ સ્કેમના કેસો પર suo motu લઈને સુનાવણી કરી રહી છે, જેમાં છેતરપિંડી કરનારાઓ પોલીસ કે સરકારી અધિકારી બનીને લોકો પાસેથી પૈસા પડાવે છે. વોટ્સએપની તપાસમાં સામે આવ્યું છે કે ભારતીય યુઝર્સને નિશાન બનાવનારા મોટાભાગના એકાઉન્ટ્સ કંબોડિયાના સ્કેમ સેન્ટર્સમાંથી ચલાવવામાં આવી રહ્યા હતા. છેતરપિંડી કરનારાઓ લોકોને ડરાવવા માટે પોતાની પ્રોફાઈલ પિક્ચર અને નામમાં દિલ્હી પોલીસ, મુંબઈ હેડક્વાર્ટર, CBI અને ATS ડિપાર્ટમેન્ટ જેવા સત્તાવાર શબ્દો અને લોગોનો ઉપયોગ કરી રહ્યા હતા.

વોટ્સએપે કહ્યું કે તેઓ દરેક ઈનપુટનો ઉપયોગ સમગ્ર ગુનાહિત નેટવર્કને મેપ કરવા અને તેને ખતમ કરવા માટે કરી રહી છે. જ્યાં સરકારે 3,800 એકાઉન્ટ્સની જાણકારી આપી હતી, ત્યાં વોટ્સએપે પોતાની તપાસ વધારીને હજારો અન્ય લિંક કરાયેલા એકાઉન્ટ્સ પર પણ



કાર્યવાહી કરી.

વોટ્સએપ હવે પ્લેટફોર્મ પર જ છેતરપિંડી રોકવા માટે નવા ટૂલ્સ લાવી રહ્યું છે: લોગો-મેચિંગ સિસ્ટમ: સરકારી વિભાગ બનીને છેતરપિંડી કરનારાઓની ઓળખ માટે. મેસેજ વોર્નિંગ: પહેલીવાર મેસેજ આવવા પર યુઝરને એલર્ટ મળશે. એકાઉન્ટ એજ: યુઝર જોઈ શકશે કે એકાઉન્ટ કેટલું જૂનું છે. AI નો ઉપયોગ: બદલાતા સ્કેમ પેટર્નને ઓળખવા માટે લાર્જ લેંગ્વેજ મોડેલનો ઉપયોગ.

આ મામલો ઓક્ટોબર 2025માં ત્યારે શરૂ થયો જ્યારે એક વૃદ્ધ દંપતીએ સુપ્રીમ કોર્ટને પત્ર લખ્યો. તેમની સાથે CBI અને IB અધિકારી બનીને 1.5 કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી. ઠગોએ વીડિયો કોન્ફરન્સ દ્વારા નકલી અદાલતી આદેશો બતાવીને તેમને ડરાવ્યા હતા. કોર્ટે આ પછી સમગ્ર દેશમાં વધી રહેલા આવા કિસ્સાઓ પર કેન્દ્ર અને એજન્સીઓ પાસેથી જવાબ માંગ્યો હતો.

આમાં છેતરપિંડી કરનારાઓ પોલીસ કે સરકારી અધિકારી બનીને વીડિયો કૉલ કરે છે. તેઓ પીડિતને જણાવે છે કે તેના નામે કોઈ ગેરકાયદે પાર્સલ આવ્યું છે અથવા તે કોઈ કેસમાં ફસાઈ ગયા છે. આ પછી તેમને 'ડિજિટલ અરેસ્ટ'ના નામે કલાકો સુધી કેમેરા સામે રહેવા મજબૂર કરવામાં આવે છે અને ધરપકડનો ડર બતાવીને બેંક ખાતાઓમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવામાં આવે છે.

તેનો ઉપયોગ ત્યાં કરવાને બદલે શેલ કંપનીઓ કે અન્ય માધ્યમો દ્વારા પર્સનલ એસેટ્સ બનાવવા અથવા અન્યત્ર ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. આ પ્રકારની નાણાકીય હેરાફેરી એ મની લોન્ડરિંગના દાયરામાં આવે છે અને એજન્સી હવે આ નેટવર્કને સંપૂર્ણપણે તોડી પાડવા માટે કાયદાકીય પગલાં ભરી રહી છે.

રિલાયન્સ કોમ્યુનિકેશન્સ જેવી કંપનીઓ પહેલાથી જ દેવામાં ડૂબેલી છે અને નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (NCLT) હેઠળ ઈન્સોલ્વન્સી એટલે કે નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. આવા કપરા સમયે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કરોડો શેર અને સ્થાવર મિલકતો જપ્ત થવાથી અનિલ અંબાણી ગ્રુપની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થવાની શક્યતા છે. કાયદાકીય દ્રષ્ટિએ જોઈએ તો, PMLA ૨૦૦૨ હેઠળ કરવામાં આવેલું આ 'પ્રોવિઝનલ એટેચમેન્ટ' એક પ્રકારની કામચલાઉ જપ્તી છે, જે ૧૮૦ દિવસ સુધી અમલમાં રહે છે. આ સમયગાળા દરમિયાન એડજુડિકેટિંગ ઓથોરિટી સમક્ષ પુરાવા રજૂ કરવામાં આવે છે અને જો તે સાબિત થાય કે આ મિલકતો ગુનાની કમાણીમાંથી બનાવવામાં આવી છે, તો તેને કાયમી ધોરણે સરકાર હસ્તક કરી શકાય છે.

# મે મહિનામાં 12 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય: 5 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત અલગ-અલગ જગ્યાએ 5 દિવસ બેંકો બંધ રહેશે

**નવી દિલ્હી, તા.29**

આવતા મહિને એટલે કે મે મહિનામાં દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ 12 દિવસ બેંકોમાં કામકાજ થશે નહીં. RBI દ્વારા જાહેર કરાયેલા કેલેન્ડર મુજબ, આવતા મહિને 5 રવિવાર અને બીજા-ચોથા શનિવાર ઉપરાંત 5 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંકો બંધ રહેશે.

મહિનાની શરૂઆત એટલે કે 1 મેના રોજ રજાથી થશે. મહારાષ્ટ્ર દિવસ, બુદ્ધ પૂર્ણિમા અને મજૂર દિવસ (લેબર ડે) પર દેશમાં લગભગ બધી જગ્યાએ બેંકો બંધ રહેશે. અહીં જુઓ મે 2026માં તમારા રાજ્ય કે લોકેશનમાં બેંકો ક્યારે-ક્યારે બંધ રહેશે...

તમે બેંકોની રજા હોવા છતાં ઓનલાઈન બેન્કિંગ અને ATM દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. આ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ અસર નહીં થાય.

મે 2026માં શેરબજારમાં 12 દિવસ કારોબાર નહીં થાય. તેમાં 10 દિવસ શનિવાર અને રવિવારે કારોબાર નહીં થાય. આ ઉપરાંત, શેરબજાર 1 મેના રોજ મહારાષ્ટ્ર દિવસ અને 28 મેના રોજ બકરીદ પર પણ બંધ રહેશે.



ભારત તરફથી આ પ્રોજેક્ટમાં ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL), રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF) અને નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (NFL) જેવી ત્રણ મોટી સરકારી કંપનીઓ સક્રિયપણે સામેલ છે, જે સંયુક્ત રીતે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. બાકીની અડધી રકમ રશિયાની અગ્રણી કેમિકલ કંપની 'યુરાલકેમ ગ્રુપ' દ્વારા રોકવામાં આવશે. ભારત અત્યારે તેની કુલ યુરિયાની જરૂરિયાતના આશરે ૭૧ ટકા જેટલો હિસ્સો મધ્ય-પૂર્વના દેશોમાંથી આયાત કરે છે, પરંતુ આ પ્લાન્ટ શરૂ થયા બાદ મધ્ય-પૂર્વ પરની આ નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો થશે. આ પ્રોજેક્ટનો પાયો ડિસેમ્બર ૨૦૨૫માં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન નાખવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પુતિનની હાજરીમાં આ ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન પોટાશના એમડી પીએસ ગહલોતે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ PDIL એ પોતાનો સર્વેક્ષણ રિપોર્ટ સોંપી દીધો છે અને આ પ્લાન્ટ ભારત માટે યુરિયાનો એક અતૂટ અને કાયમી સ્ત્રોત સાબિત થશે. ખાસ કરીને વર્ષ ૨૦૨૫માં ભારતે આયાત પાછળ અંદાજે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા, જે ખર્ચમાં ભવિષ્યમાં આ પ્રોજેક્ટને કારણે મોટી બચત થશે. વૈશ્વિક પરિસ્થિતિની વાત કરીએ તો, અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવને કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' જેવા મહત્વના દરિયાઈ માર્ગો પરથી તેલ અને ખાતરનો સપ્લાય ખોરવાઈ જવાનો ભય રહે છે. આ પરિસ્થિતિને જોતા ભારત સરકારે ૨૦૨૬ માટે ૨૫ લાખ ટન યુરિયાની આયાત માટે અગાઉથી જ મંજૂરી આપી દીધી છે અને આ સપ્લાય હવે અલ્જીરિયા, નાઈજીરીયા, ઓમાન અને રશિયા જેવા વૈકલ્પિક માર્ગો દ્વારા સીધો ભારત મંગાવવામાં આવી રહ્યો છે. કૃષિ ક્ષેત્રમાં યુરિયાનું મહત્વ અત્યંત વધારે છે.

# મારુતિનો ચોથા ક્વાર્ટરમાં નફો 6% ઘટ્યો: રેવન્યુ 28% વધીને ₹52,462 કરોડ, ત્રણ મહિનામાં 6.76 લાખ કાર વેચી, ₹140 ડિવિડન્ડ આપશે

**મુંબઈ, તા.29**

ઓટોમોબાઈલ કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ નાણાકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટરમાં 52,946 કરોડ રૂપિયાની કુલ કમાણી કરી. આ ગયા વર્ષની સરખામણીમાં 25% વધી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ 42,431 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ જ ક્વાર્ટરમાં કંપનીએ 6.76 લાખ કાર વેચી.

કુલ કમાણીમાંથી પગાર, ટેક્સ, કાચા માલની કિંમત જેવા ખર્ચાઓ બાદ કરીએ તો કંપની પાસે 3,659 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો (નેટ પ્રોફિટ) બચ્યો. આ 2025 ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર કરતાં 6.44% ઓછો રહ્યો છે. ગયા વર્ષે કંપનીને 3,911 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

આ ઉપરાંત કંપનીએ તેના રોકાણકારોને 140 રૂપિયાનું ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો તેમના શેરધારકોને આપે છે, જેને ડિવિડન્ડ કહેવાય છે.

ચોથા ક્વાર્ટરમાં કંપનીને પ્રોડક્ટ અને સર્વિસ વેચીને 52,462 કરોડ રૂપિયાની આવક



એટલે કે રેવન્યુ પ્રાપ્ત થઈ. વાર્ષિક ધોરણે આ 28.20% વધી છે. જાન્યુઆરી-માર્ચ 2025માં કંપનીએ 40,920 કરોડ રૂપિયાની આવક જનરેટ કરી હતી.

ચોથા ક્વાર્ટરમાં મારુતિ સુઝુકીએ કુલ 6,76,209 વાહનો વેચ્યા. ઘરેલું બજારમાં કંપનીનું વેચાણ આ સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે 3.7% વધ્યું, જ્યારે નિકાસ 61.3% વધુ રહી.

તેના કારણે કંપનીની વાર્ષિક ધોરણે એકંદર વેચાણ વૃદ્ધિ 11.8% રહી. ઘરેલું બજારમાં કંપનીએ 5,38,994 વાહનો વેચ્યા, જ્યારે 1,37,215 વાહનોની નિકાસ કરી. આ કંપનીની ઓલ-ટાઈમ હાઈ નિકાસ છે.

ચોથા ક્વાર્ટરના પરિણામો પછી, મારુતિ સુઝુકીનો શેર આજે 2.51% ઘટીને 12,890 રૂપિયા પર રહ્યો છે. છેલ્લા 6 મહિનામાં કંપનીનો શેર 21% ઘટ્યો છે.

જ્યારે, આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કંપનીનો શેર 23% ઘટ્યો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં કંપનીનો શેર 9% વધ્યો છે. મારુતિ સુઝુકીનું માર્કેટ કેપ 4.05 લાખ કરોડ રૂપિયા છે.

મારુતિ સુઝુકીની સ્થાપના 24 ફેબ્રુઆરી 1981ના રોજ ભારત સરકારની માલિકી હેઠળ મારુતિ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે થઈ હતી. 1982માં કંપનીએ જાપાનની સુઝુકી કોર્પોરેશન સાથે મળીને સંયુક્ત સાહસ 'મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ'ની રચના કરી.

ભારતીયો માટે પ્રથમ બજેટ કાર 1983માં મારુતિ 800 લોન્ચ થઈ. 47,500 રૂપિયાની એક્સ-શોરૂમ કિંમતે કંપનીએ દેશના એક મોટા વર્ગને કાર ખરીદવા સક્ષમ બનાવ્યો હતો. મારુતિ સુઝુકી છેલ્લા 40 વર્ષમાં દેશમાં 3 કરોડથી વધુ વાહનો વેચી ચૂકી છે. કુલ કમાણીમાંથી પગાર, ટેક્સ, કાચા માલની કિંમત જેવા ખર્ચાઓ બાદ કરીએ તો કંપની પાસે 3,659 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો (નેટ પ્રોફિટ) બચ્યો. આ 2025 ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર કરતાં 6.44% ઓછો રહ્યો છે. ગયા વર્ષે કંપનીને 3,911 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

આ ઉપરાંત કંપનીએ તેના રોકાણકારોને 140 રૂપિયાનું ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો તેમના શેરધારકોને આપે છે, જેને ડિવિડન્ડ કહેવાય છે.

ચોથા ક્વાર્ટરમાં કંપનીને પ્રોડક્ટ અને સર્વિસ વેચીને 52,462 કરોડ રૂપિયાની આવક એટલે કે રેવન્યુ પ્રાપ્ત થઈ. વાર્ષિક ધોરણે આ 28.20% વધી છે. જાન્યુઆરી-માર્ચ 2025માં કંપનીએ 40,920 કરોડ રૂપિયાની આવક જનરેટ કરી હતી.

ચોથા ક્વાર્ટરમાં મારુતિ સુઝુકીએ કુલ 6,76,209 વાહનો વેચ્યા. ઘરેલું બજારમાં કંપનીનું વેચાણ આ સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે 3.7% વધ્યું, જ્યારે નિકાસ 61.3% વધુ રહી.

તેના કારણે કંપનીની વાર્ષિક ધોરણે એકંદર વેચાણ વૃદ્ધિ 11.8% રહી. ઘરેલું બજારમાં કંપનીએ 5,38,994 વાહનો વેચ્યા, જ્યારે 1,37,215 વાહનોની નિકાસ કરી. આ કંપનીની ઓલ-ટાઈમ હાઈ નિકાસ છે.

ચોથા ક્વાર્ટરના પરિણામો પછી, મારુતિ સુઝુકીનો શેર આજે 2.51% ઘટીને 12,890 રૂપિયા પર રહ્યો છે. છેલ્લા 6 મહિનામાં કંપનીનો શેર 21% ઘટ્યો છે.

જ્યારે, આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કંપનીનો શેર 23% ઘટ્યો છે.

# મે મહિનામાં સિગારેટ 17% સુધી મોંઘી થઈ શકે: આ સમાચાર પછી ITC અને ગોડફ્રે ફિલિપ્સના શેર 7% સુધી વધ્યા

**મુંબઈ, તા.29**

દેશમાં આવતા મહિનાથી સિગારેટ પીવી મોંઘી થઈ શકે છે. એક રિપોર્ટ અનુસાર, મુખ્ય સિગારેટ કંપનીઓ ITC અને ગોડફ્રે ફિલિપ્સ મે મહિનામાં કિંમતોમાં 17% સુધીનો વધારો કરી શકે છે. આ સમાચાર બાદ સોમવારે એટલે કે 29 એપ્રિલે આ કંપનીઓના શેરોમાં 6.5% સુધીનો ઉછાળો નોંધાયો હતો.

ડિસ્ટ્રીબ્યુટર્સના ફીડબેક અને ચેનલ ચેકના આધારે આવેલા NDTV પ્રોફિટના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કિંમતોમાં ફેરફાર ફક્ત પ્રીમિયમ પ્રોડક્ટ્સ સુધી મર્યાદિત રહેશે નહીં.

કંપનીઓ વેલ્યુ-એન્ડ બ્રાન્ડ્સ (સસ્તી સિગારેટ)ની કિંમતોમાં પણ વધારો કરી શકે છે. ઉદાહરણ તરીકે, ITCની ગોલ્ડફ્લેક પ્રીમિયમના એક પેકેટની કિંમત મે 2026માં 115થી વધીને 135ની આસપાસ પહોંચી શકે છે.

29 એપ્રિલે ITCનો શેર લગભગ 4% અને ગોડફ્રે ફિલિપ્સનો શેર 7%ના ઉછાળા સાથે બંધ થયો. નિફ્ટી FMCG ઈન્ડેક્સમાં પણ 2%નો ઉછાળો જોવા મળ્યો, જેમાં ITC સૌથી આગળ રહ્યું.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરના મતે, સિગારેટ કંપનીઓ પાસે કિંમતોને નિયંત્રિત કરવાની સારી શક્તિ છે. આનાથી ટેક્સ વધવા છતાં તેઓ પોતાનો નફો બચાવવામાં સફળ રહે છે. આ વર્ષની શરૂઆતમાં સંસદે સેન્ટ્રલ એક્સાઈઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2025ને મંજૂરી આપી હતી. આ અંતર્ગત સિગારેટ અને તમાકુ ઉત્પાદનો પર ડ્યુટી વધારી દેવામાં આવી છે.

1 ફેબ્રુઆરીથી પ્રભાવી આ નિયમ અનુસાર, સિગારેટની લંબાઈના આધારે 2,050થી 8,500 પ્રતિ 1,000 સ્ટીક પર એક્સાઈઝ ડ્યુટી લાદવામાં આવી છે. આ ડ્યુટી 40% GST ઉપરાંત છે. ICICI સિક્યોરિટીઝના વિશ્લેષકોનું કહેવું છે કે 75-85 mm લાંબી સિગારેટના કુલ ખર્ચમાં 22-28%નો વધારો થયો છે.



ITCના કુલ વેચાણમાં 75 mmથી લાંબી સિગારેટનો હિસ્સો લગભગ 16% છે. નવી લેવીના કારણે આવી સિગારેટના ભાવ પ્રતિ સ્ટીક (એક સિગારેટ) 2થી 3 સુધી વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે વધેલા ભાવોથી વેચાણ પર અસ્થાયી અસર પડી શકે છે, પરંતુ લાંબા ગાળે કંપનીઓ નફો જાળવી રાખશે.

દેશમાં આવતા મહિનાથી સિગારેટ પીવી મોંઘી થઈ શકે છે. એક રિપોર્ટ અનુસાર, મુખ્ય સિગારેટ કંપનીઓ ITC અને ગોડફ્રે ફિલિપ્સ મે મહિનામાં કિંમતોમાં 17% સુધીનો વધારો કરી શકે છે. આ સમાચાર બાદ સોમવારે એટલે કે 29 એપ્રિલે આ કંપનીઓના શેરોમાં 6.5% સુધીનો ઉછાળો નોંધાયો હતો.

ડિસ્ટ્રીબ્યુટર્સના ફીડબેક અને ચેનલ ચેકના આધારે આવેલા NDTV પ્રોફિટના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કિંમતોમાં ફેરફાર ફક્ત પ્રીમિયમ પ્રોડક્ટ્સ સુધી મર્યાદિત રહેશે નહીં.

કંપનીઓ વેલ્યુ-એન્ડ બ્રાન્ડ્સ (સસ્તી સિગારેટ)ની કિંમતોમાં પણ વધારો કરી શકે છે. ઉદાહરણ તરીકે, ITCની ગોલ્ડફ્લેક પ્રીમિયમના એક પેકેટની કિંમત મે 2026માં 115થી વધીને 135ની આસપાસ પહોંચી શકે છે.

29 એપ્રિલે ITCનો શેર લગભગ 4% અને ગોડફ્રે ફિલિપ્સનો શેર 7%ના ઉછાળા સાથે બંધ થયો. નિફ્ટી FMCG ઈન્ડેક્સમાં પણ 2%નો ઉછાળો જોવા મળ્યો, જેમાં ITC સૌથી આગળ રહ્યું.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરના મતે, સિગારેટ કંપનીઓ પાસે કિંમતોને નિયંત્રિત કરવાની સારી શક્તિ છે. આનાથી ટેક્સ વધવા છતાં તેઓ પોતાનો નફો બચાવવામાં સફળ રહે છે. આ વર્ષની શરૂઆતમાં સંસદે સેન્ટ્રલ એક્સાઈઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2025ને મંજૂરી આપી હતી. આ અંતર્ગત સિગારેટ અને તમાકુ ઉત્પાદનો પર ડ્યુટી વધારી દેવામાં આવી છે.

1 ફેબ્રુઆરીથી પ્રભાવી આ નિયમ અનુસાર, સિગારેટની લંબાઈના આધારે 2,050થી 8,500 પ્રતિ 1,000 સ્ટીક પર એક્સાઈઝ ડ્યુટી લાદવામાં આવી છે. આ ડ્યુટી 40% GST ઉપરાંત છે. ICICI સિક્યોરિટીઝના વિશ્લેષકોનું કહેવું છે કે 75-85 mm લાંબી સિગારેટના કુલ ખર્ચમાં 22-28%નો વધારો થયો છે. ITCના કુલ વેચાણમાં 75 mmથી લાંબી સિગારેટનો હિસ્સો લગભગ 16% છે. નવી લેવીના કારણે આવી સિગારેટના ભાવ પ્રતિ સ્ટીક (એક સિગારેટ) 2થી 3 સુધી વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે વધેલા ભાવોથી વેચાણ પર અસ્થાયી અસર પડી શકે છે, પરંતુ લાંબા ગાળે કંપનીઓ નફો જાળવી રાખશે.

# ગુટખા-તમાકુના પ્લાસ્ટિક પાઉચ પર પ્રતિબંધ લાગશે: ઈકો-ફ્રેન્ડલી મટિરિયલથી પેકિંગ ફરજિયાત કરવાની તૈયારી, FSSAIએ ડ્રાફ્ટ રજૂ કર્યો

**નવી દિલ્હી, તા.29**

હવે ટૂંક સમયમાં તમને ગુટખા, તમાકુ અને પાન મસાલાના પ્લાસ્ટિક પાઉચ જોવા નહીં મળે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ જણાવ્યું કે પાન મસાલાના પેકિંગમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક મટીરીયલને હવે કાગળ, પેપરબોર્ડ, સેલ્યુલોઝ અને અન્ય ઈકો-ફ્રેન્ડલી મટીરીયલથી બદલવામાં આવશે.

આ માટે FSSAI એ મંગળવારે ખાદ્ય સુરક્ષા અને ધોરણો (પેકેજિંગ) વિનિયમન 2018' માં સુધારા માટે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ ડ્રાફ્ટ 'પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમ 2026' પર આગામી 30 દિવસ સુધી હિતધારકો પાસેથી અભિપ્રાયો અને વાંધાઓ મંગાવવામાં આવ્યા છે. ત્યારબાદ આ નિયમને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

નવા પ્રસ્તાવ અનુસાર, ગુટખા, પાન મસાલા અને તમાકુના કોઈપણ પેકેજમાં



કોઈપણ સ્વરૂપમાં પ્લાસ્ટિક મટીરીયલનો ઉપયોગ કરી શકાશે નહીં.

તેમાં 'વિનાઈલ એસીટેટ-મેલિક એસિડ-વિનાઈલ ક્લોરાઈડ કોપોલિમર' જેવા કેમિકલયુક્ત મટીરીયલ પર પણ પ્રતિબંધ રહેશે.

FSSAI એ સલાહ આપી છે કે હવે પ્લાસ્ટિક પાઉચને બદલે કાગળ, પૂંઠા (પેપરબોર્ડ) અને સેલ્યુલોઝ જેવી કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે.

રેગ્યુલેટરનું કહેવું છે કે આ વસ્તુઓ ખાવા-પીવાનો સામાન પેક કરવા માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે. સાથે જ, કંપનીઓ માટે પણ આ નવી સામગ્રી અપનાવવી અને તેનો ઉપયોગ કરવો સરળ બનશે.

સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારી અનુસાર, જે ઉત્પાદકો પાઉચને બદલે ટીન કે કાચના કન્ટેનરનો ઉપયોગ કરી રહ્યા છે, તેઓ તેને ચાલુ રાખી શકશે. તેનાથી ઉત્પાદકોને તેમની વ્યાપારી જરૂરિયાતો અનુસાર સુગમતા મળશે, જોકે તેઓ રેગ્યુલેટરી ફ્રેમવર્કની અંદર હોય.

# કેબિનેટ બેઠક બાદ જીતુ વાઘાણીના વિપક્ષ પર પ્રહાર

## મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મંત્રીમંડળ દ્વારા અભિનંદન પાઠવાયા

**ગાંધીનગર, તા.29**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ મુખ્યમંત્રીના વડપણ હેઠળ આજે કેબિનેટ બેઠક મળી હતી. બેઠકમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મંત્રીમંડળ દ્વારા અભિનંદન પાઠવાયા હતા અને વિજયને જનતાનો વિશ્વાસ ગણાવી પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.



કેબિનેટ બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ મીડિયાને સંબોધતા જણાવ્યું કે ચૂંટણીના પરિણામો રાજ્ય સરકારની કામગીરી કેવી છે તેનો સ્પષ્ટ સંકેત આપે છે. એસટી, એસસી અને ઓબીસી સમાજ માટે અમલમાં મુકાયેલી નીતિઓ અને તેમના ઉત્થાનને પણ જનતાએ માન્યતા આપી છે, જે પરિણામોમાં જોવા મળ્યું છે. સાથે જ રાષ્ટ્રીય અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ પાર્ટીએ સફળતા મેળવી છે.

આ ચૂંટણીમાં સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે અને આ વિજયને ભાજપ અને રાજ્ય સરકાર જનતાનો વિજય માને છે. સરકાર વતી જનતાને ભરોસો આપતા કહ્યું કે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ વિકાસની યાત્રા અવિરતપણે ચાલુ રહેશે અને તેમાં કોઈ આંચ નહીં આવે.

લોકસંપર્ક દરમિયાન રાજ્યની વિવિધ પોલિસી, લોકોની સમસ્યાઓ અને મુશ્કેલીઓ ધ્યાન પર આવી રહી છે. મુખ્યમંત્રીએ ચીફ સેક્રેટરીને સૂચના આપી છે કે આ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવે. સાથે જ શિક્ષણ સત્ર અંગે ચર્ચા કરવામાં આવી છે અને 20 ઓનલાઈન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે વહીવટી તંત્રને દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે.

આગામી 1 મેના રોજ સુરત ખાતે રીજિયોનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાશે, જેમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતના 16 જિલ્લાઓનો સમાવેશ થશે. કોન્ફરન્સમાં રસાયણ, ટેક્સટાઈલ, ગ્રીન એનર્જી, સંરક્ષણ, આઈટી, ફિનટેક અને પેટ્રોકેમિકલ જેવા મહત્વના ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવશે.

જીતુ વાઘાણીએ જણાવ્યું કે પરિવર્તનની વાત કરનાર વિપક્ષને જનતાએ સણસણતો જવાબ આપ્યો છે. તેમણે આંકડા આપતા જણાવ્યું કે 74.96 ટકા ભાજપ, 17.41 ટકા કોંગ્રેસ અને 5.10 ટકા આપનો વોટ શેર રહ્યો છે. તેમણે કહ્યું કે 1995થી ભાજપ સતત જીત મેળવી રહ્યો છે, જે જનતાનો વિશ્વાસ દર્શાવે છે.

તેમણે વિપક્ષ પર આક્ષેપ કરતા જણાવ્યું કે ચૂંટણી દરમિયાન ગાળો બોલવાની અને નિમ્ન કક્ષાની રાજનીતિ કરવાની કોશિષ કરવામાં આવી હતી, જેને જનતાએ નકારી કાઢી છે. લોકોમાં ગેરસમજ ફેલાવવાના પ્રયાસો પણ નિષ્ફળ રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું. કેટલીક પાર્ટીઓ જીતવા માટે નહીં પરંતુ વિકલ્પ તરીકે ઉભા થવા માટે ચૂંટણી લડે છે.

ખાડિયા બેઠક અને ભૂષણ ભટ્ટના નિવેદન અંગે તેમણે કહ્યું કે આ બાબત તેમના ધ્યાન પર નથી, પરંતુ ચોક્કસ ડેમોગ્રાફી અંગે ચર્ચા કરીને પૂર્વ ધારાસભ્ય સાથે વાતચીત કરવામાં આવશે.

આપ દ્વારા કેટલીક બેઠકો જીતવા અંગે વાઘાણીએ જણાવ્યું કે કેટલાક લોકો ભ્રમમાં હોઈ શકે, પરંતુ તેઓ જીતવા માટે નહીં પરંતુ વિકલ્પ ઉભો કરવા માટે લડતા હતા. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે 2027ની ચૂંટણીમાં તેઓ વોટ શેર વધારવા માટે લડશે કે જીતવા માટે.

નર્મદા જિલ્લા પંચાયતના પરિણામ અંગે તેમણે કહ્યું કે, પરાજયને સ્વીકારવાની સંસ્કૃતિ હોવી જોઈએ અને ભાજપે પણ ભૂતકાળમાં હાર સ્વીકારી છે. તેમણે સકારાત્મક રાજનીતિ માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું અને નકારાત્મકતા છોડવાની સલાહ આપી.

BRICS કાર્યક્રમમાં વડાપ્રધાનની હાજરી અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે પીએમઓ તરફથી અંતિમ કાર્યક્રમ જાહેર થયા બાદ જ આ અંગે સ્પષ્ટતા કરી શકાશે. બેઠકમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મંત્રીમંડળ દ્વારા અભિનંદન પાઠવાયા હતા અને વિજયને જનતાનો વિશ્વાસ ગણાવી પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.કેબિનેટ બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ મીડિયાને સંબોધતા જણાવ્યું કે ચૂંટણીના પરિણામો રાજ્ય સરકારની કામગીરી કેવી છે તેનો સ્પષ્ટ સંકેત આપે છે. એસટી, એસસી અને ઓબીસી સમાજ માટે અમલમાં મુકાયેલી નીતિઓ અને તેમના ઉત્થાનને પણ જનતાએ માન્યતા આપી છે, જે પરિણામોમાં જોવા મળ્યું છે. સાથે જ રાષ્ટ્રીય અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ પાર્ટીએ સફળતા મેળવી છે.

# ગુજરાતમાં તડકો ત્રાસદાયક બન્યો, 4 શહેરમાં પારો 42°Cને પાર પહોચ્યો

## રાજકોટમાં સૌથી વધુ 43°C તાપમાન રહેશે, પવનની દિશા બદલાતા કાલથી ગરમીમાં રાહત મળશે

**ગાંધીનગર, તા.29**

છેલ્લા અઠવાડિયાથી રાજ્યના મોટા શહેરોમાં તાપમાન 43 ડિગ્રી પાર પહોંચ્યું છે. ખાસ કરીને અમદાવાદ, રાજકોટ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં તડકો ત્રાસદાયક બન્યો હતો. બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળતા હતા. ગરમીના કારણે હોસ્પિટલોમાં હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશનના કેસોમાં પણ વધારો નોંધાયો હતો, જેથી અસહ્ય ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ગઈરોજ સૌથી વધુ અમદાવાદમાં 43C મહત્તમ તાપમાન નોંધાયું હતુ, જે રાજ્યનું સૌથી ઊંચુ હતું.

આકરી ગરમીમાંથી રાહત મળવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ, 30 એપ્રિલથી અનેક જિલ્લાઓના તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં હજી પણ ઉકળાટ યથાવત્ રહેશે. દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભેજનું પ્રમાણ વધુ હોવાના કારણે લોકોને અસહ્ય ઉકળાટનો સામનો કરવો પડી શકે છે. ત્રણ દિવસ સુધી



રાજ્યમાં તાપમાન 40થી 43C સુધી રહેવાનું અનુમાન છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે 29 એપ્રિલે રાજકોટમાં 43C, અમદાવાદમાં 43C, અમરેલીમાં 43C, ગાંધીનગરમાં 42C, વડોદરામાં 43C, સુરતમાં 35C, ભાવનગરમાં 39C, ભુજમાં 39C, દાહોદમાં 39C, દમણમાં 37C, ડીસામાં 41C, દ્વારકામાં 33C, નલિયામાં 39C અને પોરબંદરમાં 35C મહત્તમ તાપમાન રહેશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, આગામી 7 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું છે. આગામી દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાશે. જે બાદ કોઈ મોટો બદલવા જોવા મળશે નહીં. દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફ પવન ફૂંકાઈ શકે છે. તેમજ 15થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ તાપમાન 43 ડિગ્રી નોંધાયું છે. રાજકોટમાં 43.6 ડિગ્રી સૌથી વધુ તાપમાન નોંધાયું છે, જે સામાન્ય કરતા 2 ડિગ્રી વધારે નોંધાયું છે. ત્રણ દિવસ સુધી તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચી રહેવાનું અનુમાન છે. પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાતા હોવાથી તાપમાનમાં ફેરફાર થશે.

અમદાવાદ શહેર-જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શહેરની તમામ શાળાઓને બાળકોની સલામતી માટે પોતાની વિવેકબુદ્ધિથી સમયમાં ફેરફાર કરવા કહ્યું છે. તેઓએ જણાવ્યું કે, દરેક વખતે પરિપત્ર કરવો એ જરૂરી નથી, શાળાઓ પોતે નિર્ણય લઈ શકે છે. બપોરના 12 વાગ્યા પહેલાં તમામ બાળકોને છોડી દેવાઈ તેવી વ્યવસ્થા કરવી. આ સાથે જ વિદ્યાર્થીઓને ખુલ્લા મેદાનમાં બેસાડવાનું ટાળવા અને બહારની કોઈપણ પ્રકારની એક્ટિવિટીઝ ન કરાવવી. વધુમા તેમણે ગરમીના આ પ્રચંડ માહોલમાં બાળકોને ઠંડકવાળા અને સુરક્ષિત વાતાવરણમાં જ રાખવા માટે ભાર મુકાયો છે.

# કાયદાના સંઘર્ષમાં આવેલા 3 સગીરોને હાઈકોર્ટે જામીન આપ્યા: બે આરોપીઓ ઉપર હત્યાનો આરોપ, ત્રીજા ઉપર દુષ્કર્મનો આક્ષેપ

**અમદાવાદ, તા.29**

સુરતના ઓલપાડ પોલીસ મથકે વર્ષ 2025માં અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. જેમાં 46 વર્ષના વ્યક્તિને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર મારીને તેની હત્યા કરી નાખવામાં આવી હતી. મૃતક સામે તેના સગીર દીકરાએ પોતાની માતાને ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ કેસમાં તપાસ કરીને શોધી કાઢ્યું હતું કે, મૃતકની હત્યા તેના જ 17 વર્ષીય સગીર પુત્રે સહ આરોપીઓની મદદથી કરી હતી. જેમાં મૃતકને ગળાના ભાગે છરીના ઘા માર્યા હતા. પોલીસે આરોપી પાસેથી હથિયાર રિકવર કર્યું હતું અને પ્રોબેશન ઓફિસરે નોંધ્યું હતું કે, સગીર ખરાબ મિત્રોની સંગતમાં હતો. હાઈકોર્ટે સગીર આરોપીને જામીન આપ્યા હતા.

બીજો ગુનો અન્ય એક 16 વર્ષીય સગીર સહિત કેટલાક આરોપી સામે વરાછા પોલિસ મથકે વર્ષ 2025માં નોંધાયો હતો. જેમાં 59 વર્ષના વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. હાઈકોર્ટે તેને પણ



જામીન આપ્યા છે.

ત્રીજો ગુનો મુળી પોલીસ મથકે 17 વર્ષીય સગીર સામે પોક્સો અને દુષ્કર્મના કેસમાં નોંધાયો હતો. જેની સામે ચિલ્ડ્રન્સ હોમ રાજકોટ ખાતે ચાર્જશીટ ફાઈલ થઈ છે. તેની જામીન અરજીમાં હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે વિજાતીય આકર્ષણથી આ બનાવ બન્યો છે. કાયદાના સંઘર્ષમ આવેલા સગીરને તેનો પસ્તાવો છે. તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી.

ભોગ બનનાર 14 વર્ષની ઉંમરની સગીરા હતી. જેની સગાઈ રૂપિયા આપીને સગીર સાથે કરવામાં આવી હતી. તે સગીરાને ભગાડીને અલગ અલગ જગ્યાએ લઈ ગયો હતો. જ્યાં તેની સાથે શરીર સંબંધ બાંધતા સગીરા ગર્ભવતી પણ થઈ હતી. તેના 5 મહિનાના ગર્ભનો ગર્ભપાત કરવામાં આવ્યો હતો. જેના DNA કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સાથે મેચ થયા હતા. સગીર અને સગીરા વચ્ચે પ્રેમ હતો. હાઈકોર્ટે સગીરને જામીન આપ્યા હતા.

# કોર્પોરેટરોની કામગીરી શરૂ: ભાજપના ધારાસભ્યની AMC અધિકારીઓ સાથે મીટિંગ, કોર્પોરેટરોના ફોન ઉપાડવા ટકોર, ચૂંટાયેલા પ્રતિનિધિના પ્રમાણપત્ર જમા

**અમદાવાદ, તા.29**

અમદાવાદ મહાનગરપાલિકામાં 192 બેઠકોમાંથી 160 બેઠકો પર ભાજપે વિજય મેળવ્યો છે, ત્યારે પશ્ચિમ વિસ્તારના એલિસબ્રિજ વિધાનસભા અંતર્ગત આવતા નવરંગપુરા, વાસણા અને પાલડી વોર્ડના ભાજપના તમામ ઉમેદવારો અને પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી તમામ વિભાગના અધિકારીઓ સાથે ભાજપના ધારાસભ્ય અમિત શાહની હાજરીમાં પરિચય બેઠક યોજવામાં આવી હતી.

રોડ, પાણી, ગટર અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધા ના કામો માટે કયા વિભાગના કયા અધિકારીનો સંપર્ક કરવો તે અંગેની જાણકારી આપવામાં આવી હતી અને એકબીજાના નંબરો આપી અને અધિકારીઓને ટકોર કરવામાં આવી હતી કે તમામ કોર્પોરેટરોના નંબરો સેવ કરીને રાખજો અને ફોન ઉપાડજો.

એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત શાહે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ, પાણી, ગટર અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધાના કામો કયા વિભાગના કયા અધિકારી કરે છે તેના માટેની એક પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કોર્પોરેટરોના ફોન નંબર અને વોટ્સએપ ગ્રુપની માહિતી આપવામાં આવી હતી અને તેમાં જે કોઈપણ ફરિયાદ કરવામાં આવે તેનું તાત્કાલિક નિવારણ લાવવામાં આવે વગેરે અંગેની સમજ આપવામાં આવી હતી. દર મહિને ઝોનની બેઠક મળતી હોય છે તેની પણ માહિતી આપવામાં આવી હતી. અધિકારીઓને કોર્પોરેટરના નંબર એટલે આપ્યા છે કે સામાન્ય જનતાના ફોન નથી ઉપાડતા હોતા, ત્યારે કોર્પોરેટરોના ફોન ઉપાડવામાં એવું ન થાય એના માટે એમને ટકોર કરવામાં આવી હતી.



રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન 192 બેઠકો પર ચૂંટણી યોજાય છે, જેમાં 160 બેઠકો ભાજપ જ્યારે કોંગ્રેસ 32 બેઠકો જીતી છે. ભાજપ અને કોંગ્રેસના જીતેલા ઉમેદવારોએ આજે 29 એપ્રિલના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે ચૂંટણી પંચ તરફથી જીતેલા ઉમેદવારના સર્ટિફિકેટને જમા કરાવવામાં આવ્યા હતા. તેમજ સેક્રેટરી ઓફિસ તરફથી તેમને અલગથી કોર્પોરેટર તરીકેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. કોર્પોરેટરોને રૂ.14,500 ભથ્થું પણ દર મહિને આપવામાં આવશે. બેંક ડિટેલ સહિત તમામ માહિતી લેવામાં આવી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સેક્રેટરી અરુણ પંડ્યાએ જણાવ્યું હતું કે, અમદાવાદ કોર્પોરેશનની 26 એપ્રિલના રોજ ચૂંટણી યોજાઈ હતી અને તેનો 28 એપ્રિલના રોજ પરિણામ આવ્યું છે. જેમાં ભાજપ અને કોંગ્રેસના તમામ ઉમેદવારોને ચૂંટણી પંચ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. જે પ્રમાણપત્ર કોર્પોરેશનની સેક્રેટરી ઓફિસ ખાતે જમા કરાવવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પણ કોર્પોરેટર તરીકેનું સર્ટિફિકેટ તેમને આપવામાં આવ્યું હતું. પક્ષ પલટા અંગેની પણ માહિતી આપતી બુકલેટ પણ તેમને આપવામાં આવી હતી. જેથી કોઈપણ કોર્પોરેટર પક્ષ પલટો કરેલ તો તેમાં શું નિયમ હોય છે તેની માહિતી આપવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટરોને પગાર ભથ્થા પેટે 12 હજાર રૂપિયા સ્ટેશનરી અને મોબાઈલ ફોન મળીને કુલ 14,500 આપવામાં આવે છે તેમજ લેપટોપ, પ્રિન્ટર અને મોબાઈલનો ખર્ચ પણ આપવામાં આવે છે. દરેક મિટિંગમાં હાજર રહેવા અંગે રૂ.500 મિટિંગ ભથ્થું પણ ચૂકવવામાં આવે છે. તમામ બેંક ડીટેલ પણ લેવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ચૂંટાયેલા કોર્પોરેટરોનું એક નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. જે નોટિફિકેશન આવ્યા બાદ મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેમજ સભ્યો અને ટ્રાન્સપોર્ટ કમિટીની ચૂંટણી યોજાશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ બેઠક બોલાવવા માટે તારીખ અને સમય આપવામાં આવશે. જે બાદ પ્રથમ બેઠકમાં આ ચૂંટણી યોજી અને મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની જાહેરાત કરવામાં આવશે.

# લોક ગાયક કિર્તિદાન ગઢવી અને SP રાજદીપ ઝાલાને હાઈકોર્ટની નોટિસ

**અમદાવાદ, તા.29**

હાઈકોર્ટે માર મારવાના કેસમાં લોક ગાયક કિર્તિદાન ગઢવીને નોટિસ ફટકારી છે. તેના પર માર મારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અમદાવાદના ખોડિયારનગરના રહેવાસી અરજદાર જયેશ પરમારની અરજીને સાંભળીને સામાવાળા નામે CID ક્રાઈમ સાયબર સેલ પોલીસ મથકના PI બી.એમ. ચૌધરી, PSI પરમાર, SP રાજદીપસિંહ ઝાલા સાથે ગુજરાતી ગાયક કિર્તીદાન ગઢવી સહિત તેમના અન્ય ભાગીદારોને નોટીસ ફટકારવામાં આવી છે.

આ અરજીમાં અરજદાર જયેશ પરમાર દ્વારા એવા આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેને તારીખ 20 ફેબ્રુઆરી, 2025ના રોજ સવારના 10 વાગ્યાથી લઈને રાતના 02 વાગ્યા સુધી સાયબર સેલ ગાંધીનગર દ્વારા સમન્સ, વોરંટ, નોટીસ કે અન્ય કોઈ મંજુરીઓ વગર સિવિલ ડ્રેસમાં ગેરકાયદેસર રીતે ડીટેઈન કરીને ગોંધી રાખવામાં આવ્યા હતા.

જે તે સમયે અધિકારીઓએ કાયદો હાથમાં લઈ જયેશ પરમારને માર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ અધિકારીઓએ લોક ગાયક કિર્તિદાન ગઢવી તથા તેમના ભાગીદારોની વાતમાં આવી અરજદારને ઢોર માર માર્યો હતો. આ ઉપરાંત હાઈકોર્ટે 20 અને 21



ફેબ્રુઆરીના પોલીસ સ્ટેશનના CCTV ફુટેજ સાચવી રાખવા હુકમ પણ કર્યો છે.

અરજદારે પોતાની અરજીમાં વધુમાં જણાવ્યું છે કે કિર્તિદાન ગઢવી અને અરજદાર વચ્ચે કોમર્શિયલ સિવિલ પ્રકારનો વિવાદ હતો. જેનું નિવારણ લવાદ દ્વારા લાવી શકાય તેમ હતું. પરંતુ આ સમગ્ર ઘટના પાછળ કિર્તિદાન ગઢવી મુખ્ય માસ્ટર માઈન્ડ છે. સાથે જ જવાબદાર પોલીસ અધિકારીઓ સામે ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે.

અરજદાર જણાવે છે કે તે પોતે એક ઈવેન્ટ ઓર્ગેનાઈઝર છે. જેણે કિર્તીદાન ગઢવી સાથે નવરાત્રિ 2025 ઈવેન્ટનું આયોજન કર્યું હતું. તેઓએ એક પાર્ટનરશિપ ડીડ કરી હતી. પરંતુ પૈસા અને એકાઉન્ટ બાબતે વિવાદ ઊભો થયો હતો.

અરજદારે કોઈપણ પ્રકારનો સાયબર ફ્રોડ કર્યો નથી. તેમ છતાં સાઈબર સેલ ગાંધીનગરના પોલીસ કર્મચારીઓએ સાદા ડ્રેસમાં તેને કસ્ટડીમાં ગોંધી રાખી માર માર્યો હતો. માર મારવા અંગેનું ડોક્ટરનું મેડિકલ સર્ટિફિકેટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું.

વળી અમદાવાદમાં યોજાયેલી ઈવેન્ટને લગતી કોઈપણ ફરિયાદ ગાંધીનગરની હદમાં આવતી નથી, તેમ છતાં કિર્તિદાનના કહેવાથી પોલીસે આ પગલું ભર્યું હતું. કારણ કે નવરાત્રિમાં પોલીસે અધિકારીઓને આપવા માટે 8,000 થી વધુ ટિકિટો લીધી હતી.

ઉલ્લેખનીય છે કે અરજદાર જયેશ પરમાર ઉપરાંત સંજય દેસાઈ અને રવિકુમાર શાહ દ્વારા ગાંધીનગરની કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી.જે મુજબ CID ક્રાઈમ, ગાંધીનગર ખાતે નોંધાયેલી ફરિયાદ સાથે સંબંધિત છે. જેમાં આરોપ એવો છે કે અરજદારોએ ઓનલાઈન પ્લેટફોર્મનો દુરુપયોગ કરીને લગભગ 65 હજાર કોમ્પ્લિમેન્ટરી ટિકિટોને પેઈડ ટિકિટ તરીકે વેચીને 08 થી 10 કરોડ રૂપિયાનો આર્થિક ફાયદો મેળવી છેતરપિંડી કરી છે.

ગાંધીનગરની કોર્ટે નોંધ્યું હતું કે FIR નોંધાયાને ઘણો સમય થયો હોવા છતાં અરજદારોને કોઈ નોટિસ આપવામાં આવી નથી અને અન્ય ફરિયાદો પણ ધ્યાને લીધી હતી, અરજદારોને કોર્ટે શરતી આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

